





(શેઠ ખ. રૂ. કામાવાળો ઈનામનો રેસાલો.

જરતોશ્તી જવાહિરો

યાને

અશો પેગામ્બર સપિતમાન જરતોસ્તની પવિત્ર
ગાથાવાણીમાંથી, તેમજ પાક અવસ્તા
વાણીમાંથી ચુંટી કહાડેલા

**નેકી અને નીતિ શિખવનારા, ફિલસુફી
અને વિદ્યાનું જ્ઞાન કરનારા, સંસાર
વહેવારની શિખામણ આપનારા**

ચુનંદા ફકરાઓ,

તેમના તરજુમા સાથે

ભેગા કરનાર

પાહલનજી બરજોરજી દેશાઇ.

તે "તારીખે શાહાને ઇરાન" વગેરેના કર્તા.

રાહનુમાએ માજદયસ્નાન સભાની

મારફતે

શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજીએ

આપેલાં રૂ ૧૨૫) નાં ઇનામનો

આ નિબંધ

એ સભાની પરવાનગીથી છપાવી પ્રગટ કીધો છે.

મુંબઇ:

શ્રી. જ. ન. પીતીત પારસી ઑરફનેજ કેપતન

પ્રિંટીંગ વર્કસ.

૧૯૦૧ ઇસ્વી. ૧૨૭૧ યજદેજર્દી.

આ રેસાલા વિશે ખોલાસો.

રાહનુમાએ માજદયસ્નાન સભાની કારોબાર મંડળી હસ્તક શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાએ નીચે જણાવેલાં નામ અને વિગત સાથનો એક ઇનામનો રેસાલો લખાવી માંગ્યો હતો:—

"અશો જરતોસ્તની શાગેર્દી : યાને પેગામ્બર સાહેબનાં ફરમાનોમાંનાં થોડાં થોડાં જરતોશ્તીઓને દરરોજ વાંચવાને તથા મનન કરવાને બની આવવા માટે વર્ષના ૩૬૫ દાહાડામાંના દરેક દાહાડાનાં નામની મતલબને વધતાં યા ઓછાં બંધબેસતાં આવે એવાં ફરમાનો અવસ્તાવાણીમાંથી ટાળવી કાહાડી, તેમને બારે મહિનાના દરેક રોજની નીચે લાગુ પડે એવી રીતે ગોઠવીને એક સંગ્રહ બનાવવો.

"મી૦ અર્નેસ્ટ એમ. બાઉડને 'The Imitation of Buddha, Quotations from Buddhist Literature for each day in the year'

એ નામનો એક નાનો ગ્રંથ ૧૮૯૧ નાં સાલમાં પ્રગટ કીધો છે તેની ધોરણ ઉપર આ રસાલો લખવો, પણ લખનારે અવસ્તાવાણીમાંના અસલ ફકરા ગુજરાતીમાં એક સફા ઉપર ઉતારી લઇ સામેના સફા ઉપર તેમના ઇંગ્રેજી અથવા ગુજરાતી તરજુમા આપવા.

"રસાલો આવતા માર્ચ માસની આખરી સુધીમાં ઉપલી સભાના ઑનરરી સેક્રેટરી મી૦ પાહલનજી બરજોરજી દેસાઇ ઉપર મોકળી આપવો. અને ઠરાવેલી કમિટી જે નિબંધ પસંદ પડશે તે લખનારને રૂ. ૧૨૫ નું ઉપલું ઇનામ મળશે."

ઉપલી સભાની કારોબાર મંડળીને આ બાબત-માં બે રેસાલા મલ્યા હતા, જેમની તપાસ કરીને એરવદ કાવસજી એદલજી કાંગાએ રિપોર્ટ કરતાં નીચે મુજબના વિચારો જણાવ્યા હતાઃ—

"જત તા૦ ૩ જી આગસ્ટ સને ૧૯૦૦ ના પત્ર સાથ "અશો જરતોસ્તની શાગેર્દી" બાબે લખાઇ આવેલા બે રીસાલા તપાસવાને માટે તમો

સાહેબે મારી ઉપર મોકલીઆ હતા તે મેં બારી-કીથી તપાસીઆછે અને તેનો રીપોરટ નીચે મુજબ લખી જણાવાની રજા લેઉંછુંજી.

"એ બે રીસાળાઓમાં "અર્બુખ્ધો વાક્ષ યાહિ વેરેથ્રજાંસ્તેમો"વાળી નીશાનનો રીસાલો સરસ નીવડયો છે. એના લખનારે રીસાળાની બધી શરતો પુરી પાડીછે. શરતમાં જણાવીઆ મુજબ આપણા મહીનાઓના દરરોજના મથાળાં હેઠલ, બની શકીઉચ તેમ, બંદબેસતા અવસ્તા તેના અર્થ સાથે આપીઆ છે. એથી ઉલટું એ રીસાળાના બીજા લખનારે અવસ્તાના ફકરા મુદલ આપીઆ નથી, તથા અંગ્રેજી બાર મહી-નાની દરેક તારીખના મથાળાં હેઠલ અવસ્તામાં આવેલા ફકરા તથા વાકયોના ફકત અંગ્રેજી તરજુમા આપીઆ છે. ધાર્યામેજો એ લખનારે માંગેલી શરત ઉપર ધેઆન આપીઉ નથી.

"અનુંખ્યો વાક્ષ યાહિ વેરેથ્રજાસ્તેમો"ની નીશાનવાળા લખનારે, જોકે બની શકીઉ તેમ, દરરોજને મલતા તથા તેને બંધબેસતા અવસ્તા, તેના અર્થ સાથે આપવાની કોશેશ કીધીછે, તોપણ કેટલેક ઠેકાણે અવસ્તા તેના રોજને અનુંસરતા નથી......સેવટે, એ રીસાળો ઠેરવેલાં ઈમાનને માટે લાએક જણાયોછે: પણુ એલતેમાસ કરૂંછું કે, છપાવા આગમચ, લખનારે એક વખત ફરીથી, આખો રીસાળો બારીકીથી જોઇ જવો, કારણુ કે, તેમાં સુધારો કરવાને માટે જગા નીકળશે એમાં તો શક નથી."[1]

મજકુર રિપોર્ટ મુજબ પરીક્ષકે પસંદ કરેલા રેસાલાવાળા તખલ્લુસનું પરબિડું ઉખેડતાં કારોબાર મંડળીને સભાના આનરરી સેક્રેટરી મી૦

---

૧ પરીક્ષકની આ ભલામણ મુજબ લખનારે પુરેપુરો અમલ કીધો છે.

પાહલનજી બરજોરજી દેસાઈનું નામ જણાયાથી તેમને ઉપલું રૂ. ૧૨૫) નું ઇનામ આપવામાં આવ્યું છે.

હાલમાં જરતોસ્તીઓમાં ધર્મ કેળવણી બાબે ચર્ચા ચાલુ છે તે દરમિયાન આ રેસાલો છાપી પ્રગટ કરવાનું દુરસ્ત જણાયાથી તેમ કરવાની પરવાનગી મી० પાહલનજીને કારોબાર મંડળીએ ખુશીથી આપી છે.

ખ. રૂ. કામા,

રાહનુમાએ માજદયસ્નાન સભાની કારોબાર મંડળીના સરનશીન.

દીબાચો.

આજે સુધરેલી દુનિયાના ધર્મ સુધારકો સર્વથી ચઢતે દરજજેની નીતિનું શિક્ષણ લોકોને આપવાને આતુર જણાયછે. એ માટે ઉત્તમમાં ઉત્તમ શિક્ષણની શોધ ચાલેછે અને પુરાણા મજહબોનાં દફતરોના સફા ઉથલાવવામાં આવેછે. વળી આ સુધરેલી પ્રજા ઉગમણુ ભણીના પુરાણા ધર્મોનાં ભાષણો પૈસા ખર્ચીને સાંભળવા લાગીછે. એવા એ ધર્મોનાં પુસ્તકો તેમને હાથ લાગ્યાં છે, જેમાંથી ઉત્તમ નીતિના અનેક સબકો મળી આવેલા મનાયછે. આ ઉંચે દરજજેનાં શિક્ષણને વધારે મોતેબર મરતબો એમ મળ્યો છે કે તેઓમાં માણસજાતને બહુજ નમ્ર થવાની જાબજા તાકીદ ફરમાવી છે. જાતભાઇઓ તરફ સખી રીતે વર્તવાનાં આવાં કીમતી ફરમાનોને લીધેજ નહિ, પણ

માણસજાતથી ઉતરતાં પ્રાણીઓ ભણી દયા દેખાડવાના હુકમો આપેલા છે તેથી પણ આ પુરાતન મજહબોને દયા અને સખાવતના ઉત્તમ કાનુન ઉપર રચાયલા ગણી માન આપવામાં આવેછે. આ બેમાંનો એક ધર્મ કાંઇપણ ચેતન શકિત ધરાવનારાં પ્રાણીઓ તર્ફ, ત્યારે બીજો તમામ જાનદાર પશુ, પંખી, જળચર અને જંતુ તર્ફ દયાળુ થવાનો બોધ કરેછે, અને તેમ કરવાની ઇનસાન જાતની ફરજ શિખવે છે.

હવે આવા ઉત્તમ બોધ શિખવનાર ધર્મો વિરૂધ બોલવાનું કાંઇ નથી. પણ સઘળે ઠેકાણે નમ્રતા વાપરવા અને બધીજ બાબતમાં દયા દેખાડવાનું શિક્ષણ આપનારા ધર્મો તર્ફથી દુરઅંદેશ ઇનસાનનું દિલ ઉઠતું જાય છે. આ દુરઅંદેશીઓ કહેછે કે દયા અને સખાવત ઉપર રચાયલા ધર્મો આલમના હકમાં સઘળો ફાયદોજ કરતા હોય

એમ નથી. તેઓ, અને આજની વિદ્યા સાથ ધર્મને સરખાવી જોઇ અનુમાન બાંધનારાએ કહેવા માંગે છે કે ખરો ઉત્તમ ધર્મ તો તે કે જેનો પાયો દયા અને સખાવત જોડે ઇનસાફ ઉપર રચાયો હોય. જે મજહબમાં ઇનસાફનું શિક્ષણ પુરતું ન હોય તે ઝાઝો ફાવે નહિ. આ વાત ખરી છે કે સર્વથી શ્રેષ્ઠ અને સર્વથી નેક વિચારો અને ફરમાનો આપનાર મહા પુરૂષો તેવાજ ઉત્તમ ગુણો ધરાવનારા હોવા જોઇએ; અને ઉપલા બંને ધર્મોના સ્થાપકોના ઉત્તમ ગુણોની આજે સુધરેલી આલમ સ્તુતિ ગાય તેમાં નવાઇ નથી. પણ ઉત્તમમાં ઉત્તમ જો એકલી દયા અને સખાવતનો કાનુન હોય તો ઇનસાફના હિસ્સા વિના તે અધુરો સાબેત થશે. માણસને જો નેકીના રસ્તા ઉપર મુકવાની ધર્મની ફર્જ હોય તો ઇનસાફ તર્ફના પ્યાર વિના નેકીના મેહલના દરવાજા ઉઘડવાના નથી. દયા અને

સખાવતનો અમલો ઇનસાફ વિના અધુરો છે. એટલામાટે ઉત્તમમાં ઉત્તમ ધર્મની શોધ કરવી હોય તો જેનો પાયો દયા અને સખાવત જોડે જોઇતા ઇનસાફ ઉપર રચાયો હોય તેવા ધર્મની તે થવી જોઇયે. ઉપલા સુધરેલી દુનિયાના દુરઅંદેશીઓનું કહેવું એજ ભાવાર્થ ધરાવે છે અને ધર્મસુધારા માટે આતુર દરેક જીજ્ઞાસુ પણ એવાજ અભિપ્રાય ઉપર આવીને અટકવા માંગે તો તેમાં અજબ થવાનું નથી.

આમ છે ત્યારે ઇનસાફ ઉપર પોતાનો મુળ પાયો બાંધનાર મજહબની શોધ થવી જોઇએ. અને એ શોધ કરવાનું કામ આજે મુસ્કેલ નથી. એ મજહબ મજદયસ્નની જરતોસ્તી છે. દુનિયાના બે હજારથી બાવીશ શો વરસ જેટલા પુરાણા ઉપર ઇશારો કરેલા દયા અને સખાવતનું શિક્ષણ આપનારા બંને મજહબો આગમજ જે વધારે

પુરાણો મજહબ સ્થાપીત થઇ ચુકયો' હતો તે જરતોસ્તી મજહબ છે, કે જે દુનિયાની અચરતી વચે પોતાની ઉપર ગુજરેલા અસંખ્યાત ગજબો છતાં હૈયાતી ભોગવતો આજ સુધી બચેલો છે. કેયાની પાદશાહ ગુશ્તાસ્પની મદદથી હજરત જરતોસ્તે સ્થાપેલો આ સર્વથી પુરાણો હયાત ધર્મ યુરોપ અને અમેરિકાના મજકુર દૂરઅંદેશીઓના માંગવા મુજબના ઇનસાફનાં કાનુન ઉપર રચાયલો છે. અગરજો એવા ઇનસાફી કાનુન ઉપર રચાયલા મજહબનીજ ખોળમાં નવી સદીની ધર્મસંબંધી ફિલસુફી માર્ગ લેવા માંગતી હશે તો તેને માટે કોઇ નવા પેગમ્બરે જન્મ લેવાની અગત્ય માલુમ પડવાની નથી, કેમકે તે અગત્ય જરતોસ્તનો ચારથી પાંચ હજાર વરસનો પુરાણો મજહબ પુરી પાડી શકે એમ છે. એમાં માણસ જાત તર્ફે સર્વદા દયા અને સખાવતથીજ વર્તવાનાં ફરમાનો શોધવા

જનારને મલનાર નથી, કેમકે તેવાંજ સઘળાં ફરમાન દુનિયાને ફાયદાને બદલે નુકસાન કર્તા થઇ પડવાનો સંભવ છે. પણ એમાં તો ઇનસાફ અને ઇનસાફ જાબજા નજર આવશે. ભલું વિચારો, ભલું બોલો, ભલું કરો—તેનો બદલો આ દુનિયાનાં સુખ અને પેલી દુનિયાનાં નિર્વાણમાં મળશે; બુરૂં વિચારે- બુરૂં બોલો, બુરૂં કરો—તેને બદલો આ જેહાના નાં સંકટ અને પેલી જેહાનનાં પશ્ચાતાપમાં મળશે. સારાં નરસાંનો ઇનસાફ થશે અને શેવટે નેકીની ફતેહ થશે. નેકી અને બદી વચ્ચે સર્વદા ઝગડો ચાલુ રહેશે, પણ અંતે નેકીજ ફાવશે. માણસ ગ્નાની છે; તેની આગળ બે રસ્તા ખુલ્લા છે: એક ભલો, બીજો બુરો. એ બેમાંથી જે તે પસંદ કરશે તે મુજબનો તેનો ઇનસાફ થશે; તે મુજબનું પરીણામ તેને હાંસેલ થશે. બલાંનુ ભલું, બુરાંનુ બુરૂં.

આ સઘળું જરતોસ્તનો મઝહબ શિખવે છે. પણ આ તો મરણ પછીના ઇનસાફની વાત થઇ. પણ જીંદગી દરમિયાન ઇનસાફ કયાં છે ? બદ માણસને માફી બખ્શવી કે સજાએ પુગાડવો ? એ બાબે જરતોસ્ત આપણને એમ સમજાવવા માંગે છે કે જેવી કામ બને તેનો ઇનસાફથી તોલ થાય છે, અને દાદાર તે ઇનસાફ કરે છે. તે પોતાના એકજ ખોદા હોરમજદથી જાણવા માંગે છે કે જુઠા, ઠગારા, રાસ્તીથી નારાજ, અને નેકીના વધારાથી નાખુશ માણસોને હું કેવી રીતે દૂર કરૂં ? (ઇજ૦ હા ૪૪, ફ૦ ૧૩). વળી તે જાણવા માંગે છે કે જુઠાઇને તોડવા, બદ માણસોને પાયમાલ કરવા, અને કાવત્રાં તથા દગાબાજીનો ફેલાવો અટકાવવા માટે ઠગાઇને રાસ્તીના હાથમાં તેની લાયક સજાને માટે કેવી રીતે આપું ? (૪૪-૧૪). આ રીતે દુષ્ટ માણસોને મારી હટાડવા

અને સજા કરાવવાની ખાહેશ રાખીને જરતોસ્ત તે માટે હોરમજદની મદદ માગે છે.

પણ તેના માગેલા ઇનસાફની હદ એટલીજ દીસતી નથી. અગરજો કોઇ વધારે મોટો તકસીર-વાર હોય તો તેને તો તે જીંદગીથી ગગડાવી નાખવા માંગે છે (૪૬-૫); અને ખરેખર પોતાના એક મોટા દીન દુસ્મનની શેકસ્ત જરતોસ્ત પોતાની નેકીની ફતેહને માટે ઇચ્છે છે. તે અર્જ ગુજારે છે કે હું તો નેકીના તરીકાથી બેદિલ થયલાઓને રાસ્તીની મારફતે રાજી કરવા ઇચ્છું છું, તોપણ મારા સૌથી જોરેમંદ દુસ્મન (બેન્દ) મારી સામે થયા કરે છે માટે મારી નેક મનશાનીથી હું તેની હાર શોધુંછું (૪૯-૧). અહીં ત્યારે બુરામાં બુરા માણસને થકી લાયક સજા અપાયલી આપણ જોઇએ છીએં, અને તે જરતોસ્તી ઇનસાફનો તરીકો દેખાડે છે.

એ રીતે આ તેમજ પેલી દુનિયામાં જરતોસ્તી દીન ઇનસાફ્થી નેકી અને બદીનો બદલો અપાવવા માંગે છે. જરતોસ્ત પોતાને થકી રાસ્તી અને નેક વિચારની બખ્શેશ માંગેછે (૨૯-૧૧), એવી મતલબથી કે દીનના ફેલાવાને થકી પોતે લાયક થઇ શકે. એક વાર હોરમજ્દની પસંદગી પોતાની ઉપર ઉતર્યાં પછી જરતોસ્ત તન મનથી દીનના ફેલાવાનાં કામ ઉપર મંડયો, કેજે દીનની સ્તુતિ તે ઘણાજ થોડા શબ્દોમાં કરે છે. પોતાના જમાનાની સઘળી મોજુદ દીનોમાં તે તેને સર્વોત્તમ ગણે છે, અને ખુબીમાં જણાવે છે કે એ દીનનો મદાર રાસ્તી ઉપર બાંધેલો હોવાથી તે માલ મિલ્કતને આબાદ કરે છે, અને સંપૂર્ણ મનશનીના કલામાથી ભરપુર હોવાને લીધે તે માણસ જાતને સદાચારી અને નીતિવાન કામો કરવાને શક્તિવાન બનાવેછે (૪૪-૧૦).

સદાચારી અને નીતિવાન માણસનો સદા જય છે, એ સાચો સિધ્ધાંત આજ કાલનો નહિ પણ જરતોસ્તના જમાના જેટલો જુનો છે. એ અશો પેગામ્બર પોતે ઇનસાફની લગામ પરવરદેગારને સોંપતાં કહેછે. કે તું સાહેબે સદ્‌ગુણી માણસને માટે સુખાકારી અને અમર્ગી મુકરર કીધાં છે, અને તેવા માણસંને તુ હર વકતે શક્તિ અને જોર બખ્શે છે (૪૫-૧૦). સારાં નરસાંનો ઇનસાફ કરનાર હોરમજદ પોતે છે (૨૯-૪), એમ તો જરતોસ્ત જાબજા ફરમાવી જાયછે. સારાં નરસાં વચ્ચે તે કેવડો મોટો તફાવત સમજાવી જાયછે તે આ ઉપરથી જણાશે:—જે કોઇ દુષ્ટ માણસને મદદ કરે તેને બુરો સમજવો; તથા જે નેકને મદદ કરે તેને નેક જાણવો (૪૬-૫). એજ ઉત્તમ નિયમને તે વળી તરતજ આ શબ્દોમાં પાછો સમજ પાડે છે કે—જે કોઇ દુષ્ટ ને માટે

ઘણો સારો તે પોતે દુષ્ટ છે; જેને માટે રાસ્ત પ્યારો તે પોતે રાસ્ત છે (૪૬–૬). એજ તરીકા ઉપર તે બાપોકાર જણાવે છે કે—દુષ્ટને માટે હું એક જોરાવર દુશ્મન અને રાસ્તને માટે એક જબરો ખુશહાલી આપનાર થવા ઇચ્છુછું (૪૩–૮).

અહીં પાછો ઇનસાફનો કાનુન આવી ઉભો રહે છે; અહીં કાયદા મુકરર થાયછે. અને ઇનસાફના એ કાયદા ક્યાંથી આવ્યા? પેગામ્બર સાહેબના આ શબ્દો છે કે—"અએ હોરમજ્દ! એ પ્રમાણેના સૌથી પહેલા કાયદા તેં મુકરર કીધા છે (૪૬–૬). આ ઇનસાફી કાયદાઓમાં બુરા અને ભલા વચેના મોટા તફાવત વિશે વારંવાર સમજણ આપવાની જરતોસ્તે જરૂર વિચારી છે, કેમકે તે ફરીફરીથી ફરમાવે છે કે શેવટે "બુરાને માટે શિક્ષા છે," પણ "જે કોઈ રાસ્તીને ટેકો આપે છે તેને માટે સુખાકારી છે"

(૫૧-૮); વળી "અએ હોરમજદ! બને દુનિયાઓમાં પાપીને તું શિક્ષા કરેછે અને નીતિવાનને તું સુખ આપેછે" (૫૧-૯).

આ રીતે ઇનસાફના કાનુનવાળો જરતોસ્તનો પુરાણો મજહબ નેક વિચાર, નેક વચન અને નેક કામનાં ત્રણ મૂળ પગથિયાંઓ ઉપર રચાયલો છે (હા ૧૦, ૧૨, ૬૦). સચાઈ અને નેક મનસ્નીને તેણે ઉત્તમમાં ઉત્તમ નેકી ગણી છે, અને તેમનેજ એખ્તિયાર કરીને બીજાઓને તે એખ્તિયાર કરવા ફરમાવ્યું છે (૨૮-૧૧; ૨૯-૧૧; ૪૮-૧૧; ૫૧-૨). જરતોસ્ત જેટલું ફરમાવી ગયો નથી તેટલું તે દાખલાથી સમજાવી ગયો છે. કહેવું એક અને કરવું બીજું, એ તેનો તરીકો ન હતો; તેમજ કરવું કે નહિ, તે સવાલ બાજુએ રાખીને સઘળું ખાલી ફરમાવી જવાના પણ તેનો તરીકો દીસતો નથી. તે જેટલું જબરદસ્તીથી માન્ય

કરાવતો નથી, તેટલું પોતાનો દાખલો આપીને તે મુજબ ચાલવાનું આડકતરી રીતે તે શિખવે છે. તે બાપુકાર રાસ્તી અને નેક મનસ્નીનું રણશિંગડું ફુંકી ખાલી બકબકારો નહિ કરતાં પોતે રાસ્તી અને નેક મનસ્નીને પસંદ કરી એખ્તિયાર કરે છે, અને એ ઉત્તમ નીતિઓથી પોતાને અને આલમને ફાયદા હાંસેલ થતા જણાવે છે (૨૮–૨; ૪૯–૩). એથી ઉલટા ચાલિયે તો ઉલટું જ બને છે તેબી તે કહે છે; અને આમ કહીને પછી એ એમાંથી શું એખ્તિયાર કરવું તે પોતાનું સાંભળનારાઓની મુનસફી ઉપર તે રાખે છે (૩૦–૨). તોપણ તે તેમને જાબજા ચેતવે છે કે નેકનો અંજામ નેક અને બદનો બદ છે (૪૭–૧, ૪).

જરતોસ્ત પોતાની ઇરાની કોમનેજ સર્વોપરી ગણી જતો નથી. ન્યાત જાતના તફાવત જેવું તે સમજી કે સમજાવી ગયો નથી. તેણે

પોતાનો ધર્મ સમજાવ્યો ત્યારે નેકી અને બદીના જે બે રસ્તા બતાવ્યા તે એકલા ઇરાનીઓને માટેજ ન હતા. તેણે દરેકને પોતાની મરજી ઉપર છોડી દીધોછે. ઇનસાનને હોરમજદે અકલ બખ્શેલી છે, માટે તેણે તે અકલનો ખર્ચ કરીને પોતાની મરજી પડે તે માર્ગ એખ્તિયાર કરવાનું જરતોસ્તે ફરમાવ્યું તે એકલા ઇરાનીઓનેજ માટે ન હતું. તે તો અકલનો રૂડો ખર્ચ કરનારને પસંદ કરી ગયો છે, અને તેવા રૂડા અકલમંદો તેને તુરાન જેવા દેશના ફ્રિયાન જેવા ખાનદાનીઓ પણ જણાયા છે, જેમનું નામ દઇને તે તેમની રાસ્તીની સ્તુતિ કરી ગયો છે (૪૬–૧૨). આ ઉપરથી જણાય છે કે જેબી હમદીન કે જુદદીને ભલી મનસ્નીથી રાસ્તી એખ્તિયાર કીધી તે જરતો-સ્તી દીનના તરીકા મુજબ ચાલ્યો છે, અને તેટલા માટે તે ગોયા જરતોસ્તીજ છે, અને તેથી તે ભલાં ઇનામને લાયક થયો છે.

માણુસ જાત તર્ફની ખરી દયા તે આ છે. હુમદીનને માટે બેહસ્ત અને જુદદીનને માટે દોજખ—એ જરતોસ્તના સખી મજહબનું ફરમાન નથી

રાસ્તીથી સર્વે નેકી છે; રાસ્તીની અંતે ફતેહ છે (૫૧-૧૩); માટે રાસ્તીની જરતોસ્તે જાબજા તારીફ કીધી છે. રાસ્તીની બખ્શેશ પોતે હર પળ માંગીને અંતે તે હાંસેલ કીધી છે: રાસ્તી હાંસેલ કરવાની બીજાઓને શિખામણ દીધી છે; રાસ્તીના પાયા ઉપર પોતાની દીન રચી છે, એટલુંજ નહી પણ હોરમજદની પાદશાહી પણ રાસ્તી અને નેક મનસ્નીને લીધેજ કાયમ રહેલી તે જણાવે છે (૪૮-૯; ૩૧-૬). તે ફરમાવે છે કે હોરમજદની પરસ્તેશ રાસ્તી ઉપરજ આધાર રાખે છે (૪૮-૧); અને નેક મનસ્નીનાં ફળ દાખલ સભ્યતા, ભક્તિ, સખાવત,

પવિત્રાઈ, ઉદ્યોગ, દિયાનતદારી, અને બીજા હજારો સદ્‌ગુણો જન્મ પામે છે, કે જે સર્વને જરતોસ્તે વખાણ્યા છે. એ રીતે જે મજહબનો પાયો રાસ્તી અને નેક મનસ્ની ઉપર હોય તે આ સર્વે સદ્‌ગુણોનાં જવાહિરોથી શણગાર પામેલો સાબેત થવો જોઇયે. તે જવાહિરોના મોટા ભાગનો આ પુસ્તકમાં સંગ્રહ કરેલો છે.

જરતોસ્તે સઘળીજ કિસમનાં માણુસ જાતને પસંદ કીધા નથી, તેમ તેણે સઘળી કિસમનાં ઉતરતાં પ્રાણીઓને કબૂલ રાખ્યાં નથી. જેમ નેકીના માર્ગ ઉપર ચાલનારાઓને તેણે ભલા બદલાનાં ઇનામથી પોતાની દીન તર્ફ ખેંચ્યા છે, તેમ જે પશુઓ માણુસ જાતનો વિશ્વાસ મેલવી તેને માટે ઉપયોગી સાબેત થયલાં છે તેવાં સર્વ ગોસ્પંદોને આબાદ રાખવાનું તે શિખવી ગયો છે, તેમની ખરાબી કરનારાઓને બુરા ગણી

ગયો છે (૪૮–૬), અને તેમનું પોષણ કરવા માટે માણસે મહેનત કરવીજ જોઇયે એમ ખુલ્લું ફરમાન આપી ગયો છે (૪૮–૫). યજસ્નેમાં ગાય બળદ જોડે ઘોડાનું નામ પણ જોવામાં આવેછે, કે જેમની પરવરશી કરવાની તેમના ધણીઓની ફર્જ બતાવેલી છે (૧૧-૧,૨). વળી વંદીદાદમાં જાતજાતના કુત્રાઓની પરવરશીની બિના આવી છે (પરગ૦ ૧૩). એ રીતે માણસે પોતાથી ઉતરતાં ખરાં ઉપયોગી પ્રાણીઓ તરફ દયા કરવાનો કાનુન જરતોસ્તનો મજહબ શિખવી જાય છે; અને ખરેખર જે પ્રાણીઓ માણસને ઉપયોગી ન હોય તેમની પરવરશી કેવી રીતે થઇ શકે? ફાડી ખાનારાં પ્રાણીઓ, જેઓ માણસનો જીવ લેછે તેમને તો જરતોસ્તે દુષ્ટ માણસો સાથ સરખાવ્યાં છે, અને બંનેથી નેક અને રાસ્ત માણસે દૂર નાસવા

જણાવ્યું છે (ઇજ૦૩૪–૯). વળી બીજા ઇનસાનને માટે નુકસાનકારક હોય એવાં જંતુઓનો માણસે પોતાના બચાવને ખાતર નાશ કરવાનું જરતોસ્તી મજહબે ગુનાહભરેલું નહિ ગણતાં જરૂરનું જાહેર કીધું છે : એટલેજે જેઓ માણસને માટે, તેનાં વફાદાર ઉપયોગી પશુઓને માટે, ખેતીવાડી તથા ભલી સંસારી જીંદગીને માટે, નાશકારક હોય તેમને તેવો નાશ કરતાં અટકાવવા અને મારી કહાડવા અને નાબુદ કરવાનું જરતોસ્તી ધર્મનુ શિક્ષણ છે.

અહીં પાછો ઇનસાફનો કાનુન જળવાયોછે. પશુઓ અને જંતુઓ થયાં માટે તેઓ આપણી એકસરખી દયાને લાયક ઠરતાં નથી; પણ જેમ દુષ્ટ માણસો સજાને લાયક છે તેમ ફાડીખાનારાં પશુ અને નુકશાન કરનારાં ખરફસ્તરો પણ સજાને લાયક છે. એ રીતે જે ઇનસાન તેમજ

હેવાન હોરમજ્દની પેદાયશને ફાયદો કરનારાં હોય તેમને ભલાં ગણી ઇનામ અને પરવરશીને લાયકનાં ઠરાવ્યાં છે, અને તેમ કરીને દયાનો કાનુન જાળવ્યો છે; પણ તેજ વકતે જે ઇનસાન અને હેવાન પેદાયશની હાનિ કર્તા હોય તેમને બુરાં ઠરાવીને તેમનાં બુરાં કામથી વેગળાં કરવા સજાને લાયક ગણ્યાં છે, અને એમ કરીને ઇનસાફના વધારે મોટા કાનુનનેં જાળવ્યો છે.

અને ખરેખર આજના એલમ અને ફિલસુફી-ના જમાનામાં આ બેવડો કાનુન—ધર્મમાં ઇનસાફ અને દયાનો ભેળ—વાસ્તવિક જણાયા વિના રહેશે નહિ. આંખ મીચીને બુરા તર્ફ ભલાઈ બતાવવામાં આયંદેહ આલમને લાભ ઠરશે નથી; પણ આંખ ઉઘાડી રાખીને ભલાને ભલાઇનો બદલો આપવાનું અને બુરાને બુરાઇની સજાએ પહોંચાડવાનું ફરમાન દુરસ્ત અને દરોબસ્ત દીસે છે. એમ હોવાથી

માણુસને બુરે માર્ગે જતાં મોટો અટકાવ નડેછે: ભય તેની સામે આવીને ઉભું રહેછે; પોતાનાં ફેલનાં ફળ આકેબત ખાવાં પડશે એવી ધાસ્તીથી કોઇની મદદ કે રોસ્તેગારી ઉપર મદાર બાંધવાનું તેને ફાવતું નથી. આજે મરાય એટલી બદીની મજાહ મારી લો, કેમકે કાલે તો આપણને બચાવી લેવામાં આવનાર છે, એવા ખિયાલની ગેરહાજરીમાં માણુસને સુધરવાની ઘણી વકા રાખી શકાય છે; પણ મારૂં કીધેલુંજ મારી સાથે આવવાનું, અને તેજ મને ઉગારવાનું યા ડુબાડવાનું, એવી તાકીદનાં ફરમાન (૪૭–૨,૫; ૪૯–૧૧; ૫૧–૧૩) જોઇને માણસ એકદમ અને યાહોમ બદી તર્ફ દોરવાતો નથી, પણ આકેબતની સજાને થકી ઘણો ડરે છે. એ બીક તેની આ ગેતીના તેમજ આવતી મીનોઇ જીંદગીને થકી ઘણી ગુણકારી છે. એ બીકને લીધે તે આડો જતો

અટકે છે, ભલી મનસ્ની અને રાસ્તી એખ્તિયાર કરતાં શિખે છે, અને પોતાની આજની હાલત તથા આવતાં ભવિષને સમારે છે.

એ સઘળું જરતોસ્તનો મજહબ શિખવે છે, અને એટલાજ માટે જરતોસ્ત પોતાના જમાનાની મોજુદ દીનોમાં પોતાની દીનને સર્વથી ઉત્તમ જણાવી ગયો છે. બીજી દીનો વિશે ચુનોચેરાનો એક શબ્દ પણ આ ઠેકાણે બોલવાનો નથી ; માત્ર એટલીજ યાદ એકવાર ફરીથી આપીને આગળ ચાલવાનું છે કે ફકત દયાનાજ કાનુન ઉપર રચાયલી દીન તર્ફે નારાજ થનારાઓ ઇનસાફના કાનુનવાળી દીનની માંગણી કરવા નિકળ્યા છે તેમને કોઇ નવી દીનની શોધમાં જવું નહિ પડે એવી એક અતિ પુરાણી દીન તેમની આગળ જાહેર છે, અને તે જરતોસ્તની દીન છે, જેનો મદાર દયા અને દયાથી પણ વધારે ઇનસાફના મજબુત પાયા ઉપર રચાયલો છે.

જરતોસ્તનો મજહબ બીજી વધારે અને જાતજાતની ખુબીઓ ધરાવે છે, પણ તે સર્વના સંબંધમાં લંબાણ કરવાની મારી મતલબ નથી. એ મજહબ ફિલસુફીનું તત્વ પણ ધરાવે છે. સપેનામીનો અને ગનામીનો નામની બે એકેકથી ઉલટી શક્તિઓની એકેકથી ઉલટી અસરો (૩૦–૩, ૪,–૫) છતાં બને શક્તિઓ એકેકને મદદ કરનારી છે, અને તોપણ એ બેમાંની જે દુનિયાની આબાદી કરનારી અને શેવટે નેકીની ફતેહ કરી આપનારી છે, તેનીજ તર્ફ મન લગાડવાનું જરતોશતનો મજહબ શિખવે છે. મર્જીનું છુટાપણું વાપરવાનો ઇનસાનનો હક તે ના પાડતો નથી, કેમકે સારૂં નરસું પસંદ કરવાનું માણસની મર્જી ઉપર રાખીને તે તેને ખોદાએ નિર્માન કીધેલાં સુખ દુખના વિચારથી દૂર રાખે છે.

વળી આ મજહબ નીતિથી ભરપુર છે.

જરતોસ્તની પવિત્ર ગાથાવાણી તમામ નીતિના શબ્દોથી ભરેલી છે. અવસ્તાવાણીમાં જાબજા નેક મનસ્ની, નેક ગવસ્ની અને નેક કુનસ્નીના કલામો મન ઉપર ભલાઇ અને પવિત્રાઇના છાપ બેસાડતાજ જાય છે. ગાથાનો આવો એક એક વાક્ય એક એક નીતિ-પાઠ શિખવે છે. દુનિયાનું તમામ ડહાપણ તેમાં સમાયલું છે. બંદગીને તેમાં અવસ્યની ગણેલી છે, અને તેબી વળી ગાયનરૂપી બંદગી છે (૩૪–૨; ૫૦–૮). આદમીજાદે પોતાના પેદા કરનારની બંદગી તો કરવીજ જોઇયે, કારણકે તે બંદો છે—પેદા કરનાર તર્ફ બંધાયલો છે; અને વળી બંદગીથી પોતાના કિર્તારને રાજી કર્યા બાદ તેણે તેનાથી કાંઇ બખ્શેશ પણ માંગવી જોઇયે—કાંઈ મોરાદ પણ ચાહવી જોઇયે—કાંઇ ફરિયાદની દાદની ખાહેશ પણ દેખાડવી જોઇયે. આદમ તે સઘળું માંગે છે; તે તમામ

સુખ, દોલત, ઇજત, તનદુરૂસ્તી, ફરજંન્દ, સાહેબી, વગેરે માંગે છે. જરતોસ્તબી ખોદાની બંદગી કરવાને કબૂલ થાય છે, તે બંદગીનો પ્રકાર જાણવા અને શિખવા ચહાય છે, પોતાના તનમાં શકિત હોય ત્યાં સુધી તે તે સાહેબની બંદગીનાં ગાયનો ગાયા કરવાનું માથે લે છે; તે તો છેક ગરોથમાન બેહસ્ત સુધી ખોદાતાલાની કીર્ત્તિનાં ગાયનો ગાવા અને પુગાડવાનું જાહેર કરે છે (૪૯-૧૨; ૫૦-૪; ૭, ૧૧; ૫૧-૬). અને એ સઘળાંને થકી તે બખ્શેશ માંગે છે; પણ તે કેવી બખ્શેશ? ઉપર કહી તેવી તમામ જાતનાં સુખની તે બખ્શેશ નથી. તે તો પોતે માથે ઉઠાવેલાં સહાસ કર્મ (યાને દીનના ફેલાવા) માટે જોઇતાં કુવત અને મજબૂતીની બખ્શેશ છે; તે તો રાસ્તી અને નેક મનસ્ની હાંસેલ કરવાની બખ્શેશ છે; તે તો કુદ્રતની રચનાની ખબરદારી હાંસેલ કરવાની બખ્શેશ છે;

તે તો સૂર્ય મંડળ સંબંધી, દુનિયાની માયા સંબંધી, નેકી અને બદીની લડત સંબંધી સઘળું જ્ઞાન મેળવવા માંગે છે; તે તો પોતાની મુફલેસી વેળા હોરમજદનાં સ્મરણની, શત્રુના દોર વેળા કામ કરવાની શક્તિ અને હિમતની બખ્શેશ માંગે છે (૪૩–૧૦: ૫૦–૯, ૧૦; ૫૧–૧૮, ૨૧; ૫૩–૧), અને રાસ્તી અને નેક મનસ્નીનેજ પોતાની દોલત ગણે છે.

એટલુંજ નથી. જરતોસ્ત પોતાની નેક મનસ્ની અને રાસ્તીને લીધે હોરમજદ તર્ફથી બખ્શેશ દાખલ ખુશહાલી માંગેછે અને કહેછે કે મારાં મનમાં હોરમજદની ખુશહાલીછે (૩૨–૧). તે પોતાની નેક મનસ્નીથી પોતાનાં માથે ઉઠાવેલાં દીનના ફેલાવાનાં કામને પાર પાડવા માટે (૩૩–૬) લાંબી જીંદગી માંગેછે (૩૩–૫). વળી તે તો રાસ્તી અને નીતિના જે માર્ગમાં દાદાર હોરમજદ

રહેછે ત્યાં જવા, તેની ભેટ લેવા, તેની દોસ્તીમાં ભેળાવાની. બખ્શેશ માંગેછે (૩૩–૫).

અને આ કિસમની આદમજાદનું ભલું કરવા માટેની સર્વ બખ્શેશો માંગવા અને મેળવવા છતાં જરતોસ્ત ફુલી જતો નથી. તે મગરૂરીથી તદન ખાલી દીસેછે. તે નમ્રતાનું સ્વરૂપ માત્ર છે. તેને તેની માંગેલી મોરાદોમાંના બે સર્વોત્તમ મોરાદો તો મળેલી જણાયછે; જેવી કે—હમેશ સુધીની સારી સુખવાસી જીંદગી; અને પ્રથમ જેઓ તેના શત્રુ હતા તેઓએ શેવટે તેની દીન કુબુલ રાખવી. (૫૩–૧.) અને એ રીતે પોતાની મોટાઇ સાબેત થયા છતાં જરતોસ્ત શેવટ સુધી નમનતાઇ અને સભ્યતા અખ્તિયાર કરી રાખેછે; તે શેવટ સુધી પોતાના પેદા કરનારનો પીછો છોડતો નથી; તેની પાસેથી કાંઇ ને કાંઇ ખબરદારી મેળવવાની આરઝુ રાખે છે;

પોતાનાં દરેક કામને થકી તે હોરમજદની દયા માંગેછે (૩૩—૧૧). તે પવિત્રાઇ શોધેછે, પોતાની સભ્યતાને લીધે કુવત, અશોઇને લીધે હિમત અને જોર, અને નેક મનસ્નીને લીધે સરદારી માંગેછે (૩૩—૧૨). અનેક ઠેકાણે તે હોરમજદની મદદ અને દોસ્તી ઇછેછે, અને પોતાની રાસ્તી તથા નેક નૈયત ઉપર પોતાની માંગણીનો આધાર બાંધેછે. પોતાના આ અને બીજા એવાજ અનેક સદ્‌-ગુણોથી હથિયાર બંધ થઇ તે હોરમજદના ગરીબોને આશ્રા આપવા માંગેછે (૩૪—૫). પોતે કોણ ઉપર પોતાનો મદાર બાંધી બાહેર પડયોછે તે તો તે અનેક ઠેકાણે કહી ચુકયોછે, અને તેમ એક ઠેકાણે એકવાર ફરીથી તે આ મુજબના સખુનોમાં પોતાનું રક્ષણ શોધેછે કે—"અએ રાસ્ત! તારા સિવાય બીજા કોઇને હું ઓળખતો નથી, માટે અમોને તું બચાવ! (૩૪—૭).

જરતોસ્ત ખગોળવિદ્યાનું કેટલેક દરજ્જે જ્ઞાન ધરાવતો હોવો જોઇએ. તે આ પૃથ્વીને અનેક ઠેકાણે ગોળ અને ફરતી જણાવેછે (૩૪–૧૪; ૪૪–૬); દાદર હોરમજ્દે સર્વ આકાશી ગોળાઓના માર્ગ (orbit) મુકરર કીધેલા તે સમજી શકયોછે; ખોરશેદની રોશની અને ગર્મીની ખુબી તેને માલુમ હોય એમ જણાય છે (૪૪–૫); ચંદ્રની વધઘટ બાબે પણ તે ખબરદારી ધરાવતો લાગે છે (૪૪–૩); અને આકાશમાં દેખાતા તારાઓ અને ગ્રહો, સૂર્ય અને ચંદ્ર, એ સર્વ ફરતા ગોળાઓ છે, એવી તેની માહિતગારી સાબેત થાયછે (૪૪–૫).

આ સઘળું ગાથાવાણી ઉપરથી જાહેર થાયછે. જરતોસ્તના બનાવેલા પાંચ ગાથાનાં પવિત્ર ભણતરો આજ સુધી જળવાઇ રહેલાં છે, તેમાં ઉપર દર્શાવ્યા મુજબનાં જવાહિરો પ્રકાશ

આપેછે. તે જવાહિરોનો મોટો સંગ્રહ આ નાની કેતાબમાં ભેગો કીધો છે. ઇજસ્ને (૫૭-૨૦) મુજબ ગાથા ઉપરાંત "પાપો" અને "પઇ-રિગાઓ" નામનાં ભણતરો હયાત હતાં. ખુદ હયાત ગાથા ઉપરથી, ખુદ પેગામ્બરના પોતાના શબ્દો ઉપરથી, આ અટકળને ટેકો મળેછે. તે પોતાના મૂળ આધાર અને એકના એક સાહેબને આ શબ્દોમાં વિનવે છે કે—"મારાં દિલના ઉભ-રાનાં કવિતારૂપી ગાયનો, જે પુરતી રીતે જણાયલાં છે, તે સાથે આજેજીથી મારા બંને હાથો ઉંચા કરીને, અએ હોરમજદ, તને હું મળવા ઇછું છું." (૫૦-૮). અહીં જરતોસ્ત એવું દેખાડે છે કે આજની બાકી રહેલી મોજુદ ગાથાવાણી ઉપ-રાંત તેનાં દિલના ઉભરા દર્શાવનારાં બીજાંબી ગાયનો હતાં, કે જે તેની હયાતીમાં સારી પેઠે જાણીતાં હતાં. બંદગીનાં તે ગાયનો આજે

હસ્તીમાં નથી. અગરજો તે સર્વે આજ હયાત હોત તો તે ઉભરાઓમાં બીજા કેવા કેવા નેકીના કીમતી નીતિ પાઠો આપણને શિખવાના મળત!

પણ તે નવા ખજાનાની ગેરહાજરીમાં આજે જે કાંઇ છે તે પોતેજ એટલું બધું કીમતી છે કે તેને આપણાં હૈડાંમાં સંચી રાખવાથી આપણી જીંદગીનું સાર્થક બરાબર થઇ ચુકેલું ગણાય. પણ મોજુદ ગાથાવાણીમાં એ ખજાનો એવો તો ગુંથા લીધો છે કે તે એકજ વકતે જોતાં નજર આગળ ખુલ્લો પડી શકતો નથી, અને ટુંકી જીંદગી દરમિયાન હજારો કામો અને રોકાણોને લીધે જંજાળમાં વિંટળાયલો જરતોસ્તી એ બેમૂળ ખજાનાની ખુબી જાણવા માટે ઘણો વકત ફાજલ પાડી શકે નહિ એ બનવાજોગ છે. એટલામાટે જો એ જવાહિરોને છુટ પાડી એવી રીતે રજુ કરવામાં આવે કે

જેથી ગમે એવો દુનિયાદાર માણસ પણ તેમને એક નજરે જોઇ લઈ શકે, તેમની ખુબીઓ જાણી શકે, તેમના ફાયદા પોતાનાં જીગરમાં દાખલ કરી શકે, તો તે જરતોસ્તીઓને ભકિતભાવથી ભણવા, છાતીમાં ગોખવા અને મનમાં યાદ કરવાનાં કામમાં મોટી મદદનાં થઇ પડે તેમાં શક નથી.

સચાઇની સચાઈ યાને સર્વથી શ્રેષ્ઠ રાસ્તી ઉપર જેણે પોતાની દીનનો પાયો રચેલો તેવા મહાન પેગામ્બર સ્પિંતમાન જરતોસ્તના સત વચનો બાબે લખાયલા આ અદના નિબંધના સંબંધમાં હવે થોડાએક સખુનો લખવાની જરૂર છે. રેસાલા માટેની શર્તોને અનુસરીને અમલ કરવાની બંનતાં સુધી તજવીજ કીધીછે. દર મહિના-ના ત્રીશ રોજનાં નામોવાળા ઇજદ અમશાસ્પંદોનાં નામ, કામ અને નીતિગુણોને મળતા આવે એવા ફકરાઓ ગાથા, ઇજશ્ને, વીસ્પરદ, વંદીદાદ, અને

ખોરદેહ અવસ્તામાંથી ચુંટી કહાડયા છે, અને તેમના તરજુમા એ ફકરાઓની નીચેજ આપ્યા છે. એમ છતાં ઇજદોના સંબંધમાં લાગુ પડતા ફકરાઓ જોઇતી સંખ્યામાં મળ્યા નથી, તેથી તે ખુટ નીતિને લાગતા અને ઉત્તમ બોધથી ભરપુર એવા બીજા કીમતી ફકરાઓથી પુરીછે.

૩૬૦ દહાડાને લગતા ફકરાઓ આ રીતે ટાળવી કહાડયા ઉપરાંત ગાથાના દિવસો માટેના પાંચ ફકરા વિશેષ આપીને આખાં વરસના ૩૬૫ દહાડા પુરા કીધા છે. પણ ચાર વરસે એક દિવસ વધેછે તેનેબી હવે જલદીથી પાર્સી આલમે ગણત્રીમાં લેવો પડશે, એમ સમજીને ૪ થે વરસના ૩૬૬ મા દિવસને લગતો ફકરોબી ગોઠવ્યો છે.

આ સઘળા ફકરાઓ અવસ્તાવાણીના જુદાજુદા ભાગો મધેથી ચુંટી કહાડયા છે, અને તેમને બનતાં સુધી ટુંકા લેવાની નેમ રાખી છે.

તેમ છતાં કેટલાક ફકરા લાંબા થયા છે, કેમકે તેમને તોડી નાખવામાં ખોટું થાય અને જોઇતી મતલબ પાર પડે નહિ. તોપણ કોઈ કોઈ ફકરાઓમાં એકનીએક વાત ફરીફરીથી આવેલી હોવાથી ચુકતાં મુકીને તેમને ટુંકા કરવા પડ્યા છે, કે જેમ કીધાથી અર્થનો અનર્થ નહિ થતાં ઓર મતલબ ઝટ સમજ પડી જાયછે. આ ફકરાઓમાં બનતાં સુધી ગાથાના ફકરાઓને સર્વોપરી ગણીને તેમનો બની આવ્યો એટલો વધારે જથો લીધો છે. તોપણ અવસ્તાના બીજા ભાગો મધેના ઉત્તમ ફકરાઓને તેટલામાટે પડતા નાખવામાં આવ્યા નથી.

આ સર્વ કલામોના અર્થનો આધાર એરવદ કાવસજી એદલજી કાંગાએ બનાવેલા ગાથાના, યજશ્નેને તથા વીસ્પરદના, વંદીદાદના અને ખોરદેહ અવસ્તાના તરજુમાઓ ઉપરથી લીધો છે. ખરેખર તરજુમો તો લગભગ એજ કાએલ

શિક્ષાગુરૂના શબ્દોમાંજ ઉતારી લીધો છે, તોપણ ચોકસ ઠેકાણે ઇબારતબંદીના સુધારાને અર્થે અથવા શબ્દ રચના બેવડાઈ ગયાથી 'ગુચવાડો થતો દૂર કરવાને અર્થે, આ અદના કલમે કાંઇક છુટ લીધી છે, જેને માટે આ ઠેકાણે દરગુજર ચહાવામાં આવે છે. વળી કોઈ કોઈ ઠેકાણે તરજુમો બોલેબોલનો લેવા જતાં આપણી જબાનમાં તે સ્પષ્ટ નહિ સમજાતાં વાંચનારને અર્થરહિત લાગી જાય છે, માટે આપણા કાબેલ એરવદ સાહેબે પોતેજ આપેલા ખોલાસારૂપી મતલબ (para-phrase) ને અર્થની જગાએ ઉતારી લેવાનું દુરસ્ત લાગ્યું છે. લખનારે લીધેલી આ છુટ છતાં પણ દરેક તરજુમાનો આધાર મારા આ કાબેલ ઉસ્તાદના મજકુર ગ્રંથોનેજ આભારી હોવાથી દરેક પાને તેમની મદદનો સ્વિકાર કરવાની ફરજ અદા કરવામાં આવી છે.

એ રીતે આ ગ્રંથમાં મારો હિસ્સો ઘણો અદના છે. જે કાંઈ થયુંછે તે પવિત્ર અવસ્તા વાણીનાં તમામ ભણતરોનો ગુજરાતી ભાષામાં સહી અને શુદ્ધ તરજુમો કરનાર દાખલ પ્રખ્યાત થયલા મજકુર કાબેલ એરવદ સાહેબના કીમતી ગ્રંથોને આધારે તૈયાર થયુંછે. હું કાંઇ અવસ્તા ભાષાનો અભ્યાસી નથી, તો જોકે મારા એજ કાબેલ મિત્રની ઉસ્તાદગીરી હેઠલ મુલ્લાં ફીરોજ મદ્રેસામાં થોડાંક વરસો સુધી અવસ્તા ભાષાનો થોડોક અભ્યાસ કરવાનું હું માન ધરાવું છું. આમ હોવાથી અગરજો આ ગ્રંથમાં કાંઇ ભૂલ-ચુક જણાય તો તે માટે આગમજથી દરગુજર ચાહું છું.

મુંબઇ, તા૦ ૨૯ મી ઑગસ્ટ ૧૯૦૧.

પાહલનજી બરજોરજી દેસાઇ.

હર રોજ અને હર પળે

ભણવાની તથા મનન કરવાની

સર્વથી ઉત્તમ બંદગીઓ.

સર્વથી ઉત્તમ બંદગીઓ:

૧ લી—અહુનવર.

અવસ્તા.

યથા અહૂ વઈર્યો અથા
રતુશ અષાત્ ચીત્ હચા;
વંઘ્હેઉશ દજ્દા મનંઘ્હો
શ્યઓથનનાંમ્ અંઘ્હેઉશ મઝ્દાઈ;
ખ્ષથ્રેમ્ચા અહુરાઈ આ યિમ્
દ્રેગુભ્યો દદત્ વાસ્તારેમ્.

અર્થ.

જેવી હોરમજદની ઈચ્છા છે તેવીજ ઈચ્છા ભલું કામ કરનારે કોઈબી અશોઈનાં કામના સંબંધમાં રાખવી;

ભલાં મનની બખ્શેશ આં દુનિયામાં હોરમજદને લગતાં કામો કરનારાઓને મળેછે;

જે ધણી ગરીબ લાચારોની પારઆની કરનાર થાયછે, તે હોરમજદને તમામ ખલ્કતનો પાદશાહ ગણીને તેમ કરેછે.

[ખોર૦ અવ૦ બા માઅની, સફે ૨.

૨ જી—અષેમ.

અવસ્તા.

અષેમ્ વોહૂ વહિસ્તેમ્ અસ્તી;
ઉસ્તા અસ્તી; ઉસ્તા અહ્માઇ
હ્યત્ અષાઇ વહિસ્તાઇ અષેમ.

અર્થ.

રાસ્તી સૌથી સરસ નિયામત છે; રાસ્તી સુખ છે; રાસ્તીનું સુખ તે શખ્સને મળેછે, કે જે સૌથી સરસ રાસ્તીનાં કામો કરવામાં અશો (આગેવાન) છે.

[કારડ અવ૦ બા માઅની, સફે ૧.

૩ જી—ખ્શનઓથ્ર.

અવસ્તા.

ખ્શ્નઓથ્ર અહુરહે મઝ્દાઓ !...હઈથ્યાવ-
રસ્તાંમ્ ઇત્ વસ્ના ફ્રેરેતેમેમ્; સ્તઓમિ અષેમ્.

અર્થ.

દાદાર હોરમઝ્દની ખુશનુદી થાઓ !.....
રાસ્તીનાં કામ કરનારાઓની જે ખાહેશ છે તે
બીજી સર્વ ખાહેશો કરતાં ઘણીજ ચઢતી છે.
રાસ્તીને હું વખાણું છું.

[ખોર૦ અ૧૦ બા માઅની, સ૦ ૮

જરતોશ્તી જવાહિરો.

ફરવરદીન મહિનો—હોરમજદ રોજ.

અવસ્તા.

અત્ થ્વા મેન્ગહી પોઉર્વીમ્ મઝ્દા યેઝીમ્ સ્તોઇ મનંઘા,
વંઘેઉશ્ પતરેમ્ મનંઘો હ્યત થ્વા હેમ્ ચશ્મઇની હેન્ગ્રબેમ્
હઇથીમ્ અષહ્યા દાંમીમ્ અંઘેઉશ્ અહુરેમ્ શ્યઓથનએષૂ. [ઇજશ્ને, હા ૩૧, ફકરો ૮

અર્થ.

અય હોરમજદ! જયારથી તને મારી આંખમાં મેં રાખ્યો છે ત્યારથી હમેશાં સર્વથી પહેલો, પાક મનસ્નીથી પરસ્તેશ કરવાને લાયકનો, ભલાં મનનો પિતા, રાસ્તીનું ખરૂં મૂળ, તથા આ દુનિયાનાં (તમામ) કામો ઉપર સાહેબી ભોગવનાર તરીકે તને મેં ગણ્યો છે.

[ગાથા બા માઅની, સફે ૩૯.

ફ્રેરવરદીન મહિનો—બહમન રોજ.

અવસ્તા.

વંઘેઉશ્ મન્ચેઉશ્ ષ્યઓથનાઇશ્ મજ્દાઓ અહુરો.

[ઈજ્ન૦, હા ૪૫, ફ૦ ૫.

વંઘૂહેઉથ્ દજ્દા મનંઘૂહો ષ્યઓથનનાંમ્ અંઘૂહેઉથ્ મજ્દાઈ.

[ખોરદેહ અવસ્તા.

અર્થ.

નેક મનસ્નીનાં (યાને નીતિવાન) કામોને લીધે દાદાર હોરમજદ હાંસેલ થશે.

[ગાથા બા માઅની, સ૦ ૧૩૬.

ભલાં મનની બખ્શેશ આ દુનિયામાં હોરમજદને પસંદ પડતાં કામો કરનારાઓને મળેછે.

[ખોરદેહ અવસ્તા બા માઅની, સફે ૩

ફરવરદીન મહિનો—અર્દીબેહેસ્ત રોજ.

અવસ્તા.

વહિસ્તા ઇસ્તિશ સ્રાવી જરથુસ્ત્રહે
 સ્પિતામહ્યા યેજી હોઇ દાત્ આયપ્તા,
અપાત્ હચા અહુરો મજદાઓ
 યવોઇ વીસ્પાઇ આ હ્વંઘેવીમ્,
યએચા હોઇ દબેન્ સસ્કેન્ચા દએનયાઓ
 વંઘુયાઓ ઉખ્ધા શ્યઓથનાચા.

[ઇજ૦, હા ૫૩, ફ૦ ૧.

અર્થ.

સપેતમાન જરતોસ્તને દાદાર હોરમજદે જ્યારે તેની રાસ્તીને લીધે નીચલી બે બખ્શેશો આપી ત્યારે તેની સર્વે મુરાદ પાર પડી:—(૧) હમેશ સુધીની સુખી જીંદગી, અને (૨) જેઓ તેને પહેલાં દુખ દેતા હતા તેઓ તેની ભલી દીનના વચનો અને કામો જાણવાની ખાહેશ બતાવવા લાગ્યા.

[ગાથા બા માએની, સ૦ ૨૨૬.

ફરવરદીન મહિનો—શેહેરેવર રોજ.

અવસ્તા.

યે વાઓ અષા ઉફ્યાની મનસ્ચા વોહૂ અપઓઉર્વીમ્ મજ્દાંમ્ચા અહુરેમ્ યએઇબ્યો ખ્ષથ્રેમ્ચા અધ્વજ઼-ઓન-વમ્નેમ્
વરેદઇતી આર્મઇતિશ્ આ-મોઇ રફ્રેઆઇ જવેંગ જસતા.

[ઈજ઼૦, હા ૨૮, ફ૦ ૩.

અર્થ.

જેની પૂર્વે બીજો કોઇ નહિ એવા અએ તું અહુરમજ્દ! તારી કીર્તિનાં ગાયન હું ગાઉં છું, કે જેનાથી રાસ્તી અને ભલું મન તથા આબાદી આપનારી સંપૂર્ણ મનશ્ની અને બેહસ્તનું સુખ મળે છે. અએ સાહેબ! મારી ખુશહાલીને માટે મારી આરાધનાઓ તરફ તું આવ!

[ગાથા બા માઅની, સ૦ ૫—૬.

ફરવરદીન મહિનો—અસ્પંદાદ રોજ.

અવસ્તા.

ફ્રા સ્પેન્તા આર્મઇતે અષા દએનાઓ ફ્રદખ્શયા.

[ઈજ૦, હા ૩૩, ફ૦ ૧૩.

યત્ નેમો વોહૂ અષવીમ્ અત્બએષેમ્ નઇરે હાંમ-વરેતિશ, હુજો વારેથ્મ દારેસ્ત.

[સરોશ યશ્ત હાદોખ્ત, ફ૦

અર્થ.

અએ સંપૂર્ણ મનસ્ની! રાસ્તીની મારફતે તું મને દીનનાં ફરમાનો શીખવ.

[ગાથા બા માઅ્ની, સ૦ ૮૦.

જે બંદગી ભલી, ખરાં દિલથી કીધેલી, તથા બદ નિશ્ટાથી દૂર છે, તે બંદગી માણસને માટે એક બંચાવ છે, અને દરૂજને મારી હટાવવા માટે એક ઢાલ છે.

[ખોરદેહ અવસ્તા બા માઅ્ની, સ૦ ૨૨૪.

ફરવરદીન મહિનો—ખોરદાદ રોજ.

અવસ્તા.

ઉસ્તા અહ્માઇ યહ્માઇ ઉસ્તા કહ્માઇચીત
વસે-ખ્ષયાંસ મજ્દાઓ દાયાત અહુરો
ઉતયૂઇતી તેવીષી.

[ઇજ૦ હા ૪૩, ફ૦ ૧.

અર્થ.

સુખાકારી તે શખ્સને હોજો કે જેનાથી બીજાઓને સુખ પહોંચે છે! પોતાની મરજી પ્રમાણે રાજ્ય કરનાર હોરમજદ તેને તનદુરસ્તી અને કુવત બખ્શજો!

[ગાથા બા માએની, સ૦ ૯૯.

ફરવરદીન મહિનો—અમરદાદ રોજ.

અવસ્તા.

મજદાઓ દદાત્ અહુરો હઉર્વતો અમેરેતાતસ્ચા,
બૂરોઇશ આ અષચ્યાચા ખ્યાપઇથ્યાત્ ખ્ષથ્રહ્યા
 સરો,
વંઘેઉશ વજ્દરે મનંઘો યે હોઇ મઈન્યૂ શ્યઓથ-
 નાઇશ્ચા ઉર્વથો. [ઈજ૦, હા ૩૧, ફ૦ ૨૧.

અર્થ.

જે શખ્સ પોતાના ભલા વિચારથી તથા ભલાં કામોથી હોરમજદનો દોસ્ત બનેછે તેને તે સાહેબ પોતાની ખુશીથી તનદુરૂસ્તી અને અમરપણું બખ્શશે, તેમજ આબાદીની, અશોઇની, અને હકુમતની સરદારી તથા ભલાં મનનું સુખ આપશે.

[ગાથા બા માએની, સ૦ ૫૦.

ફરવરદીન મહિનો—દેપાદર રોજ.

અવસ્તા.

પઇરિ ગએથે ખ્ષ્માવતો વહ્મે મઝ્દા ગરોબ્યીશ સ્તૂતાંમ. [ઈજ૦, હા ૨૪, ફ૦ ૨.

વસસ્ચ તૂ અહુરમઝ્દ! ઉસ્તાચ ખ્પએશ હુવનાંમ દામનાંમ.......ખ્ષયમ્નેમ આપવનેમ દાયત; અખ્ષયમ્નેમ દ્રવન્તેમ. [ખોરદેહ અવસ્તા.

અર્થ.

અએ હોરમઝ્દ! તારે લાયકની બંદગીની મારફતે તથા તારી કીર્તિ ગાનારાંઓનાં ઈશ્વરી ગાયનોની મારફતે, હું (એવું ઇચ્છું છું કે) તારી નજદીક પહોંચું! [ગાથા બા માએની, સ૦ ૮૩

અએ હોરમઝ્દ! તું તારી પેદાયશો ઉપર તારી મરજી પ્રમાણે તથા સુખથી રાજ્ય ચલાવ.... તું અશો માણસને રાજ્ય કરનારો ઠેરવ; પાપી માણસને નાહ રાજ્ય કરનારો કર.

[ખોરદેહ અવસ્તા બા માએની, સ૦ ૪૨.

ફરવરદીન મહિનો—આદર રોજ.

અવસ્તા.

આતર્શ્ વોઇ મઝ્દાઓ અહુરહ્યા અહી મઇન્યેઉશ્ વોઇ અહ્યા સ્પેનિસ્તો અહી.

[ઈજ૦, હા ૩૬, ફ૦ ૩.

દુઝ્વરેનાઇશ્ વએપો રાસ્તી તોઇ નરેપીશ રજીશ્, અએપસા દેજીત-અરેતા પેષો-તનવો. કુ અષવા અહુરો, યે ઇશ જ્યાતે ઉશ્ હેમિથ્યાત્ વસે-ઈતોઇશ્ચા.

[ઈજ૦, હા ૫૩, ફ૦ ૯.

અર્થ.

અએ આતશ! હોરમજ્દની તું એક નિશાન છે. તું તે મીનો સાહેબની સૌથી સરસ વૃદ્ધિ કરનાર નિશાન છે.

[ઈજ્શ્ને તથા વીસ્પરદનો તરજુમો. સ૦ ૧૧૩—૪.

અએ હોરમજ્દ! ખોટા એતકાદવાળાઓને લીધે દીન ઉપર ફિદા થયલા તારા ધર્મગુરૂઓને સંકટ વેઠવું પડે છે. રાસ્તીની હાની કરનારાઓ જાણી જોઇને ગુનેહગાર થાય છે. એવો રાસ્ત સરદાર કયાં છે કે જે તેવા બદ શખ્સોનાં છુટાપણાંનો તેમજ જીંદગાનો નાશ કરી શકે? [ગાથા બા માએની, સ૦ ૨૩૬—૩૭.

ફ્રરવરદીન મહિનો—આવાં રોજ.

અવસ્તા.

યાંમ્ અરેદ્વીમ્ સૂરાંમ્ અનાહિતાંમ્, પેરેથૂ-ફ્રાકાંમ્, બએષજયાંમ્, વીદએવાંમ્, અહુરો-ત્કએષાંમ્,.....ગએથો-ફ્રાધનાંમ્ અષઓનીમ્, વએતો-ફ્રાધનાંમ્ અષઓનીમ્, દંખ્વુ-ફ્રાધનાંમ્ અષઓનીમ્. [અરદ્વીસૂર નિયાએશ, ફ૦ ૨.

અર્થ.

અર્દ્વીસૂર નામની નદી, જે નિર્મળ, બહોળી વહેતી, તનદુરસ્તી આપનારી, ગલીચી તથા રોગને દૂર કરનારી, દુનિયાને સ્વચ્છ રાખવાની હોરમજદની નેમને બર લાવનારી,...દુનિયાને આબાદ કરનારી અશો, માલ મિલ્કતને વધારનારી અશો, તથા દેશોને આબાદ કરનારી અશો છે તેને હું વખાણું છું.

[ખોરદેહ અવસ્તા બા માએની, સ૦ ૬૩.

ફ્રરવરદીન મહિનો—ખોરશેદ રોજ.

અવસ્તા.

અએસ્તાંમ્ અત્ તોઇ કેહર્પેમ્ કેહર્પાંમ્ આત્રએ-દયમહી મજદા અહુરા ઇમા રઓચાઓ બરેજિસ્તેમ્ બરેજેમનાંમ્ અવત્ યાત્ હ્‌વરે અવાચી.

[ઈજ૦, હા ૩૬, ફ. ૬.

અર્થ.

અએ હોરમજદ! બુલંદ રોશનીઓમાંની આ સર્વથી બુલંદ રોશની, જેને ખોરશેદ કહેછે, તેને શરીરોમાંનાં તારાં સૌથી સોહામણું શરીર દાખલ અમો જાહેર કરિયે છિયે.

[ઇજ. તથા વીસ્પ. નો તરજુમો, સ. ૧૧૪.

ફ્રરવરદીન મહિનો—મોહોર રોજ.

અવસ્તા.

નેમો માઓંઘ્હાઈ ગઓ ચિથ્રાઇ !
કે યા માઓ ઉખ્ષ્યેઇતિ નેરેફ્સઇતિ થ્વત્ ?

[માહ બોખ્તાર નિયાએશ, ફકરો ૧ તથા ૪.

અર્થ.

ગાય ગોસ્પંદોનું તોખમ રાખનાર માહતાબને નમાજ હોજો !

અય દાદાર ! તારા સિવાય બીજો કોણ છે કે જેનાથી માહતાબ વધે છે તથા ઘટે છે?

[ખોરદેહ અવસ્તા બા માએની, સફે ૫૬ તથા ૫૭.

ફરવરદીન મહિનો—તીર રોજ.

અવસ્તા.

યજાઇ પોઇશ્રહેબખ્તારેમ્ તિશ્ત્રીમ્ સ્તારેમ્.

[તીર યશ્ત, ફકરો ૧ લો.

હુનએમાચા જ્એમાચા મઝ્દા અહુરા, શ્યઓથ્નહી રપ્નહી દરેગાયૂ અએપાચા થ્વા એમવન્તસ્ચા બુયમા, રપોઇસ્ચા તૂ ને દરેગેભ્ય, ઉસ્તાચા, હાતાંમ્ હુદાસ્તેમા.

અર્થ.

ખેતરોમાં વરસાદની બખ્શેશ કરનાર તેસ્તર સેતારાને હું યાદ કરૂં છું.

[ખોર૦ અ૧૦ બા માંએની, સ૦ ૨૧૬.

અએ હોરમજદ, તારી યાદમાં ખુશહાલી મેળવવામાં લાંબી જીંદગીને અમો લાયક થઇયે તથા (અમારી એ નેક મોરાદમાં) અમો ફતેહ પામિયે! તારી ઉપર પ્રીતિ રાખનારા તથા હિમત બાંધનારા અમો થઇયે! હયાતી ભોગવનારાઓમાં અય સૌથી ડહાપણવાળા સાહેબ! લાંબી મુદત સુધી તુંએ અમોને આબાદીથી ખુશહાલ કરવા જોઇયે.

(ખોર૦ અ૧૦ બા માંએની, સ૦ ૧૮૫.

ફરવરદીન મહિનો—ગોશ રોજ.

અવસ્તા.

દ્વાસ્પાંમ્ સુરાંમ્ મજ્દધાતાંમ્ અષઓનીમ્ યજમઇદે; દ્વોપસ્વાંમ્, દ્વો-સ્તઓરાંમ્, દ્વો ઉર્વથાંમ્, દ્વો-અંપેરેનાયુકાંમ્, પોઉરૂ-સ્પખ્ષ્તીમ્ દૂરાત્, પથન ખ્વાથ્રવન દરેઘો-હુખ્ષ્થ્રયન.

[ગોશ યશ્ત, ફકરો ૧ લો.

અર્થ.

પશુઓને તનદુરૂસ્તી આપનાર, ભાર ભરદારી જાનવરોને તનદુરૂસ્તી આપનાર, દોસ્તોને તનદુરૂસ્તી આપનાર, બચ્ચાંને તનદુરૂસ્તી આપનાર, દૂર વેરથી પુરતી રીતે નગેહેબાની રાખનાર, બહોળી રીતે સુખાકારી આપનાર, તથા લાંબા વક્ત સુધી દોસ્તી ધરાવનાર, હોરમજદના પેદા કીધેલા શૂરા તથા અશો દ્વાસ્પ (યાને ગોશ ઈજદ) ને અમો યાદ કરિયે છિયે.

[ખોરદેહ અવસ્તા બા માએની, સફે ૨૪૮.

ફરવરદીન મહિનો—હપ્તમેહેર રોજ.

અવસ્તા.

કથા થ્વા મઝ્દા ખ્શ્નઓષાઇ અહુરા?

[ઇજ૰ હા ૪૬, ફ૰ ૧

હુખ્તચો તેમાઇ બાત ખ્શ્રેમ, અષ્વત ચ્યત અઇબી-દદેમહિચા, ચીથ્રેમહિચા, ખ્ષાંનમહિચા ચ્યત મઝદાઇ અહુરાઇ, આબાઇચા વહિશ્તાઇ.

[મોટી હપ્તન યશ્ત, કર્દા ૧, ફકરો ૫.

અર્થ.

અએ હોરમજ્દ! કેવી રીતે હું તને ખુશહાલ કરૂં?

[ગાથા બા માઅની, સ૰ ૧૪૩

પાદશાહી સર્વોત્તમ પાદશાહ હોરમજ્દને ખચીત હોજો! હોરમજ્દ જે પોતે સૌથી ઉત્તમ અશોઇજ છે તેની તરફ અમો મન લગાડયે છિયે, તેને પાદશાહ દાખલ કબુલ રાખિયે છિયે, તથા તેને અમો પોતાનો પેદા કરનાર કરીને ગણિયે છિયે.

[ખોરદેહ અવસ્તા બા માઅની, સફે ૧૭૫

ફરવરદીન મહિનો—મેહેર રોજ.

અવસ્તા.

મિથ્રેમ્ વોઉરૂ-ગઓયઓઇતીમ્ યજમઈદે... અહુરેમ્ ગુફ્રેમ્ અમવન્તેમ્ દાતો-સઓકેમ્ વ્યાખનેમ્ વહ્યો સેંદેંધૂહેમ્ બેરેજન્તેમ્ અપ-હુન્રેમ્ તનુ-માંથ્રેમ્ બાજુશ-અઓજંઘૂહેમ્ રથ-એસ્તાંમ્.

[મેહર યશ્ત, ફકરો ૨૫.

અર્થ.

સૃષ્ટિની હકુમત ધરાવનાર, મેહર ઇજદ કે જે સાહેબી ભોગવનાર, વખાણાયલો, હિમતવાન, ઇનસાફનો ફાયદો આપનાર, અન્જુમનમાં બેસનાર, આરાધનાથી રાજી થનાર, બુલંદ દરજ્જાનો, રાસ્તીનો નેક માર્ગ બતલાવનાર, માંથ્રના તન-વાળો, જોરેમંદ બાજુવાળો અને લડવૈયો છે તેને અમો વખાણિયે છિયે.

[યશ્ત બા માએની, સફે ૭૦

ફરવરદીન મહિનો—સરોશ રોજ.

અવસ્તા.

યસ્તે વીસ્પે-મજિસ્તેમ્ સેરઓશેમ્ જબયા અવંઘાને. [ઇજ૦, હા ૩૩, ફ૦ ૫.

ઇમા આત્ ઉખ્ધા વચાઓ, અહુરા મજદા, અશેમ્ મનયા વહેહ્યા ફ્રવઓચામા; થ્વાંમ્ અત્ અએષાંમ્ પઇત્યાસ્તારેમ્ચા ફ્રદખ્શ્તારેમ્ચા દદેમઇદે. [મોટી હપ્તન યશ્ત, ફ૦ ૯

અર્થ.

અએ હોરમજદ! બધાંમાં સૌથી શ્રેષ્ટ તારા સરોશને મારી મદદને માટે હું અર્જ કરીને બોલાવું છું. [ગાથા બા માઅેની, સ. ૭૨

અએ હોરમજદ ! અશોઇને ધ્યાનમાં રાખીને આ (માથ્રવાણીના) વખણાયલા કલામોને વધારે સારી રીતે અમો જાહેર કરિયે છિયે. તે કલામોના સાંભળનાર તથા શિખવનાર તરીકે તને અમો મુકરર કરિયે છિયે. [બોર૦ અવ૦ બા માઅેની, સ૦ ૧૭૬.

ફ્રરવરદીન મહિનો—૨૨ને રોજ.

અવસ્તા.

આતર્શ્ મિથ્રેસ્ય રષ્નુશ યજમઇદે.

[વીસ્પરદ, હા ૧૧, ફ૦ ૧.

આઅત્ પઓઇરીમ્ ફ્રઓમિ નરેમ્ અષવનેમ; યેજ્ઞિ પઓઇરીમ્ ફ્રઓમિ નરેમ્ અષવનેમ્ ઇમત્ રષ્નવો રઝ્ઝિસ્ત, ઇમત્ અમેષએઇબ્યો સ્પેન્તએઇબ્યો, યો અસ્તિ મઇન્યવનાંમ્ યજતનાંમ્, નઇર્યો-નામનાઓ તાઓ બૂજત્ નરેમ્ અષવનેમ્. [ખોરદાદ યશ્ત, ફ. ૩.

અર્થ.

આતશના જેવા નૂરમંદ રશને ઇજ્ઞદને અમો વખાણિયે છિયે. [ઇજશને બા માએની, સ૦ ૨૧૦.

સૌથી પહેલાં રાસ્ત માણસને હું પસંદ કરૂં છું; રાસ્ત માણસને એટલામાટે હું પસંદ કરૂં છું કે તેને સૌથી સાચ્ચો રશ્ને ઇજદ, તથા અમશાસ્પંદો અને મીનો ઇજદો બંચાવે છે.

[ખોર૦ અવ૦ બા માએની, સફે ૨૦૪.

ફ્રવરદીન મહિનો—ફ્રવરદીન રોજ.

અવસ્તા.

જરથુસ્ત્રહે સ્પિતામહે ઇધ અષઓનો અષીમ્ચ ફ્રવષીમ્ચ યજમઇદે; વીસ્પએચ ઇધ અષઓનો અષીમ્ચ ફ્રવષીમ્ચ યજમઇદે; વીસ્પાઓ ફ્રવષયો અષઓનાંમ્ યજમઇદે.

[વીસ્પરદ, હા ૧૬, ક૦ ૨

અર્થ.

સપેતમાન અશો જરતોસ્તની અશોઇને તથા તેનાં ફ્રરોહરને આ જગાએ અમો યાદ કરિયે છિયે. દરેક અશો માણસની અશોઇને તથા તેનાં ફ્રરોહરને આ જગાએ અમો યાદ કરિયે છિયે. અશો લોકોનાં તમામ ફ્રરોહરોને અમો યાદ કરિયે છિયે.

[ઈજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૨૧૧

ફ્રરવરદીન મહિનો—બેહરામ રોજ.

અવસ્તા.

કો અસ્તિ મઇન્યવનાંમ યજતનાંમ્ જયો-તેમો ?......વેરેથ્રઘ્નો અહુરધાતો.

[બેહરામ યશત, કરદા ૧.

અષહ્યા આઅત્ સઇરી, અષહ્યા વેરેજેને, ફ્રષ્માઇચીત્ હાતાંમ્ જીજિષાંમ્ વહિસ્તાંમ્ આદા ઉબોઇબ્યા અહુબ્યા.

[હફ્તન યશ્ત, ક૦ ૧, ફ૦ ૮.

અર્થ.

મીનો ઇજદોમાં સાથી ઘણો ફતેહમંદ કોણ છે ?......હોરમજદનો પેદા કીધેલો બેહેરામ ઇજદ.

[ખોરદેહ અવસ્તા બા માએની, સ૦ ૨૯૬.

રાસ્તીની સરદારીમાં તથા રાસ્તીના અમલમાં રહીને હયાતી ભોગવનારાઓમાંનો કોઇ શખ્સ અગરજો બેઉ દુન્યામાં સૌથી ઉત્તમ જીંદગી ગુજારવા ચાહતો હોય તો તેણે સખી થવું.

[ખોર૦ અ૦ બા માએની, સ૦ ૧૭૫.

ફ્રરવરદીન મહિનો—રામ રોજ.

અવસ્તા.

તત્ મોઇ દાઇદી અહુરા હ્યત્ મઝ્દા રપેન્ તવા.

[ઇજ૦, હા ૫૧, ૬૦ ૮.

પઇતિ-અસ્તી ગેઉશ વચહ્યેહેચ, હથ્રવતહેચ પઇતિં હમેરેથનાંમ્, વહિસ્તેમ્ યજ્તેમ્ યજમઇદે.

[રામ યશ્ત, ફકરો ૧.

અર્થ.

અએ હોરમજદ! જે કાંઇ તને ખુશહાલી આપનાર હોય તે તું મને આપ.

[ગાથા બા માએની, સ૦ ૨૧૯.

તે સર્વોત્તમ વાએ અથવા રામ ઇજદને અમો માન સાથ યાદ કરિયે છિયે, એવી મકસદથી કે તે અમારી તરફની જીવામ તથા બંદગીની ભેટ કબૂલ રાખીને, તેના બદલામાં દુશ્મનોને એકદમ દાબી નાખવાનું કુવત તે અમોને બખ્શે. [યશ્ત બા માએની, સફે ૨૬૮.

ફ્રવરદીન મહિનો—ગોવાદ રોજ.

અવસ્તા.

વાતેમ્ સ્પેન્તેમ્ હુધાઓંઘ્રેમ્ યજમઇદે.

[ખોરશેદ નિયાએશ.

વોહૂ થ્વા મનંઘ્નૂહા, વોહૂ થ્વા અષા, વંઘ્હુયાઓ થ્વા ચિસ્તોઇશ્ ષ્યઓથનાઇસ્ચા, વચેબીસ્ચા પઇરિ-જસામઇદે.

[મોટી હફ્તન યશ્ત, ક૦ ૨, ફ૦ ૪.

અર્થ.

વૃદ્ધિ કરનાર સારી પેદાયશના પવનને અમો વખાણિયે છિયે.

[ખોરદેહ અવસ્તા બા માએની, સ૦ ૩૨.

અય હોરમજદ! ભલાં મનની મારફતે, ભલી અશોઇની મારફતે, ભલાં ડહાપણનાં કામો તથા સખુનોની મારફતે અમો તેને પહોંચિયે છિયે.

[ખોર૦ અવ૦ બા માએની, સ. ૧૭૭.

ફ્રેરવરદીન મહિનો—દેપદીન રોજ.

અવસ્તા.

મઇબ્યો થ્વા સાંસ્તાઇ વેરેને અહુરા !

[ઇજ૦, હા ૪૬, ફ૦ ૩.

કસેઉશ્ચીત્ ના અષાઉને કાથે અંઘત્
ઇસ્વાચીત્ હાંસ્ પરઓઃશ્ અકો દ્રેગ્વાઇતે.

[ઇજ૦, હા ૪૭, ફ૦ ૪.

અર્થ.

અએ હોરમજ્દ ! મને બોધ દેનાર તરીકે હું તને પસંદ કરૂં છું.

[ગાથા બા માઅની, સ૦ ૧૪૫

અએ હોરમજ્દ ! અશો માણુસને રાજી રાખવા સારૂ કોઇબી શખ્સ થોડીજ ચીજની હાજતમાં હોય છે, પણ દુષ્ટ માણુસને રાજી રાખવા સારૂ એક બુરો માણુસ શક્તિવાન હોવા છતાં તેને ઘણી ચીજની જરૂર પડેછે.

[ગાથા બા માઅની, સફે ૧૬૭.

ફરવરદીન મહિનો—દીન રોજ.

અવસ્તા.

આસ્તુયે દએનાંમ્ માઝદયસ્નીમ્ ફ્રસ્પાયો એખ્રાંમ્ નિધાસ્નઇથિષેમ્ ખએત્વદથાંમ્ અષઓનીમ્ યા હાઇતિનાંમ્ચા બૂષ્યેઇંતિનાંમ્ચા મજિસ્તાચ્યા વહિસ્તાચ્યા સ્રએસ્તાચ્યા યા આહૂઇરિશ જરથુસ્ત્રિશ.

[ઈજ. હા ૧૨, ફ. ૯

અર્થ.

ભલી માઝદયસ્ની દીન, કે જે તકરારને દૂર કરનારી, હથિયારનો ઉપયોગ નહિ કરાવનારી, દોસ્તી અને સલાહ સાથે રહેવાને શિખવનારી, અને રાસ્ત છે તેની હું વખાણ કરૂં છું. હાલમાં જેટલી દીનો મોજુદ છે, અને હવે પછી જેટલી થશે, તેઓમાં સૌથી મોટી, સૌથી સરસ, અને સૌથી શ્રેષ્ઠ જે છે તે હોરમજદી જરતોસ્તી દીન છે.

[ઈજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સફે ૭૮.

ફ્રવરદીન મહિનો—અશીશવંઘ રોજ.

અવસ્તા.

અષીમ્ વંઘુહીમ્ યજમઇદે, ખ્શોઇથ્નીમ્ બેરેજઇતીમ્ હુરઓધાંમ્, હુયજતાંમ્ ખ્નત-ચખ્રાંમ્ અમવઇતીમ્ દાતો-ગ્નઓકાંમ્ બએષ-જયાંમ્ પેરેથ્વીરાંમ્ સૂરાંમ્. [અશીશવંઘ યશ્ત, કફરો ૧

ન્માનહે ન્માનો-પથ્નીમ્ આપવનેમ્ આપહે રતૂમ યજમઈદે. [એવેસરૂથરેમ ગેહ.

અર્થ.

ઝળકાટવાળી, બુલંદ દરજ્જાની, ખુબસુર્ત, ઘણી આરાધનાને લાયક, ખણખણ કરતાં પૈડાંની ગાડીમાં સવાર થનારી, હિંમત આપનારી, સુખાકારી બખ્શ-નારી, તનદુરસ્તી બખ્શનારી, પેહલવાનના જેવું પુરતું કુવત આપનારી તથા બહાદૂર અશીશવંઘને અમો યાદ કરિયે છિયે.

[યશ્ત બા માઅ્નેની, સફે ૩૦૭

ઘરની અશો ઘરઘણિયાણી જે અશોઈની સર-દાર છે તેને અમો વખાણિયે છિયે.

[ખોરદેહ અવસ્તા બા માઅ્નેની, સફે ૧૦૨.

ફ્રરવરદીન મહિનો—આસ્તાદ રોજ.

અવસ્તા—વીસ્પચ વૃર્સ્તં સ્યઓથ્નં યજમઇદે વર્સ્તંચ વરેષ્યમ્નંચ.

[ઇજ૦, હા ૭૦, ફ૦ ૭.

વંઘુહીસ્ચ અધાઓ વંઘુહીસ્ચ અપયો, હુપઉર્વાઓ વહેહીશ અપરાઓ રાસેન્તીશ દરેઘો-વારેથ્મનો, યથનો મજિશ્તાઓસ્ચ વહિશ્તાઓ-સ્ચ સ્રએશ્તાઓસ્ચ અપયો એરેન્વન્તે.

[ઇજ૦ હા ૫૨, ફ૦ ૩.

અર્થ—તમામ સારાં કીધેલાં કામો જે આગળ કરવામાં આવેલાં છે અને હવે પછી કરવામાં આવશે તેમને અમો વખાણિયે છિયે.

[ઇજ. તથા વીસ્પ. નો તરજુમો, સ૦ ૧૭૧.

સારાં સખાવતનાં કામો, સારાં રાસ્તીનાં કામો, કે જે ઘણાંજ ચઢતે દરજ્જેનાં તથા વધારે ભલાં છે, તથા જે પાછલથી મદદે પહોંચનારાં અને લાંબો વકત સુધી બંચાવ કરનારાં છે, તેઓને અમો વખા-ણિયે છિયે, એવી મતલબથી કે તેઓથી સૌથી મોટી, સૌથી સરસ અને સૌથી શ્રેષ્ઠ અશોઇ અમોને મળે.

[ઇજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૧૨૪.

ફરવરદીન મહિનો—આસમાન રોજ.

અવસ્તા.

તાઇશ્ ઝ્-નાઓ બ્યઓથનાઇશ બ્યેન્તે યએષ્
અસ્ પઇરી પોઉરૂબ્યો હ્થ્યેજો,
હ્યત્ અસ્ અઓજ્યાઓ નાઇધ્યાઓંघेम् થ્વહ્યા
મજ્દા આંસ્તા ઉર્વાતહ્યા
યોઇ નોઇત્ અષેમ્ મઇન્યન્તા, અઐઇબ્યો
દૂઇરે વોહૂ અસ્ મનો.

[ઇજ૦, હા ૩૪, ફ૦ ૮.

અર્થ.

અએ હોરમજ્દ! તારી દીનનાં ફરમાનોનો ઇનકાર કરનાર શખ્સ પોતાના કરતાં વધારે નબળા ઉપર ફાવી શકેછે, કારણકે તે ઇનકાર કરનાર પોતાનાં તે કામોથી અમોને બિવાડે છે, કેજે કામોમાં ઘણાઓનો નાશ સમાયલો છે. એવા બિધેલા શખ્સો રાસ્તી ઉપર ધ્યાન આપતા નથી, અને તેઓથી નેક મનસ્ની વેગળી રહેછે.

[ગાથા બા માએની, સ૦ ૮૮–૮૯.

ફરવરદીન મહિનો—જમ્યાદ રોજ.

અવસ્તા.

ઇમાંમ્ આઅત્ જાંમ્ .....યજમઇદે, યા નાઓ બરઇતી.

[મોટી હપ્તન યશ્ત, કરદો ૪.

નેમખ્યામહી, ઇષૂઇધામહી, થ્વા મજ્દા અહુરા; વીસ્પાઇશ થ્વા હુમતાઇશ્, વીસ્પાઇશ્ હૂખ્તાઇશ્, વીસ્પાઇશ્ હ્વર્શ્તાઇશ્ પઇરિ-જસામઇદે.

[મોટી હપ્તન યશ્ત, ક૦ ૨, ફ૦ ૫.

અર્થ.

આ જમીન, જે આપણને પોષણ આપે-છે, તેને અમો વખાણિયે છિયે.

[ખોરદેહ અવસ્તા બા માઅેની, સ૦ ૧૭૭.

અય હોરમજદ! તને અમો નમિયે છિયે; અમો તારા કર્જદાર છિયે. તમામ નેક વિચારો-થી, તમામ નેક સખુનોથી, તથા તમામ નેક નેક કામોથી અમો તારી નજદીક પહોંચિયે છિયે.

[ખોર૦ અવ૦ બા માઅેની, સ૦ ૧૭૮

ફરવરદીન મહિનો—મારેસ્પંદ રોજ.

અવસ્તા.

મઝિસ્ત માંથ, મઝિસ્ત વેરેજ્ય, મઝિસ્ત ઉર્વઇથ્ય, મઝિસ્ત હદ્દથ્યા-વેરેજ્ય, મઝિસ્ત વીન્દઇથ્ય, દએનયાઓ માઝદયસ્નોઈશ યઝમઇદે.

[રપિથ્વન ગેહ.

અર્થ.

માઝદયસ્ની દીનના સૌથી ચઢતા માંથ, જે અસર કરવામાં સૌથી શ્રેષ્ટ, કામ બજાવવામાં સૌથી શ્રેષ્ટ, રાસ્ત કામ કરવામાં સૌથી શ્રેષ્ટ, તથા મતલબ હાંસેલ કરવામાં સૌથી શ્રેષ્ટ છે તેમને અમો યાદ કરિયે છિયે.

[ખોરદેહ અવસ્તા બા માઅેની, સ૦ ૧૧૨.

ફ્રવરદીન મહિનો—અનેરાન રોજ.

અવસ્તા.

વીસ્પેભ્ય અસ્મનેમ્ યજમઇદે, વીસ્પેભ્ય સ્ત્રેઉસ્ય માઓંઘેભ્ય હ્વરેચ યજમઇદે, વીસ્પ અનગ્ર રઓચાઓ યજંમઇદે.

[ઇજ૦, હા ૭૧, ફ૦ ૯.

અર્થ.

તમામ આસ્માનને.....તમામ સેતારાઓને, માહતાબને તથા ખોરશેદને.....તમામ બેહદ રોશનીઓને અમો વખાણિયે છિયે.

[ઇજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૧૭૪.

અર્દીબેહસ્ત મહિનો—હોરમજદ રોજ.

અવસ્તા.

અષાઅત્યા હચા વંઘેઉસ્યા મનંઘો, વંઘેઉસ્યા ખષથ્રાત્ સ્તઓતાઈશ ત્વા અહુરા સ્તઓતોઇબ્યો અઇમી ઉખ્ઝ્ઝા ત્વા ઉખ્ઘોઇબ્યો યસ્ના ત્વા યસ્નોઇબ્યો.

[ઈજ૦ હા ૩૫, ક૦ ૧૦.

અર્થ.

અએ હોરમજ્દ ! તારી અશોઇ, ભલી મનસ્ની, તથા સારી પાદશાહીને લીધે તારી સ્તુતિ બીજી બધી સ્તુતિઓમાં વધારે ચઢતી છે, તારી કીર્તિનાં ગાયનો બીજાં બધાં ગાયનો કરતાં વધારે ચઢતાં છે, તથા તારી આરાધના બીજી બધી આરાધના કરતાં વધારે ચઢતી છે.

[ઈજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો. સ૦ ૧૧૨.

અર્દીબેહસ્ત મહિનો—બહમન રોજ.

અવસ્તા.

મજ્દા અથા ખ્શ્માકેમ્ વારેમ્ ખ્શ્નઓષેમ્નો
તત્ મોઇ ફ્રતેઉશ્ મનંઘસ્ચા વીચિથેમ્.

[ઇજ૦ હા ૪૬, ફ૦ ૧૮

અર્થ.

અએ હોરમજદ ! રાસ્તીની મારફતે તારી ખાહેશ તૃપ્ત કરવા હું ઇચ્છું છું. મારી અકલ તથા મનસ્નીનો ઠરાવ એજ છે.

[ગાથા બા માઅની, સ૦ ૧૫૯—૬.

અર્દીબેહેસ્ત મહિનો—અર્દીબેહેસ્ત રોજ.

અવસ્તા.

અષેમ્ વોહૂ વહિસ્તેમ્ અસ્તી, ઉસ્તા અસ્તી, ઉસ્તા અહ્માઇ હ્યત્ અષાઈ વહિસ્તાઈ અષેમ્.

[અષેમ વોહુ.

અષેમ્ અત્ વહિસ્તેમ્ યજમઈદે, હ્યત્ સ્રએસ્તેમ્, હ્યત્ સ્પેન્તેમ્ અમેષેમ્, હ્યત્ રઓચંધ્વત્, હ્યત્ વીસ્પા વોહૂ.

[ઇજ૦, હા ૩૭, ફ૦ ૪.

અર્થ.

રાસ્તી સૌથી સરસ નિયામત છે; તે સુખ છે: સુખ તે શખ્સને માટે છે, કેજે સૌથી સરસ રાસ્તીને વાસ્તે અશો છે.

[ખોરદેહ અવસ્તા બા માએની, સ૦ ૧

અર્દીબેહસ્ત, કેજે સર્વેથી સોહામણો તથા નુરમંદ અમશાસ્પંદ છે, તથા વળી જે સઘળી નિયામત છે, તેને અમો વખાણિયે છિયે.

[ઇજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૧૧૫.

અર્દીબેહસ્ત મહિનો—શેહેરેવર રોજ.

અવસ્તા.

અત્ તેંગ્ દ્રેગ્વાઓ યેંગ્ અષહ્યા વજ્દ્રેંગ્ પાત ગાઓ ફ્રારેતોઇશ્ પોઇશ્રહ્યા વા દખ્યેઉશ વા' દુજ્ જોઆઓ હાંસ્ ખાઇશ્ ષ્યઓથનાઇશ્ અહેમુસ્તો-યસ્તેમ્ ખ્ષથ્રાત્ મજદા મોઇથત્ જ્યાતેઉશ વા, હ્વો તેંગ્ ફ્રો-ગાઓ પથ્મેંગ્ હુચિસ્તોઇશ્ ચરાત્.

[ઈજ૦, હા ૪૬, ક૦ ૪.

અર્થ.

ખરાબ કુવતવાળો તથા પોતાનાં બદ કામોથી જીંદગીને પાયમાલ કરનારો પાપી શખ્સ સચાઇના મદદગારોને તથા શેહેરનાં તેમજ દેશનાં ગાય ઢોરોને ફરવા હરવાથી અડચણ કરે છે; માટે તેવા દુષ્ટ માણસને જે કોઇ તેની સત્તા ઉપરથી યા જીંદગીથીજ ગગડાવી નાખે છે, તે શખ્સ ગાય ઢોરોને તથા સારાં ડહાપણના માર્ગોને મોકળાં કરેછે.

[ગાથા બા માઅની, સ૦ ૧૪૫—૪૬.

અર્દીબેહેસ્ત મહિનો—અસ્પંદાદ રોજ.

અવસ્તા.

...હુખ્રતુશ સ્પેન્તાંમ્યાં આર્મઇતીમ દાંમીમ વીદ્વાઓ હિથાંગ અષહ્યા.

[ઈજ૦, હા ૩૪, ક્ર૦ ૧૦.

ઇજાઓ, યઓસ્તયો ફ્રેરસ્તયો, આર્મતયો, વંઘુહીમ આબીશ અપીમ, વંઘુહીમ ઈષેમ, વંઘુહીમ આઝાઇતીમ, વંઘુહીમ ફ્રસસ્તીમ, વંઘુહીમ પરેન્દીમ યઝમઇદે.

[મોટી હપ્તન યશ્ત, ક૦ ૪, ફ૦ ૨.

અર્થ.

સારી દાનેશવાળો શખ્સ સંપૂર્ણ મનસ્નીને રાસ્તીનું ખરૂં મૂળ જાણે છે.

[ગાથા બા માઅનીની, સ૦ ૯૦.

સુખાકારી, પવિત્રાઇ, વૃદ્ધિ, સંપૂર્ણ મનસ્ની, તેની સાથે વળી ભલી ઇચ્છા, ભલી આબાદી, ભલી શિખામણ તથા ભલી ચંચળાઇને અમો વખાણિયે છિયે. [ખોર૦ અવ૦ બા માયની, સ૦ ૧૭૯.

અર્દીબેહુશ્ત મહિનો—ખોરદાદ રોજ.

અવસ્તા.

હઉર્વતાતો રથ્વો યાઈર્યયાઓ હુખિતોઇશ.

[ખોરદાદ યશ્ત.

અત્ હ્વો વંઘેઉશ વહ્યોના અઇબી-જમ્યાત્
યે નાઓ એરેઝૂશ સવંઘો પથો સીષોઇત
અઘ્યા અંઘેઉશ અસ્ત્વતો મનંઘસ્યા
હઇથ્યેંગ આ-સ્તીશ યેંગ આખએતી અહુરો.

[ઇજ૦, હા ૪૩, ફ. ૩.

અર્થ.

ખોરદાદ ફસલને બરાબર વક્ત ઉપર લાવનારો સરદાર છે.

[ખોરદેહ અવસ્તા બા માએની, સફે ૨૦૨.

જે શખ્સ આ હાડમંદ અને પેલી મીનોઇ દુનિયા—કેજે મોજુદ દુનિયા તર્ફ હોરમજ્દ રહે છે તે—ના ફાયદાના રાસ્ત માર્ગો બતાવી શકે તે માણુસ પોતે કીધેલાં ભલાંના કરતાં વધારે ભલું હાંસેલ કરો !

[ગાથા બા માએની, સ૦ ૧૦૦—૧૦૧.

અર્દીબેહસ્ત મહિનો—અમરદાદ રોજ.

અવસ્તા.

યેન્હા સવા ઈષાઓન્તી રાદંઘો
યોઇ-જી જવા અઓંઘરેચાં બ્વન્તિચા;
અમેરેતાઇતી અષાઉનો ઉર્વા અએષો;
ઉતયૂતા યા નેરાંશ સાદ્રા દ્રેગ્વતો.

[ઈજ૦ હા ૪૫, ફ૦ ૭.

અર્થ.

સખાવત કરનારા અશો માણસો જેઓ હાલ હયાત છે, જેઓ આગળ થઇ ગયા, અને જેઓ હવે પછી થશે તેઓ તે (હોરમજદ)થી ખચીત ફાયદો ઈચ્છે છે. તેવા અશો માણસનું રવાન બેહસ્તનાં સુખની ખાહેશ રાખનારૂં હોયછે, પણ પાપી માણસોને તો સખ્ત પિડા ખમવી પડે છે.

[ગાથા બા માઅની, સ૦ ૧૩૦.

અર્દીબેહસ્ત મહિનો—દેપાદર રોજ.

અવસ્તા.

યે વહ્યો વંઘેઉશ વજ્દે યસ્ચા હોઇ વારાઇ રાદત્ અહૂરો ખ્ષથ્રા મજ્દાઓ અત્ અહ્માઇ અકાત્ અષ્યો, યે હોઇ નોઇત્ વીદાઇતી અપેમે અંઘેઉશ્ ઉર્વએસે.

[ઇજ૦, હા ૫૧, ક. ૬.

અર્થ.

જે કોઇ હોરમજ્દને ખુશહાલ કરવા થકી તેને ભેટ સાથે આરાધે છે તેને તે સાહેબ પોતાની સર્વશકિતથી સારાંના કરતાં વધારે સારૂં આપે છે. વળી જે કોઇ તેની ભકિત કરતો નથી તેને દુનિયાની છેક આખેરીમાં (યાને કેયામતને દહાડે) ખરાબના કરતાં વધારે ખરાબ ખચીત આપશે.

[ગાથા બા માએની, સ. ૨૦૭.

અર્દીબેહુશ્ત મહિનો—આદર રોજ.

અવસ્તા.

આતરેમ્ સ્પેન્તેમ્ યજમઇદે તખ્મેમ્ હન્તેમ્ રથએસ્તારેમ્.

[ઈજ૦, હા ૬૨, ફ. ૮.

અષા થ્વા આથ્રો વેરેજેના પઓઉરૂયે પઇરિજસામઇદે, મજદા અહુરા થ્વા થ્વા મઈન્યૂ સ્પેનિસ્તા.

[મોટી હફતન યશ્ત, ક૦ ૨, ફ૦ ૧

અર્થ.

વૃદ્ધિ કરનાર, જોરાવર, રોશન તથા બદીની સામે લડનાર આતશને અમો વખાણિયે છિયે.

[ઈજશ્ને તથા વીસ્પરદનો તરજુમો, સ. ૧૫૨.

અય સૌથી વૃદ્ધિ કરનાર મીનો હોરમજદ! આ આતશના મારફતે સૌથી પહેલાં તુંને અને તુંનેજ અમો પહોંચિયે છિયે.

[ખોર૦ અવ૦ બા માઅની, સ૦ ૧૭૬.

અર્દીબેહસ્ત મહિનો—આવાં રોજ.

અવસ્તા.

અત્ ર્હ્વો મજદા ઇજાચા આઝ્નૂઇતિસ્ચા,
યે દએનાંમ્ વોહૂ સાર્સ્તા મનંઘા.

[ઇજ૦, હા ૪૯, ફ૦ ૫.

અર્થ.

અએ હોરમજદ, જે કોઇ માઝદયસ્નની દીનને નેક મનશ્નીથી શ્રેષ્ટ ગણે છે તે પોતેજ પુષ્કળપણું અને આબાદી છે.

[ગાથા બા માએની, સ. ૧૮૪.

અર્દીબેહસ્ત મહિનો—ખોરશેદ રોજ.

અવસ્તા.

ઉજયર ઉજિર હ્વૅરેખ્ષએત અઉર્વંત્ અસ્પ... રઓખ્ષ્નેમ્ કેરેનવાહિ દામહ્વૅ.

[વંદીદાદ, પરગરદ ૨૧, ક૦ ૫

અર્થ.

અએ તેજ ઘોડાવાળા ખોરશેદ,.....તું ઉગ! કે પેદાયશોમાં તું રોશની કરે!

[વંદીદાદનો તરજુમો, સ૦ ૩૩૦

અર્દીબેહસ્ત મહિનો—મોહોર રોજ.

અવસ્તા.

તત માઓંઘૂહેમ પઇતિવએનેમ, તત માંઓંઘૂહેમ પઇતિ-વીસેમ, રઓખ્ષ્નેમ માઓંઘૂહેમ અઇવિ-વએનેમ રઓખ્ષ્નેમ માઓંઘૂહેમ અઇવિવીસેમ, હિસ્તેન્તિ અમેષાઓસ્પેન્ત ખરેનો દારયેઇન્તિ, હિસ્તેન્તિ અમેષાઓસ્પેન્ત ખરેનો બખ્ષેન્તિ, જ઼ામ પઇતિ અહુરધાતાંમ.

[માહબોખ્તાર નિયાએશ.

અર્થ.

જ્યારે તે અંધારીના ચંદ્રને હું જોઉંછું તથા તે અંધારીના ચંદ્રને કબૂલ રાખુંછું, જ્યારે રોશન ચંદ્રને હું જોઉં છું તથા તે રોશન ચંદ્રને હું કબૂલ કરૂં છું, ત્યારે અમશાસ્પંદો ઉભા રહે છે, તેનાં ખોરેહને ટકાવી રાખે છે; ત્યારે અમશાસ્પંદો ઉભા રહે છે, અને હોરમજ્દની પેદા કીધેલી જમીન ઉપર તે ખોરેહ-ને પાંથરી નાખે છે.

[ખોરદેહ અવસ્તા બા માએની, સ.૭૭.

અર્દીબેહેસ્ત મહિનો—તીર રોજ.

અવસ્તા.

જઓથ્રાઅ્યો તિસ્ત્રીમ્ સ્તારેમ્ રએવન્તેમ્ ખરેનંઘુહન્તેમ્ યજમઇદે, રામપયનેમ્ હુપયનેમ્, અઉરપેમ્ રઓખ્ષ્નેમ્ ફ્રાદેરેસ્રેમ્ વ્યાવન્તેમ્, બએષજીમ્ રવોફ્રઓથ્મનેમ્ બેરેજન્તેમ્, દૂરાત વ્યાવન્તેમ બાનુઅ્યો રઓખ્ષ્નઅ્યો અનાહિતએઇબ્યો.

[તીર યશ્ત, ફ૦ ૨.

અર્થ.

ચળકાટવાળા, નૂરમંદ, રામશનીની બેઠક રાખનાર, સારી બેઠક રાખનાર, કિર્મજી રંગના, પ્રકાશતા, તરત નજરમાં આવી જાય તેવા, મદદ કરનાર, તનદુરસ્તી આપનાર, ફરાખીથી આગળ વધનાર, બુલંદ દરજ્જાના, પોતાના ચળકાટવાળા તથા સાફ કિરણો મારફતે રાહદારીને દૂર વેરથી મદદ કરનાર તેસ્તર સેતારાને ક્રિયાની ભેટોથી અમો યાદ કરિયે છિયે.

[ખોરદેહ અવસ્તા બા માઅ્ની, સ. ૧૨૬.

અર્દીબેહુસ્ત મહિનો—ગોશ રોજ.

અવસ્તા.

ચોઇ દુશ-ખ્રથ્વા અએષેમેમ્ વરેદેન્ રામેમ્ચા,
ખાઇશ હિઝ્વાબીશ ફ્સુયસ્ અફ્સુયન્તો.

[ઇજ્જ૦, હા ૪૯, ફ. ૪.

અર્થ.

જેઓ બુરી અકલથી તથા પોતાની બુરી જબાનથી ગુસ્સા તથા અદેખાઇને વધારે છે, તેઓ ઉદ્યોગી માણસોમાં નકામાં હોયછે.

[ગાથા બા માએની, સ. ૧૮૩.

અર્દીબેહસ્ત મહિનો—દેપમેહેર રોજ.

અવસ્તા.

ઇથા આત્ યજમઇદે અહુરેમ્ મજદાંમ યે ગાંમ્ચા અષેમ્ચા દાત્, અપસ્ચા દાત્, ઉર્વરાઓસ્ચા વંઘુહીશ્, રઓચાઓસ્ચા દાત્, બૂમીમ્ચા વીસ્પાચા વોહૂ.

[ઇજ૦, હા ૩૭, ફ૦ ૧.

અર્થ.

હોરમજદ, કેજેણે જાનવર તથા અનાજ પેદા કીધાં, તથા પાણી અને સારાં ઝાડપાન પેદા કીધાં, તથા (આસ્માનની) રોશનીઓ અને જમીન તથા તમામ નિયામતો પેદા કીધી છે તેને અમો આ પ્રમાણે આ જગાએ યાદ કરિયે છિયે.

[ઇજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સફે ૧૧૪.

અર્દીબેહસ્ત મહિનો—મેહેર રોજ.

અવસ્તા.

નિજબયેમિ મિથ્રેમ વોઉરૂગઓયઓઇતીમ હુજએનેમ્ ખરેનંઘસ્તેમેમ જયનાંમ્ વેરેથ્રવસ્તેમેમ જયનાંમ્ [વંદી૦, પરગ૦ ૧૯, ફ૦ ૧૫

મેરેન્ચઇતે વીસ્પાંમ્ દઇધ્યુહઓમ્ મઇર્યો મિથ્રો-દ્રુખ્શ, સ્પિતમ, યથ સતેમ્ કયધનાંમ્ અવવત અષવ-જચિત [મેહેર યશ્ત, ફ૦ ૨.

અર્થ.

મેહેર ઇજદ, કેજે સૃષ્ટિની હકુમત ધરાવનાર, સારાં હથિયાર ધરાવનાર, ફતેહમાં સૌથી કીર્તિવાન, તથા ફતેહમાં દુશ્મનને ઘણોજ મારનાર છે, તેની હું તારીફ કરૂં છું. [વંદીદાદનો તરજુમો, સ૦ ૩૦૮.

અય સપેતમાન જરથોસ્ત! ઘાતકી કૌલ તોડનાર શખ્સ તમામ દેશને ખરાબ કરે છે, તથા એકશો દુષ્ટ માણસોના જેટલી તે અશો માણસને હાનિ પહોંચાડનારો થાય છે.

[યશત બા માએની, સ૦ ૫૭.

અર્દીબેહસ્ત મહિનો—સરોશ રોજ.

અવસ્તા.

તખ્મહે હાંમ્ વરેતિવતો બાઝુશ-અઓજંઘો રથએસ્તાઓ કમેરેધોજનો દએવનાંમ્ વનતો વનઇતીશ્ વનઇતિવતો અપઓનો વનતો વનઇતીશ વનઇન્તીમ્ચ ઉપરતાતેમ યઝમઇદે, યાંમ્ચ સ્રઓષહે અષ્યેહે...

[ઇજ઼ા, હા ૫૭, ફ૦ ૩૪.

અર્થ.

જ઼ોરાવર, બચાવ કરનાર, બાજુની કુવતવાળા, લડવૈયા, તથા દેવોનાં માથાં ભાંજનાર સરોશ ઇજ઼દને, ફતેહથી ફટકો મારનાર સરોશની ફતેહને, અને સૌથી મોટી ફતેહ જે અશો સરોશ ઇજ઼દની છે તેને અમો વખાણિયે છિયે.

[ઇજ઼ા૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૧૨૩૮

અર્દીબેહૂશ્ત મહિનો—૨૨ને રોજ.

અવસ્તા.

રષ્નૂમ રજિશ્તેમ્ યઝમઇદે.

(ઈ૰ હા, ૬ ફ૰ ૬

અસ્ત્વત્ અત્રેમ્ ખ્યાત્ ઉસ્તાના અઓજો-ઘ્વત્.

(ઈ૰, હા૰ ૪૩, ફ૰ ૧૬.

અર્થ.

સૌથી સાચા રશ્નુ ઈજદને અમો યાદ કરિયે છિયે.

(ઈ૰ તથા મીસ્પ૰ નો તરજુમો, સ૰ ૩૭

રાસ્તી પૂર તેજ સાથ જોરાવર અને ફતેહ-મંદ થાઓ!

(ગાથા બા માએની, સફે ૧૧૨

અર્દીબેહસ્ત મહિનો—ફરવરદીન રોજ.

અવસ્તા.

આયેસે યેસ્તિ આફ્રવષિ અહુરહે મઝ્દ-દાઓ અમેષનાંમ્ સ્પેન્તનાંમ્ મત્ વીસ્પાબ્યો અષઓનિબ્યો ફ્રવષિબ્યો યાઓ મઇન્યવનાંમ યજતનાંમ્. આયેસે યેસ્તિ આફ્રવષિ ગયેહે મરથ્નો જરથુસ્ત્રહે સ્પિતામહે કવોઇશ વીસ્તાસ્પહે ઇસત-વાસ્ત્રહે જરથુસ્ત્રોઇશ મત વીસ્પાબ્યો અશઑનિબ્યો ફ્રવષિબ્યો યાઓ પઓઇર્યનાંમ ટકએષનાંમ્.

(ઇજ૦ હા ૨૩, ફ૦ ૨.

અર્થ.

હોરમજદનાં તથા અમશાસ્પંદોનાં ફરોહરોને, તથા સાથે મીનો ઇજદોનાં તમામ અશો ફરોહરોને ઇજશનેમાં હું યાદ કરૂં છું. ગયોમર્દનાં, સપેતમાન જરતોશતના વડા બેટા એસદવાસ્તરનાં ફરોહરોને, તેમજ પોર્યોદકેશી લોકોનાં તમામ અશો ફરોહરોને ઇજશનેમાં હું યાદ કરૂં છું.

(ઇજ૦ તથા વીસ્પરદનો તરજુમો, સફે ૧૦૧.

અર્દીબેહુશ્ત મહિનો—બેહેરામ રોજ.

અવસ્તા.

વેરેથ્રઘ્નેમ્ અહુરધાતેમ્ યજમઇદે, અર્ષા-કરેમ્, મર્ષા-કરેમ્, ફ્રષો-કરેમ્, હુઁખ્તેમ્, હુઁવાયઓનેમ્

(બેહેરામ યશ્ત, ક૦ ૨૮.

અર્થ.

હોરમજદનો પેદા કીધેલો બેહેરામ ઇજદ, કે જે મર્દાન્ગી આપનાર, મોત લાવનાર, વધારે, (કયામત) કરનાર, મજબૂત વિચારનો, તથા સારાં કુવતવાળો છે, તેને અમો યાદ કરિયે છિયે.

(ખારદેહ અવસ્તા બાં માઅેની, સફે ૩૧૦

અર્દીબેહુશ્ત મહિનો—રામ રોજ.

અવસ્તા.

તા વે મજ્દા પઓઉર્વીમ્ અહુરા આષાઇયેચા
......દોઇપા—મોઈ ઇસ્તોઈશ્ ખ્ષથ્રેમ્
ખ્માકેમ્ વોહુ મનંધા વહ્માઇ દાઇદી સવંધો.

અય હોરમજદ! જે તને હું પુછું તેનો તું ખરો જવાબ દેજે. જેઓ સાથ હું વાતચીત કરૂં છું તેઓમાં રાસ્ત કોણ છે અને દુષ્ટ કોણ છે? તે બેમાંથી કોની તર્ફ ગનામીનો છે? તે બેમાંનો કયો શખ્સ પોતેજ ગનામીનો જેવો છે? જે બદ માણસ મને તેમજ તારી નિયામતોને વગોવે છે તે પોતે શા માટે ગનામીનોને લગતો ગણાતો નથી?

[ગાથા બા માઅની, સ૦ ૧૨૨—૨૩.

આદર મહિનો—જમ્યાદ રોજ.

અવસ્તા.

યો યોમ્ કારયેઇતિ હો અષેમ્ કારયેઇતિ હો દએનાંમ્ માજદયસ્નીમ્ ફ્રવાઝ વજઇતિ હો ઇમાંમ્ દએનાંમ્ માજદયસ્નીમ્ ફ્રપિનઓઇતિ સતેમ્ પઇતિસ્તનાંમ્ હજંઘ્રેમ્ પઇતિ દરનાંમ્ બએવરે પઇતિ યસ્નો કેરેઇતિનાંમ્.

[વંદી૦, પરગ૦ ૩, ફ૦ ૩૧.

અર્થ.

જે શખ્સ અનાજની ખેતી કરેછે તે રાસ્તીની ખેતી કરેછે; તે માઝદયસ્ની દીનને વધારાએ કરીને વધારે છે; તે માઝદયસ્ની દીનને આબરૂઓમાંની એકશો ગણી આબરૂથી, જતનોમાંની એક હજાર ગણી જતનથી, અને આરાધનાનાં કામોમાંનાં દશ હજાર ગણાં કામોથી આબાદ કરેછે.

[વંદીદાદનો તરજુમો, સ૦ ૮૩.

આદર મહિનો—મારેસ્પંદ રોજ.

અવરતા.

દાઓસ્તૂ મઝ્દા ખ્પયાચા યા વે માંથ્રા સ્રેવીમા
રાદાઓ.

[ઈજ્શ૦, હા૦ ૨૮, ફ૦ ૭.

અર્થ.

અએ મોટું જ્ઞાન ધરાવનાર તથા હકુમત કરનાર સાહેબ! તું એવી બખ્શેશ કર કે જેથી અમો તારા કીમતી માંથ્રવાણીના સખુનો ઉપર ધ્યાન આપિયે.

[ગાથા બા માઅની, સ૦ ૮.

આદર મહિનો—અનેરાન રોજ.

અવસ્તા.

મઝ્દા વહિસ્તેમ્ તત્ ને નૂચીત્ વરેપાને.

[ઇજ૦, હા, ૫૧, ફ૦ ૧.

અર્થ.

અએ હોરમજદ! અમારે માટે જે કાંઇ સૌથી સરસ હોય તે હવે અમો કરીશું,

[ગાથા બા માએની, સ૦ ૨૦૩.

દએ મહિનો—હોરમજદ રોજ.

અવસ્તા.

થ્વોઈ અસ્ આર્મઇતીશ્ થ્વે આ ગેઉશ્ તષા અસ
ખ્રતૂશ્
મઇન્યુશ્ મઝ્દા અહુરા, હ્યત્ અઝ્યાઇ દદાઓ
પથાંમ્,
વાસ્ત્ર્યાત્ વા આઇતે, યે વા નોઇત્ અંહૂહત્
વાસ્ત્ર્યો.

[ઈજ૦, હા ૩૧, ફ૦ ૯

અર્થ.

સંપૂર્ણ ડહાપણ, અએ હોરમજ્દ! તારૂં છે; દુનિયાને બનાવવાની ગેબી અકલ તારી છે. જે શખ્સ ઉદ્યોગથી પોતાની જીંદગી ગુજારે, અથવા જે શખ્સ ઉદ્યોગી નહિ હોય, તેને માટે ઘટતો બદલો આપવાનો માગ તેં મુકરર કીધોછે.

[ગાથા બા માએની, સ૦ ૩૯—૪૦.

દ્અે મહિનો—બહમન રોજ.

અવસ્તા.

વોહૂ મનો વહિસ્તેમ્ .

[ઈજ૦, હા ૬૯, ફ૦ ૧.

કદા મજદા યોઇ ઉખ્ષાનો અસ્નાંમ ,
અંઘ્હેઉશ દરેથાઇ ફ્રો આપ્હ્વા ફ્રારેન્તે,
વેરેજદાઇશ સેંગ્હાઇશ સઓષ્યન્તાંમ્ ખ્રતવો;
કએઇબ્યો ઉથાઇ વોહૂ જિમત્ મનંઘ્હા.

[ઈજ૦ હા ૪૬, ફ૦ ૩.

અર્થ.

નેક મનસ્ની ઉત્તમ છે.

[ઈજ૦ અને વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૧૬૮.

અય હોરમજ્દ ! અશોઇની દુનિયાની આબાદાનીને માટે સોસ્યન્તો[1] ની ઉત્તમ બુદ્ધિ, કે જે કેયામતના દહાડાને પ્રકાશ આપનારી છે, તે એજમતી આકાશવાણી સાથે મને કયારે મળશે ? ભલી મનસ્નીવાળા કયા શખ્સને તે મદદ આપશે ? [ગાથા બા માએની, સ૦ ૧૪૪—૪૫.

---

૧ જરતોસ્તની આગમજના દીનદાર લોકો.

૬એ મહિનો—અર્દીબેહેશ્ત રોજ.

અવસ્તા.

આ -વે ગેઉઆ હુમ્યન્તૂ, યોઇ વે બ્યઓથનાઇશ
સારેન્તે,
અહુરે આ‍ા બિઝવા ઉઈધ્યાઇશ વંગ્હેઉશ મનંઘ્રહો
યએષાંમ્ તૂ પોઉરુયો મઝદા ફ્રદષ્ખ્તા અહી.

[ઇજ૦, હા ૫૧, ક૦ ૩.

અર્થ.

અએ હોરમઝદ! જેઓ પોતાનાં નેક કામો-થી, રાસ્ત સખુનોથી, તથા ખરાં અંતઃકરણથી કીધેલી બંદગીથી તને સરદાર તરીકે ગણે છે, તથા જેઓનો સૌથી પહેલો રેહનુમા તું છે, તેઓ પોતાની પ્રસિદ્ધતાને લીધે આખેરે તારાં નૂરમાં મલી જશે.

[ગાથા બા માએની, સફે ૨૦૪—૫.

૬ઠો મહિનો—શેહેરેવર રોજ.

અવસ્તા.

વોહૂ ખ્શથ્રેમ્ વઇરીમ્ બાગેમ્ અઇબી-બઇરિસ્તેમ્ , વીદીષેમ્નાઇશ ઇઝાચીત્ અષા અન્તરે-ચરઇતી શ્યઓથનાઇશ.

[ઇજશ્ને હા ૫૧, ક૦ ૧.

અર્થ.

સારી સત્તા, કે જે પસંદ કરવાજોગ તથા ઘણીજ મદદ આપનારી દોલત છે, તે રાસ્તીને લીધે તેમજ પવિત્ર કામોને લીધે આ દુનિયામાં આબાદી, સુખ ઇત્યાદિ પાંથરેછે.

[ગાથા બા માઅનેની, સ૦ ૨૦૩.

૯એ મહિનો—અસ્પંદાદ રોજ.

અવસ્તા.

મઝદા અત મોઈ વહિસ્તા સ્રવાઓસ્ચા શ્યઓ-
થનાચા વઓચા
તા -તૂ વોહૂ મનંઘ્હા અપાચા ઇષુદેમ સ્તૂતો,
ખ્શ્માકા ખ્શથ્ર અહુરા ફ્રેરોમ વસ્ના હઇથ્યેમ દાઓ
અહૂમ.

[ઇજ઼ા, હા ૩૪: ક૦ ૧૫.

અર્થ.

અએ હોરમઝદ ! તું મને સર્વોત્તમ દીનના કલામો તથા કામો વિશે કહે, કે તેથી પચાત નેક મનશ્ની તથા રાસ્તીથી તારી કીર્તિનાં ગાયનનું કર્ઝ હું અદા કરૂં, કે જેના અવેજમાં તારી સત્તાની રૂએ તથા તારી મર્ઝી મુજબ મારી જીંદગીને તું ખરેખર તાજગી બખ્શે.

[ગાથા બા માની, સ૦ ૯૪-૯૫.

દએ મહિનો—ખોરદાદ રોજ.

અવસ્તા.

કાંમ્ નેમોઇ જાંમ્ ? કુથ્રા નેમોઇ અયેની
પઇરી ખએતેઉશ અઇર્યમનસ્યા દદઇતી ?
નોઇત્ મા ખ્ષ્નાઉશ યા વેરેજેના હેચા
નએદા દખ્યેઉશ યોઇ સાસ્તારે દ્રેગ્વન્તો.
કથા થ્વા મઝ્દા ખ્ષ્નઓષાઇ અહુરા ?

[ઇજ૦, હા ૪૬, ફ૦ ૧.

............તુષ્ના મઇતિશ વહિસ્તા.

[ઇજ૦, હા ૪૩, ફ૦ ૧૫.

અર્થ—અએ હોરમજદ ! મારા ખેશીઓ તથા ફરમાંબરદારો મને છોડી ગયા છે, માટે હવે કઇ જગાએ હું વળાણુ લઉં ? અને કઇ તર્ફે જાઉં ? દેશના ધંધાદારીઓ કે પાપી જુલ્મગારો, એ બેમાંના કોઇબી મને રાજી રાખતા નથી. એમ છે, માટે અય સાહેબ, હવે હું તને કેવી રીતે ખુશહાલ કરીશ ?

[ગાથા બા માઅનેની, સ૦ ૧૪૨—૪૩.

એક સંતોષી વિચાર સૌથી સરસ ચીજ છે.

[ગાથા બા માઅનેની, સ૦ ૧૧૨.

૬ઠ્ઠે મહિનો—અમરદાદ રોજ.

અવસ્તા.

આરોઇ જી ખ્શ્મા મજદા અષા અહુરા!
યત યૂષ્માકાઇ માંથ્રાને વઓરા જથા
અઇબી-દેરેસ્તા આવીષ્યા અવંઘહા
જસ્તાઇસ્તા યા -નાઓ ખ્ઞાથ્રે દાયાત.

[ઈજ૦, હા૦ ૫૦, ક૦ ૫.

અર્થ.

અએ અશો હોરમજંદ! તારી દીનનો કલામ આસ્કારા કરનારને મજબુત તથા જાહેર મદદ આપીને પુરતી રીતે તું ખચીત ખુશહાલ કર, કે જેથી પુર કુવતવાળો થઇને તે શખ્સ અમોને સુખ આપે.

[ગાથા બા માઅનેની, સ૦ ૧૯૪.

હએ મહિનો—દેપાદર રોજ.

અવસ્તા.

ઉસ-મોહ ઉજારેંવ્યા અહુરા આર્મઇતી તેવીષીમ્ દરેંવા,
સ્પેનિસ્તા મઇન્યૂ મજદા વંઘુહુયા જવો-આદા,
આષા હજો એમવત્ વોહૂ મનંઘ્હા ફ્રેસેરતૂમ્.

[યજ૦, હા ૩૩, ક૧૨.

અર્થ.

અએ ઘણીજ વૃદ્ધિ કરનાર તથા બંદગીનો બદલો ભલી નિયામતમાં આપનાર મીનો હોરમજદ! મને તું પવિત્ર કર, મારી સભ્યતાને લીધે મને તું કુવત બખ્શ, મારી અશોઇને લીધે હિમતવાળું જોર બખ્શ, તથા મારી નેક મનસ્નીને લીધે મને સરદારી બખ્શ!

[ગાથા બા માએની, સ૦ ૭૯—૮૦

દએ મહિનો—આદર રોજ.

અવસ્તા.

અત્ આ થ્વહ્માઇ આથ્રે રાતાંમ્ નેમંઙ્હો
આપઘ્ના મા યવત્ ઇસાઇ મન્યાઇ.

[યજ૦, હા ૪૩, ફ૦ ૯.

અર્થ.

અએ હોરમજંદ ! જ્યાં સુધી મારામાં તાકત રહેશે ત્યાં સુધી તારા આતશને માટે નમાજની તથા રાસ્તીની ભેટ ખચીત હું કીમતી ગણીશ.

[ગાથા બા માએની, સફે ૧૦૬.

દએ મહિનો—આવાં રોજ.

અવસ્તા.

હમેમ્ તત્ વહિસ્તા ચીત્ યે ઉશુરયે સ્યસ્ચીત્ દાંહ્વા
ખ્યથાંસ મજદા અહુરા યેંઘા-યા આઇથિસ્ચીત્
દએથા,
ઘત્ અએન ઘોઇ દ્રેગ્વતો અષેઆન્ ઇષ્યેંગ્ અંઘ્વા
[ઉશ્ત૦, હા ૩૨, ફ૦ ૧૬.

અર્થ.

અએ સર્વ ઉપર હકુમત કરનાર હોરમ-જદ! જે બાબતનો મને શક હોય તેનો અંત લાવવા માટે ઘણી હુશિયારીથી આપેલી દીનદાર માણસની ધર્મ સંબંધી કેળવણી બધી રીતે સૌથી સરસ ઇલાજ છે, કારણ કે દીન ફેલાવવાની ખાહેશ રાખનારને તેનો ઘટતો બદલો મળશે, પણ પાપી માણસને તો શિક્ષા ખમવાની છે.

[ગાથા બા માઅની, સ૦ ૬૬-૬૭.

૯એ મહિનો—ખોરશેદ રોજ.

અવરતા.

આઅત્ યત્ હ્વરે ઉશ્નુખ્શ્યેઇતિ, ઞ્ઞત્ જાંમ અહુરધાતાંમ્ યઓઝ્દાથ્રેમ્, આપેમ્ તચિન્તાંમ્ યઓઝ્દાથ્રેમ્, આપેમ્ ખાંન્યાંમ્ યઓઝ્દાથ્રેમ્, આપેમ્ ઝ્રયનાંમ્ યઓઝ્દાથ્રેમ્, આપેમ્ અર્મએસ્તાંમ્ યઓઝ્દાથ્રેમ્ ઞ્ઞત્ દાંમ્ અપવ યઓઝ્દાથ્રેમ્, યાઓ હેન્તિ સ્પેન્તહે મઇન્યેઉશ.

[ખોરશેદ નિયાએશ, ક૦ ૧૨-

અર્થ.

જ્યારે ખોરશેદ ઉગે છે ત્યારે તે હોરમજદની પેદા કીધેલી જમીનને, તેમજ વહેતાં, ઝરાનાં, દરિયાનાં અને થમ પાણીઓને, તથા અશો પેદાયશ કે જે સપેનામીનોની છે તેને, પાકીજગી આપવાનો સબબ થાય છે.

[ખોર૦ અવ૦ બા માએની, સ૦ ૩૫-

હએ મહિના—મોહોર રોજ.

અવસ્તા.

કે-મોઇ પસેઉશ કે મે ના થ્રાતા વિસ્તો.
અન્યો અપાત્ ચ્વત્મા, મઝ્દા અહુરા !

[ઇજ૦ હા ૫૦, ફ૦ ૧.

અર્થ.

અએ હોરમજદ! તું તથા રાસ્તી તથા સાથી નેક મનસ્ની સિવાય મારાં પશુઓનો બચાવ કરનાર કોણ છે ? .

[ગાથા બા માએની, સ૦ ૧૯૧.

દએ મહિનો—તીર રોજ.

અવસ્તા.

તિસ્ત્રીમ્ સ્તારેમ્ રએવન્તેમ્ ખરનંઘ્રુહન્તેમ્ યજમઇદે, યિમ્ વીસ્પાઇશ પઇતિ-સ્મરેન્તે યાઇશ સ્પેન્તહે મઇન્યેઉશ દામાંન્ અધઇરિ-જેમાઇસ્ચ, ઉપઇરિ-જેમાઇસ્ચ, યાચ ઉપાપ, યાચ ઉપસ્ય, યાચ ફ્રપ્તેરેજાંન્, યાચ રવસ્ચરાંન્, યાચ ઉપઇરિ તાઓ અકરન અનઘ્ર અપઓનો રિતશ આઇધિ.

[તીર યશ્ત, ફ૦ ૪૮.

અર્થ.

ચળકાટવાળા તથા નૂરમંદ તેસ્તર સેતારાને અમો યાદ કરિયે છિયે, જેને સપેનામીનોની તમામ પેદાયશ, જેમકે જમીનની અંદર રહેનારાં, જમીનની ઉપર રહેનારાં, પાણીમાં રેહેનારાં, જમીનથી ઉપર રહેનારા, ઉડનારાં, લાંબી ફલંગ મારનારાં, તથા એ ઉપરાંત અશોની બીજી બેશુમાર અને બેહદ પેદાયશ, આતુરતાથી યાદ કરે છે.

[ખોર૦ અવ૦ બા માએની, સ૦ ૨૪૧—૪૨.

૬ઍ મહિનો—ગોશ રોજ.

અવસ્તા.

અત યા વરેષા યાચા પઇરી આઇશ બ્યઓથન,
વાચા વોહૂ ચષ્માંમ અરેજત મનંઘ્હા.

[ઈજ૦, હા ૫૦, ફ૦ ૧૦.

અર્થ.

અએ હોરમજ્દ! જે જે સારાં કામો હું એકેક પછી કરીશ તે મારી નેક મનસ્નીને લીધે તારી નજરમાં માનને લાયક ગણાશે.

[ગાથા બા માઅેની, સ૦ ૧૯૮.

દએ મહિનો—દેપમેહેર રોજ.

અવસ્તા.

હ્વત્ ના ક્રયાઇ વએદમ્નો ઇસ્વા દઇદીત્
મઝ્દ્‌મ્યો મઝ્દા તવા રફેનો ફ્રાષ્ઠ્નેનેમ્
હ્વત્ થ્વા ખ્ષથ્રા અષાત્ હચા ફ્રાંષ્ઠ્તા
ઉઝેરેઇધ્યાઇ અઝેમ્ સરેદનાઓ સેંગ્હુશ્યા
મત્ તાઇશ્ વીસ્પાઇશ્ યોઇતોઇ માંથ્રાઓ મરેન્તી.

[ઇશ્ત્ત૦ હા ૪૩, ક્૦ ૧૪.

અર્થ.

અય હોરમજદ! દાનેશમંદ તથા તાકતવાળો શખ્સ હું દોસ્તને તારેથી મળતી તે ખુશહાલી પુરતી રીતે આપી શકશે, કે જે તારી સર્વશક્તિ તથા અશોઇને લીધે તેં ફરમાવેલી છે. શિખામણ-ના સરદારોને, તથા બીજા તમામ્ જેઓ તારા માંથ્ર યાદ કરે છે તેઓને તારી દીન ફેલાવવાનાં મારાં કામમાં હું ઉસ્કેરીશ.

[માયા બા માઅ્નેની, સ૦ ૧૧૦.

૬એ મહિનો—મેહેર રોજ.

અવસ્તા.

ખ્યત્ આ બૃ્સ્તીશ્ વસસે ખ્પથ્રઝ્ગા ઘા
ચવત્ આ ય્ત્રા મઝ્દા સ્તાઉમ્ા ઉપ્યાચા.

[ઈજ૦, હા ૪૩, ફ૦ ૮.

અર્થ.

અએ હોરમજદ ! હું એવું ઇચ્છું છું કે જ્યાં સુધી હું તને વખાણુંછુ તથા તારી કીર્ત્તિનાં ગાયન ગાઉંછું ત્યાં સુધી તારી પાદશાહીને શોભા આપવામાં તથા તેમ કરવાની ખાહેશમાં હું મશ-ગુલ રહું.

[ગાથા બા માઅેની, સ૦ ૧૦૫.

૯મો મહિનો—સરોશ રોજ

અવસ્તા.

સ્પેન્તેમ્ અત્ થ્વા મજ્દા મેંગ્હી અહુરા
હ્યત્ મા વોહૂ પઇરી-જસત્ મનંઘ્હા
હ્યત્ ખ્શ્મા ઉખ્ધાઇશ્ દીદઇંઘ્હે પઓઉર્વીમ્

[ઈજ્૦ હા ૪૩, ફ૦ ૧૧.

અર્થ.

અએ હોરમજ્દ! જ્યારે તારો કાસદ[1] ભલાં મનની મારફતે મારી પાસે આવ્યો, તથા જ્યારે સૌથી પહેલાં તારા કલામોની બરકતથી હું દાના થયો, ત્યારે મેં તને ખચીત આબાદી કરનાર ગણ્યો.

[ગાથાં બા માએની, સ૦ ૧૦૭

1 સરોશ

દએ મહિનો—રશને રોજ.

અવસ્તા.

વઓચા-મોઇ, યા ત્વેમ્ વીદ્વાઓ, અહુરા!

... ...

ક્રુત્ આઅવા મઝ્દા વેંઘહ્‌ત્ દ્રેગ્વન્તેમ્?

હા -ઝી અંઘ્‌હેઉશ વંઘુહી વિસ્તા આકેરેતિશ.

[ઇજ્ઞ૦, હા ૪૮, ફ૦ ૨.

અર્થ.

અએ હોરમજદ! તું મને કેહે, કારણકે તું સર્વ જાણનારો છે, કે શું રાસ્ત માણસ દુષ્ટ માણસ ઉપર આપંદેહ ફાવશે?—ખચીત ફાવસે, કેમકે આ દુનિયાનો એ એક ખુબીવાળો જાણીતો બનાવ છે.

[માથા બા માઓની, સફે ૧૭૧.

૨જો મહિનો—ફરવરદીન રોજ.

અવસ્તા.

યજમઇદે ફ્રવષીમ્ અવાંમ્ યાંમ્ અહુરહે મજદાઓ મજિસ્તાંમ્ચ વહિસ્તાંમ્ચ સ્રએસ્તાંમ્ચ ખ્રઓજદિસ્તાંમ્ચ ખ્રથ્વિસ્તાંમ્ચ હુકેરેપ્તેમાંમ્ચ આપાત્ અપનો તેમાંમ્ચ.

[ઈજ૦ હા ૨૬, ક૦ ૨.

અર્થ.

હોરમજદનું ફરોહર, કેજે સૌથી મોટું, તથા સૌથી સરસ, તથા સૌથી સોહામણું, તથા ઘણુંજ હિમત આપનાર, તથા ઘણુંજ અકલમંદ, તથા ઘણુંજ સવાબકાર, તથા અશોઇમાં સૌથી શ્રેષ્ટ છે, તેને અમો આરાધિયે છિયે.

[ઇજ૦ તથા વીસ૦ નો તરજુમો, સ૦ ૧૦૬.

૨૦એ મહિનો—બેહરામ રોજ.

અવસ્તા.

દુશ્મઇન્યૂ·જયેન્તેમ્ બવાહિ યથ વેરેથ્રઘ્નેમ અહુરધાતેમ્ ।

[આફ્રરીને પેગાંમ્બર જરતોશ્ત.

નોઇત મઝ્દા અવારુયો દવાંરિચ્ના હુમેરેતોઇશ બખ્ખ્તા.

[ઇજ૦, હા ૩૧, ફ૦ ૧૦.

અર્થ.

હોરમજદના પેદા કીધેલા બેહરામ ઇજદના જેવા દુસ્મનને મારનાર થજો !

[ખોરદેહ અવસ્તા બા માયેની, સ૦ ૩૩૧.

અએ હોરમજદ ! ઠગાઈ કરનાર આળસુ માણુસ દીનના સારા કાનુનનો ફાયદો મેળવનાર હોતો નથી.

[ગાથા બા માયેની, સ૦ ૪૧.

દએ મહિનો—રામ રોજ.

અવરતા.

ક્રુત્વોઈ અષા આકાઓ અરેદ્રેંગ્ હ્યા
સ્પંધ્રહેઉશ મન્યેઉશ બ્યઓથનનાંમ્ જવરો ?

[ઇજ્ઞ૦, હા ૪૮, ક૦ ૮.

અર્થ.

અએ હોરમજદ! નેક મનસ્નીના કામોને આબળ વધારનારા તારા ઠેરવેલા જાહેર મદદગારોને રાસ્તીની મારફતે હું કેમ મેળવું?

[ગાથા બા માએની, સ૦ ૧૭૬

દુએ મહિનો—ઓવાદ રોજ.

અવસ્તા.

વઇનીત્ અહ્મિ નમાને સ્રઓષો અસ્રુશ્તીમ્, આખ્ષતિશ અનાખ્ષ્તીમ્, રાઇતિશ અરાઇતીમ્, આર્મઇતીશ તરોમઇતીમ્, અર્શુખ્ધોવાખ્ષ મિથઓખ્તેમ્, વાચિમ્ અષ દ્રુજેમ્.

[ઇજ૦, હા ૬૦, ફ૦ ૫.

અર્થ.

આ ઘરમાંથી તાબેદારી નાફરમાનીને મારી કહાડજો! સલાહ સંપ જ કજીયા કંકાશને ટાળજો સખાવત બખીલીને મારી હટાડજો! સભ્યતા મગરૂરીને દૂર કરજો! સાચો બોલેલો સખુન રાસ્તીને તોડનારા જુઠા બોલેલા બોલને દૂર કરજો!

[ઇજ૦, હા ૬૦, ફ૦ ૫.

દએ મહિનો—દેપદીન રોજ.

અવસ્તા.

કત્ વે ખ્ષથ્રેમ્ કા ઇશ્તિશ્ ષ્યઓથનાઇશ્ મજ્દા
યથા વાઓ હુષ્મી
અષા વોહૂ મનંહ્લા થ્રાયોઇધ્યાઇ દ્રિગૂમ્ યૂષ્માકેમ્.

[ઇજ૦, હા ૩૪, ફ૦ ૫.

અર્થ.

અએ હોરમજદ! તારી પાદશાહી શાની ઉપર રચેલી છે, તથા તારી ખાહેશ શી છે, તે તું મને કહે, કે જેથી કરીને મારાં નેક કામોની મારફતે તારી દોસ્તીમાં રહીને રાસ્તીથી તથા નેક નેયતથી તારા ખરા ગરીબોનું હું પોષણ કરૂં.

[ગાથા બા માએની, સ૦ ૮૫.

દએ મહિનો—દીન રોજ.

અવસ્તા.

દુશ-સસ્તિશ સ્રવાઓ મોરેન્દત્ ધ્વો જ્યાતેઉશ
સેંધ્રહનાઈશ પ્રતુમ્
અપો મા ઇસ્તીમ્ અપયન્તા બેરેખ્ધાંમ્ હાઇતીમ્
વંધ્રહેઉશ મનંધ્રહો
તા ઉખ્ધા મન્યેઉશ મશ્યા મજ઼દા અષાઇચા યૂષ્મ-
ઈબ્યા ગેરેજ઼ે.

[ઈજ઼૦, હા ૩૨, ફ૦ ૯.

અર્થ.

અએ મોટાં જ્ઞાનવાળા અને રાસ્ત! ખોટો ધર્મ સમજાવનાર દીનના કલામો ઉલટાવી નાખે છે, અને તે બુરી શિખવણીઓથી માણસની અકલને ગુમરાહ કરે છે, તથા મારી કનેથી મારી નેક નેયતની ખાહેશ અને ખરી મુરાદ છીનવી લેછે, માટે મારી બાતનની બંદગીથી હું તને કરગરીને અરજ કરૂં છું કે તેઓને તું શેકસ્ત આપજે!

[ગાથા બા માએની, સ૦ ૫૯—૬૦.

૬એ મહિનો—અશીશવંઘ રોજ.

અવસ્તા.

વીદ્વાઓ વીદુશે ત્રઓતૂ; મા એવીદ્વાઓ અઇપી-
દેંગાવયત્.

[ઇવ૦, હા ૩૧, ફ૦ ૭.

અર્થ.

વિદ્વાન માણુસને વિદ્વાનેજ દીનની ખુબીઓ શિખવવી; પણુ જાહેલ માણુસને એ કામ સોંપવું નહિ.

[ગાથા બા માઅની, સ૦ ૪૬.

દએ મહિનો—આસ્તાદ રોજ.

અવસ્તા.

તા વે મજદા પઓઉર્વીમ્ અહુરા અષાઇ યેચા.

[ઇજ૦, હા ૫૧, ફ૦ ૨.

અષાઓ મનિવાઓ વરતા યે
દ્રેગ્વાઓ અચિસ્તા -વેરેજયો,
અષેમ્ મઇન્યુશ સ્પેનિસ્તો, યે
ખ્રઓ જદ્દિસ્તેંગ અસેનો વસ્તે;
યએચા ખ્શ્નઓષેન અહુરેમ્ હઇથ્યાઇશ
શ્યઓથનાઇશ ફ્રઓરેત્ મજદાંમ્.

[ઇજ૦, હા ૩૦, ફ૦ ૫.

અર્થ—અએ હોરમજદ! રાસ્તીને લીધે તને સૌથી પહેલા દરજાનો હું ગણું છું.

[ગાથા બા માએની, સ૮ ૨૦૩—૪.

બે જોડિયા મીનોમાંનો એક કે જે બુરો છે તેણે સૌથી દુષ્ટ કામ પસંદ કીધું છે, પણ સૌથી આબાદી કરનાર મીનો જે સૌથી બુલંદ આસ્માન તર્ફ રહે છે તેણે રાસ્તી પસંદ કીધી છે; અને જેઓ દીનપર એતેકાદ રાખીને નેક કામોથી દાદાર હોરમજદને ખુશહાલ કરે છે તેઓએબી રાસ્તી પસંદ કીધી છે. [ગાથા બા માએની, સ૦ ૨૭.

૬એ મહિનો—આસ્માન રોજ.

અવસ્તા.

અહુરા!.....તઈબ્યો ખ્ષથ્રેમ વોહૂ ચિનસ મનંઘહા.

[ઈજ૦, હા ૪૪, ફ૦ ૬.

અત્યા હ્યત્ તા હેમ્ મઇન્યુ જસએતેમ્ પએઓઉર્વીમ્ દજદે

ગએમ્યા અજ્યાઇતીમ્યા, યથચા અંઙ્હત્ અપેમેમ્ અંઘ્હેઉશ્,

અચિસ્તો દ્રેગ્વતાંમ્ અત્ અષાઉને વહિશ્તેમ્ મનો

[ઈજ૦, હા ૩૦, ફ૦ ૪.

અર્થ—અએ હોરમજદ!.....તારૂં રાજ્ય નેક મનસ્નીની ઉપર સ્થાપ્યું છે. [ગાથા બા માએની, સ૦ ૧૧૭.

જ્યારે પેલા બે મીનો[1] પહેલાં સાથે મલ્યા ત્યારે બુરાઓ માટે જે ઘણોજ બદ મનસ્નીવાળો મીનો છે તેણે નાશ, અને અશોને માટે જે સૌથી સારી મનસ્નીવાળો મીનો છે તેણે જીંદગી પેદા કીધાં; અને જ્યાં સુધી દુનિયા આખેર થશે ત્યાં સુધી એ પ્રમાણે ચાલ્યા કરશે.

[ગાથા બા માએની, સ૦ ૨૬—૨૭.

---

૧ હોરમજદની જોડ શકિતઓ: સપેનામીનો અને ગનામીનો.

દએ મહિનો—જમ્યાદ રોજ.

અવસ્તા.

અહુરા !.....કુએઇબ્યો અજ઼મ રાન્યો-સ્કરેતીમ
ગાંમ્ તશો ?

[ઈજ્ઞ૦, હા ૪૪, ફ૦ ૬.

અર્થ.

અએ હોરમજદ ! કોણુને માટે આ ખુશ-
હાલી ઉપજાવનારી ફરતી દુનિયા તેં પેદા કીધી?

[ગાથા બા માએની, સ૦ ૧૧૭—૧૮.

૬એ મહિનો—મારેસ્પંદ રોજ.

અવસ્તા.

મા·ચિશ. અત્ વે દ્રેગ્વતો
  માંથ્રાસ્ચા ગૂસ્તા સાસ્નાઓસ્ચા,
આઝ્ દેમાનેમ્ વીસેમ્ વા
  શોઇથ્રેમ્ વા દખ્યૂમ્ વા આદાત્
દુષિતાચા મરકએચા.

[ઈજા૦, હા ૩૭ ક૦, ૧૮.

અર્થ.

અય જરતોસ્તીઓ! તમારામાંનો કોઇબી શખ્સ દુષ્ટ માણુસનાં માંથ્ર તથા તેની શિખામણો સાંભળતો મા, કારણ કે તે વચનો અને શિખામણો ઘેરને, મહોલ્લાને, શેહેરને, તથા દેશને સંકટમાં તથા પિડામાં નાખશે.

[ગાથા બા માની, સ૦ ૪૭.

૯મો મહિનો—અનેરાન રોજ.

અવસ્તા.

યે-વે સ્તઓતાઇશ મઝ્દા ફ્રીનાઇ, અહુરા !
અવત્ યાસાંસ્ હ્યત્ વે ઇસ્તા વહિસ્તેમ્.

[ઈજ૦, હા ૪૯, ક૦ ૧૨.

અર્થ.

અય હોરમજદ! તારી મર્જી મુજબ ચાલીને જે કાંઇ સૌથી સરસ છે તેનો તલબ કરનારો થઇ, તારી કીર્ત્તિનાં ગાયનોથી હું તને વખાણીશ.

[ગાથા બા માએની, સ૦ ૧૯૦.

અહુમન મહિનો—હોરમજદ રોજ.

અવસ્તા.

યે જઓતા અષા એરેજૂશ હ્વો મન્યેઉશ આ
વહિસ્તાત્ કુયા
અહાત્ અવા મનંઘ્રહા યા વેરેજયેઇધાઇ મન્તા
વાસ્ત્યા.
તા તોઇ ઇજ્યા અહુરા મઝદા દરેતોઇસ્યા હે
પસ્તોઇસ્યા.

[ઇજ૦, હા ૩૩, કર૦ ૬.

અર્થ.

અએ હોરમજદ! ખાલેસ પરસ્તેશ કરનાર તરીકે રાસ્તીની મારફતે, તથા ઘણીજ નેક નેયતથી તને હું પોતે હરદમ યાદ કરૂં છું, કે જેથી કરીને મારી મુરાદ મુજબનું ધારેલું કામ હું પાર પાડું. અએ સાહેબ! તારેથી આ બે ચીજ હું માંગું છું:—તારાં દર્શન, અને દીન બાબે તારી સાથે વાતચીત.

[ગાથા બા માઅની, સ૦ ૭૩—૭૪.

બહુમન મહિનો—બહુમન રોજ.

અવસ્તા.

અત્ વએદેમ્નાઇ વહિસ્તા સાસ્નનાંમ્
યાંમ્ હુદાઓ સાસ્તી અષા અહુરો,
સ્પેન્તો વીદ્વાઓ યએચીત ગૂઝ્રા સેંઘ્હાઓંહાહો
થ્વાવાંસ્ મઝ્દા વંઘ્હેઉશ્ ખ્રથ્વા મનંઘ્હો.

[ઈજા૦, હા ૪૮, ફ૦ ૩.

અર્થ.

સારી નિયામત બખ્શનાર, આબાદી કરનાર, તથા સર્વજ્ઞ હોરમજદ પોતાની ઉત્તમ શિખામણ કે જે ભેદ ભરેલા કલામો છે તે સમજુ માણુસને તેની રાસ્તીને લીધે શિખવેછે, કે જે માણુસ, અએ હોરમજદ ! ભલાં મનની અકલથી તારી નજદીકનો થઇ શકે છે.

[ગાથા બા માએની, સ૦ ૧૭૨.

બહમન મહિનો—અર્દીબહેસ્ત રોજ.

અવસ્તા.

વોહૂ ગઇંદી મનંઘ્હા દાઇદી અષા દાઓ દરેગાય.

[ય૦ હા ૨૮ ફ૦ ૬.

આદિમ્ ફ્રઓમિ અષેમ વહિસ્તેમ......યિમ્ પાઇતિ મઝ્દાઓ હુમતાઇશ, ઇમ્ પાઇતિ મઝ-દાઓ હૂખ્તાઇશ, ઇમ્ પાઇતિ મઝ્દાઓ હ્વર્શ્તાઇશ. દ્રઓધો-વાખ્શ-દ્રઓજિસ્ત જઇન્તિ.

[અર્દીબેહેસ્ત યશ્ત, ફ૦ ૩, અને ૧૨.

અર્થ.

રાસ્તીને માટે બક્ષેશ કરનાર હે સાહેબ! તું અમારી મદદે આવ, અને ભલાં મનની મારફતે અમોને લાંબી જીંદગી બક્ષ!

[ગાથા બા માએની, સ૦ ૭.

સર્વથી સરસ રાસ્તી હું પસંદ કરૂં છું.... જેનું દાદાર હોરમજદ નેક વિચારોથી, નેક સખુનોથી અને નેક કામોથી પોષણ કરેછે.

તે (યાને સૌથી ઉત્તમ સચાઇ) જુઠા સખુન બોલનારા ઘણાજ જુઠાને મારે છે.

[ખોરદે અવસ્તા બા માએની, સ૦ ૧૯૧. ૧૯૬.

અહમન મહિનો—શેહેરેવર રોજ.

અવસ્તા.

રેફેથ્રાઇ વોઉરૂચષાને દોઈથ્રી મોઇ યા-વે અષિઋા,
તા ખ્ષથ્રહ્યા અહુરા યા વંઘુહેઉશ અષિશ મનંગ્હો.

[ઈઝઆ, હા ૩૩, ફ૦ ૧૩.

અર્થ.

અએ હોરમજદ! મારી ખુશહાલીને માટે, તથા પુરતી રીતે દીનનો એલમ હાંસેલ કરવાને માટે, હકુમતની તથા ભલાં મનની જે આશીર્વાદ પામેલી બખ્શેશો છે તે ખચીત કરીને તું મને આપ.

[ગાથા બા માઅનેની, સ૦ ૮૦.

અહમન મહિનો—અસ્પંદાદ રોજ.

અવસ્તા.

............મોઇ દાઓ આર્મઇતી
રાયો અષિશ વંઘ્હુહિશ ગએમ મનંઘ્હો.

[ઇજ્૦, હા ૪૩, ફ૦ ૧.

અર્થ.

અએ હોરમજ્દ ! મારી સંપૂર્ણ મનસ્નીને લીધે તું મને સંપત્તિ, નેક આશિર્વાદ તથા ભલાં મનની જીંદગી બક્ષ !

[ગાથ બા માઍની, સ૦ ૯૯.

બહમન મહિનો—ખોરદાદ રોજ.

અવસ્તા.

વંધ્રુહી આદા ગઇદી મોઇ આ-ઓઇ અરપા.

[ઇજ૦, હા ૪૯, ક૦ ૧.

જસ મે અવંધ્રુહે મજદ !
જસ મે અવંધ્રુહે મજદ !
જસ મે અવંધ્રુહે મજદ !

અર્થ.

અએ હોરમજદ ! મારાં સંકટની વેળા મને મદદ આપવા થકી તારી બંલી બખ્શેશ સાથે તું આવ.

[ગાથા બા માએની, સ૦ ૧૮૧.

અએ સર્વજ્ઞાની સાહેબ ! તુ મારી મદદે આવી પહોંચ !

[ખો૦ અ૧૦ બા માએની, સ૦ ૧૯.

બહુમન મહિનો—અમરદાદ રોજ.

અવસ્તા.

તાચા સ્પેન્તા મઈન્યૂ મઝદા અહુરા.
અષાઉને ઓઇશ્ યા -ચી ચીચા વહિસ્તા;
હનરે થ્વહ્માત્ જઓષાત્ દ્રેગ્વાઓ બખ્ષઇતી,
અહ્યા શ્યઓથનાઇશ્ અકાત્ આષ્યાંસ્ મનંઘ્રહો.

[ઈજ૦, હા ૪૭, ૨૦ ૫.

અર્થ.

અએ આબાદી કરનાર અણદીઠ હોરમજદ ! રાસ્ત માણસને માટે જે કાંઇ સર્વોત્તમ છે તે (યાને આ દુનિયાનું સુખ તથા પેલી દુનિયાનું બહેસ્ત) તું બચીત આપે છે; પણ પાપી માણસ પોતાનાં દુષ્ટ કામોને લીધે તારા પ્યારથી દૂર રહીને પોતાનો હિસ્સો (યાને કરણીનું ફળ) મેળવે છે, તથા બુરી મનસ્નીની સાથે રહેનારો થાયછે.

[ગાથા બા માએની, સ૦ ૧૬૮.

બહુમન મહિનો—દેપાદર રોજ.

અવસ્તા.

અત્યા ઇ-તોઇ મનંઘૂહા મઇન્યુશ
 વંઘૂહુશ વીસ્પાદાતા
સ્પેન્તઘ્યાચા નેરેશ બ્યઓથના
 એશા ઉર્વા અષા હચઇતે.

[ઇજ૦, હા ૩૪, ફ૦ ૨.

અર્થ.

અએ હોરમજદ ! જે સઘળું અંતઃકરણથી તને અર્પણ કરવામાં આવ્યુંછે તે, દુનિયાની આબાદી કરનાર માણસ કે જેનું રવાન રાસ્તીની પુઠે ચાલેછે, તેનાં નેક વિચાર અને નેક કામો છે.

[ગાથા બા માએની, સ૦ ૮૩.

બહુમન મહિનો—આદર રોજ.

અવસ્તા.

સ્વહ્યા ગરેમા આથ્રો અષા-અઓજંઘ્‌હો
હ્યત્ ઓઇ વંઘ્‌હેઉશ હજે જિમત્ મનંઘ્‌હો,

[ઇજ૦, હા ૪૩. ફ૦ ૪.

અર્થ

અએ હોરમઝ્દ ! અશોઈનું કુવત રાખનારા તારા આતશના પ્રતાપથી ભલાં મનનું કુવત મને મળો !

[ગાથા બા માઅ્નેી, સ૦ ૧૦૧.

બહુમન મહિનો—આવાં રોજ.

અવસ્તા.

હુમેમ્ હત્ વહિસ્તા ચીત્ યે ઉષુરૂયે સ્યસ્ચીત્
દહ્મા.

[[ઈજ૦, હા ૩૧, ફ૦ ૧૬.

અર્થ.

ઘણી હુશિયારીથી આપેલી દીનદાર માણ-
સની ધર્મ સંબંધી કેળવણી બધી રીતે સૌથી
સરસ ચીજ છે.

[ગાથા બા માઅની, સ૦ ૬૭.

બહમન મહિનો—ખોરશેદ રોજ.

અવસ્તા.

પેરેસા અવત્ યથા થ્વા યે હુદાનુશ દે મનશ્ચ
ખ્શથ્રેમ
ખ્શોઇથ્રહ્યા વા દખ્યેઉશ વા અષા ફ્રદથાઇ
અસ્પેરેજતા
થ્વાવાંસ મજદા અહુરા યદા થ્વા અંગ્રહત યા
બ્યઓથનસ્ચા.

[ઈજ૦ હા ૩૧, ફ૦ ૧૬.

અર્થ.

અએ હોરમજદ! જે સારી દાનેશવાળા શખ્સે રાસ્ત કામોથી પોતાનાં ઘેરની, શેહેરની અથવા દેશની સત્તાને વધારવાને માટે કોશેશ કીધી હોય, તે પોતે કેવો ગણાય, તે પોતે તારી સંક્નો કયારે થાય, તથા તેનાં કામો કેવાં હોવાં જોઇયે, તે બાબે હું તને પુછું છું તેનો તું મને ખોલાસો કર.

[ગાથા બા માએની, સ૦ ૪૫-૪૬.

બહુમન મહિનો—મોહોર રોજ.

અવસ્તા.

આઅત યત માઓંઘ્રહે રઓખ્શ્ન તાપ-યેઇંતિ મિશ્તિ ઉર્વરનાંમ્ જઇરિ-ગઓનનાંમ્ જરેમએમ પઇતિ જમાત ઉજ્જુખ્શ્યેઇતિ.

[માહબોખ્તાર નિયાએશ.

અર્થ.

જ્યારે માહતાબની રોશની પ્રકાશેછે ત્યારે લીલા રંગના ઝાડોના પીલા જમીન ઉપર દવની મારફતે ફુટે છે.

[ખોરદેહ અવસ્તા બા માએની, સ૦ ૭૭.

બહમન મહિનો—તીર રોજ.

અવસ્તા.

તિસ્ત્રીમ્ સ્તારેમ્ રએવન્તેમ્ ખરેનંઘુહન્તેમ્ યજમઇદે, થમનંઘુહન્તેમ્ વરેચંઘુહન્તેમ્, યઓખ્ષ્તવન્તેમ્, ખ્ષયમ્નેમ્, ઇસાનેમ્, હજંગ્રાઇ અયસનાંમ્ યો દધાઇતિ કુખ્ષ્નવાનાઇ, પોઉરુશ અયસાઓ જઇધ્યન્તાઇ અજધ્યમ્નાઇ મધ્યાઇ.

[તીર યશ્ત, ક૦ ૪.

અર્થ.

ચળકાટવાળા, ખોરહેવાળા, તનદુરસ્તી આપનાર, દબદબાવાળા, જોરેમંદ, હુકુમત ચલાવનાર, તથા હજાર બખ્શેશની ઉપર સાહેબી ભોગવનાર તેસ્તર સેતારાને અમો યાદ કરિયે છિયે, કે જે પોતાને ખુશી કરનાર શખ્સને તે માંગે યા નહિ માગે તોપણ પુષ્કળ બખ્શેશ આપેછે.

[ખોર૦ અવ૦ બા માઅની, સ૦ ૨૪૨.

બહુમન મહિનો—ગોશ રોજ.

અવસ્તા.

તા વંઘહુઉશ સરે ઇજ્યા મનંઘ્હો,
અંતરે વીસ્પેંગ દ્રેગ્વતો હખ્મેંગ અંતરે-મ્રૂયે.

[ઈજ૦, હા ૪૯, ફ૦ ૩.

અર્થ.

ભલાં મનની સરદારીને હું પસંદ કરૂં છું; બુરા માણસના તમામ સોહબતીઓને ધિકારીને હું રદ કરૂં છું.

[ગાથા બા માઍની, સરે ૧૮૩.

બહમન મહિનો—દેપમેહેર રોજ.

અવસ્તા.

અષ વહિસ્ત અષ સ્રએસ્ત દરેસામ થ્વા પઇરિ થ્વા જમ્યામ હમેમ થ્વા હખ્મ.

|ઇજ૦. હા ૬૦, ફ૦ ૧૨.

અર્થ.

અએ હોરમજદ! સૌથી સરસ અશોઇની મારફતે તથા શ્રેષ્ટ રાસ્તીની મારફતે અમો તને જોઇયે, તારી આસપાસ આવિયે, અને તારી હમેશની દોસ્તીને પહોંચિયે!

[ઇજ૦ તથા વીસ૦ નો તરજુમો, સ૦ ૧૪૬.

બહમન મહિનો—મેહર રોજ.

અવસ્તા.

મિથ્રેમ્ વોઉરૂ-ગઓયઓઇતીમ્ યજમઇદે... હકત્ વીસ્પાઓ અઇપિ-કેરેન્તઇતિ, યા હકત્ અસ્તેસ્ચ વરેસેસ્ચ મસ્તરેગ્નસ્ચ વોહુનિસ્ચ જેમાઘ હાંમ-રએથ્વયેઇતિ મિથ્રો-દ્રુજાંમ મષ્યાનાંમ્.

[મેહર યશ્ત, ફ૦ ૭૦, ૭૨.

અર્થ.

સૃષ્ટિની હકુમત ધરાવનાર મેહર ઇજદને અમો યાદ કરિયે છિયે ...... કેજે કોલ તોડનારાં માણસોના તમામ અવયવોને એકદમ કાપી નાખેછે, અને તેઓનાં હાડકાં, બાલ, ભેજાં તથા લોહીને જમીનની ધુળ સાથ મેળવી દે છે.

[યશ્ત બા માએની, સ૦ ૯૯.

બહમન મહિનો—સરોશ રોજ.

અવસ્તા.

અષાનો દરેગો-જ્યાઇતીમ્ આખ્યથ્રેમ વંઘુહેઉશ
મનંઘુહો
અષાત્ આ એરેજાૂશ પથો યએનુ મઝ્દાઓ
અહુરો ષએતી.

[ઈજ૦, હા ૩૩, ક૦ ૫.

અર્થ.

અએ સાહેબ! નેક મનસ્નીનાં રાજ્યમાં લાંબી જીંદગી તું અમોને હાંસેલ કરાવ, અને જે રાસ્ત માર્ગમાં તું હોરમજ્દ રહે છે તે તર્ફ અમારી રાસ્તીને લીધે તું અમોને પહોંચાડ.

[ગાથા બા માએની, સ૦ ૭૨-૯૩.

બહમનં મહિનો—૨૨ને રોજ.

અવસ્તા.

ફ્શૂમાઓ અસ્તી અષવ વેરેથ્રજાઓ વહિસ્તો...
હુચાના ફ્શૂમાઓ નિશંધૂહરેતૂ હે અઇબ્યાખ્ત્ર-
યતૂ હદા અષાચા વાસ્ત્રાચા ફ્રારાઇતિચા વીદિષ્યાચ
અઇનિતિચ આથ્રાચ અહુરહે મજ્દાઓ.

[ઈજ૦, હા ૫૮, ફ૦ ૪.

અર્થ.

રાસ્ત માણુસ દુનિયાની આબાદી કરનાર, ફતેહમંદ અને સર્વોત્તમ છે....વળી તે માણુસ અશોઈથી, ઉદ્યોગથી, સખાવતથી, જ્ઞાનથી તથા હોરમજદના આતશથી આબાદીનો હમેશાં બચાવ તથા સંભાળ કરશે.

[ઈજ૦ તથા વીસ૦ નો તરજુમો, સ૦ ૧૪૦.

બહુમન મહિનો—ફરવરદીન રોજ.

અવસ્તા.

આદખ્યુનાંમ્ચ અષઓનાંમ્ ફ્રવષયો યજ-મઇદે; ઉઝદખ્યુનાંમ્ચ અષઓનાંમ્ ફ્રવષયો યજમઇદે; નરાંમ્ચ અષઓનાંમ્ ફ્રવષયો યજ-મઇદે; નાઇરિનાંમ્ચ અષઓનિનાંમ્ ફ્રવષયો યજમઇદે.

[વીસ્પરદ, હા ૧૬, ફ૦ ૨.

અર્થ.

આ દેશનાં અશો લોકોનાં ફ્રોહરોને અમો યાદ કરિયે છિયે; પારકા દેશનાં અશો લોકોના ફ્રોહરોને અમો યાદ કરિયે છિયે. અશો મર્દોના ફ્રોહરોને અમો યાદ કરિયે છિયે; અશો ઓર-તોનાં ફ્રોહરોને અમો યાદ કરિયે છિયે.

[ઈજ૦ તથા વીસ૦ નો તરજુમો, સ૦ ૨૧૧.

બહમન મહિનો—બેહરામ રોજ.

અવસ્તા.

દાતા અંઘ્રહેઉશ અરેદત્ વોહૂ મનંઘ્રહા
હઈથ્યાવરેશ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રરષોતેમેમ્.

[યશ્ન૦, હા ૫૦, ક૦ ૧૧.

અર્થ.

રાસ્તીનાં કામ કરનારાઓની ખાહેશ જે સૌથી ચઢતે દરજજેની હોય છે તે દુનિયાનો પેદા કરનાર તે ખાહેશ કરનારાઓની નેક મનસ્નીને લીધે પાર પાડે છે.

[ગાથા બા માએની, સ૦ ૧૯૯૮.

બહમન મહિનો—રામ રોજ.

અવસ્તા.

નિપાયોઇશ મ્નીમ્ ઉર્વથેમ્ યવએતાઇતે જરથુસ્ત્ર! અઉર્વથાત્ પરો દુશ્મઇન્યઓત્; મા તેમ્ ઉર્વથેમ્ ફ્રાયવયોઇશ સ્નથાઇ; મા દુઝ્બેરે-તેએ જયાનાંમ્ અપયતેએ; મા યસોઇશ અઓમ્ નરેમ્ દાદ્ધ્તીમ્.

[હોરમઝ્દ યશ્ત, ક૦ ૨૪.

અર્થ.

અએ જરતોસ્ત! તારી સાથે દોસ્તી ધરાવનાર માણસને ખરાબ વિચારવાળા દુશ્મનથી તારે હમેશાં બચાવવો જોઇયે. તે દોસ્તને તેના દુશ્મનની ખરાબીમાં તું વધારે વાર રહેવા દેતો ના; તેને નુકસાન થવા દેતો ના, તેને ખરાબી પહોં-ચવા દેતો ના; દીનદાર માણસને તું દુઃખમાં લાવતો ના.

[ખોર૦ અ૧૦ બા માઅની, સ૦ ૧૬૦.

અહમન મહિનો—ગોવાદ રોજ.

અવસ્તા.

યાંમ્ અપર વંધ્રિમ અષ્યાંમ્ વએધ, તાંમ્ દ્વાઓ; એવીધ્વાએ મા અપએમ પઉર્વાવયોઇત મા મનંધ્રુહ મા વચંધ્રુહ મા ષ્યઓથ્નમા અધ કુથચિન પઇતિ જિમે.

[વીસ્પરદ, કર ૨૨, ફ૦ ૨.

અર્થ.

રાસ્ત માણુસ ભલી અશોઇ બાએ સમજેછે, પણ દુષ્ટ માણુસ તેથી બેખબર હોયછે. અમો તે દુષ્ટ માણુસની સંગત કરીશું નહિ; અને તે બદ પોતાના વિચારથી, સખુનથી, કામથી અથવા ચાલચલણથી કોઇબી રીતે અમારી ઉપર સરસાઇ ભોગવશે નહિ.

[ઈજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૨૧૭.

બહુમન મહિનો—દેપદીન રોજ.

અવસ્તા—યે વે સ્તઓતાઇશ મઝદા ફ્રિનાઇ,
અહુરા! અવત્ યાસાંસ્ ક્ષ્વત્ વે ઇરતાં વહિસ્તેમ્.
(ઈજ૦, હા ૪૯, ક૦ ૧૨.

તા નો દાતા તા એરેઝવાન ફ્રવઓચામ ફ્રચવચો........સઓષ્યન્તો ખુયમ વેરેથ્રાજનો, ખુયમ અહુરહે મઝદાઓ ફ્રય વાજિસ્ત અસ્તયો યોઇ નરો અષવનો હુમતાઇશ મઈનિમ્ન હુખ્તાઈશ ત્રવતો હ્વરસ્તાઇશ વેરેઝ્યંતો. [ઈજ૦, હા ૭૦, ક૦ ૨ તથા ૪.

અર્થ—અએ હોરમઝદ! તારી મર્ઝી મુજબ ચાલીને જે કાંઇ સૌથી સરસ છે તેનો હું તલબગાર થઇશ; અને કીર્તિનાં ગાયનોથી તને વખાણીશ.
(ગાથા બા માઅની, સ૦ ૧૯૦.

અય સાહેબ! અમો જાહેર કરિયે છિયે, તથા હું પોતે પણ જાહેર કરૂં છું કે તમારી તે સચાઇ અમોને આપો........કે જેથી કરીને ફતેહમંદ દુનિયાને ફાયદો કરનારા અમો થઇયે, અને નેક વિચાર વિચારનારા, નેક સખુન બોલનારા તથા નેક કામ કરનારા રાસ્ત માણસોની માફક તું હોરમઝદના પ્યારા અને સૌથી ચાલાક જીંદગી ગુજારનારા અમો થઇયે. [ઈજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૧૬૯-૭૦.

બહમન મહિનો—દીન રોજ.

અવસ્તા.

યો તત્ ના ..... અહ્માઇં દઝ્દે,
દએનયા વએદેમ્નો, યે અહૂમ્ હેપસાંસ અઇબી
મજ્દાઓ દાતા અ્રઓત્ ગયેહ્યા બ્યઓથનાઇશ વહ્યો.

[ઈજ૦ હા ૫૧, ફ૦ ૧૯.

અર્થ.

જે કોઇ દીનની મારફતે ભણેલો થઇને, દુનિયાના લોકો ઉપર પોતાની મોહબત બતલાવીને, તથા પોતાની જીંદગીનાં કામોથી વધારે નેકીવાળો થઇને હોરમજદના કાયદાને જાહેર કરેછે, તે શખ્સ પોતે અમારી સંફનો અને અમારા કામનો મદદગાર ગણાયછે.

[ગાથા બા માએની, સ૦ ૨૧૯.

બહુમન મહિનો—અશીશવંઘ રોજ.

અવસ્તા.

હુથ્રા મનાઓ બવત્ યથ્રા ચિસ્તિશ્ અંધ્રહુત્ મએથા

[ઈજ૦ હા ૩૦ ફ૦ ૯.

દામીમ્ યજમઇદે યાંમ્ આર્મઇતીમ્ સ્પે-
-તાંમ્ યેહે દાથ્રે અપહેચ, અપઓનાંમ્ અપ-પઓ-
ઇર્યેનાંમ્ચ દામનાંમ્ .

[હોરમજદ યશ્ત, ફ૦ ૩૨.

અર્થ.

જે તર્ફ ડહાપણ પોતાનો મુકામ કરે તે તર્ફ સારી મનસ્નીવાળો દાનેશમંદ શખ્સ હોયછે.

[ગાથા બા માએની, સ૦ ૩૧.

ડહાપણ, કે જે આબાદી કરનાર સંપૂર્ણ મનસ્ની છે, તેને અમો વખાણિયે છિયે, જેની ઉત્પત્તિ અશોઇની અને અશો લોકો જેઓ રાસ્તીમાં સૌથી સરસ છે તેઓની પેદાયશની છે.

[ખોર૦ અવ૦ બા માએની, સ૦ ૧૬૪.

બહુમન મહિનો—આસ્તાદ રોજ.

અવસ્તા.

સ્તવસ્ અષા યે હુદાઓ યોઇહેન્તિ.

[ઈજ૦ હા ૫૨, ફ૦ ૪.

અષા વંઘૂહેઉશ મનંઘૂહો બ્યઓથના વઓચત

ગરેબાંમ્ હુખ્રતુશ.

[ઈજ૦ હા ૩૪, ફ૦ ૧૦.

અર્થ

જેઓ સારી દાનેશવાળા છે તેઓ રાસ્તીને વખાણનારા છે.

[ઈજ૦ તથા વીસ૦ નો તરજુમો, સ. ૧૨૫.

સારી દાનેશવાળો શખ્સ નેક મનસ્નીનાં કામો એખ્તિયાર કરવાને કહેછે.

[ગાથા બા માઅની, સ૦ ૯૦.

બહુમન મહિનો—આસ્માન રોજ.

અવસ્તા.

કથ દ્રુજેમ નીશ અહ્મત્ આ નીશ-નાષામ નીશ-નાષામ સઓષ્યન્તો દ્રુજેમ્ ? કથ નીશ-નાષામ યથ હીમ્ જનામ ષ્યયમ્ન અષ્યયમ્નાંમ્-વીસ્પાઇશ્ હચ કર્ષ્વાંન યાઇશ હમ હમિસ્તેએ નિઝ્ એરેતેએ વીસ્પયાઓ દ્રવતો સ્તોઇશ ? સ્તવસ્ અષા-ચે હુદાઓ ચોઇ હેન્તી. [ઈજ્ન૦, હા ૬૧, ફ૦ ૫.

અર્થ.

અય દાદારં ! દુનિયાને ફાયદો કરનારા થઇને અમો કેવી રીતે અહીંથી દરૂજ યાને જુઠાઇનો તદન નાશ કરિયે ? જે પ્રમાણે શકિતવાળા માણસો વગર શક્તિવાળા ઉપર ફાવે તે પ્રમાણે દુરવંદની દરેક પેદાયશની સામે થવા તથા તેને બાહેર કહાડી નાખવા માટે તમામ હફ્ત કેસ્વર જમીન ઉપરથી તે જુઠાઇનો અમો કેમ નાશ કરિયે અને તેને કેવી રીતે મારી નાખિયે ? જેઓ સારી દાનેશવાળા છે તેઓ તો રાસ્તીને વખાણનારા હોય છે. [ઈજ્ન૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૧૪૮–૪૯.

બહુમન મહિનો—જમ્યાદ રોજ.

અવસ્તા.

ફ્રિથ સ્પેન્ત આર્મઇતે ફ્રચ ૫વ વીચ
નેમંવ્રહ બરેથ્રે પસ્વાંમ્ચ સ્તઓરનાંમ્ચ મષ્યાનાંમ્ચ

[વંદી૦, ૫રગ૦ ૨, ફ૦ ૧૦.

અર્થ.

અએ પશુઓની, તથા ઢોરોની, તથા માણુસોની માતા! અએ તું પ્યારી, આબાદી કરનારી જમીન! મારી નમાજની લંબાઇમાં અને પહોળાઇમાં તું વધ!

[વંદીદાદનો તરજુમો, સ૦ ૬૫.

બહમન મહિનો—મારેસ્પંદ રોજ.

અવસ્તા.

તત્ થ્વા પેરેસા એરેશ-મોઇ વઓચા, અહુરા!
કુથા અષાઇ દ્રુજેમ્ ધાંત્ જસ્તયો,
ની હીમ્ મેરાંઝ્દ્યાઇ થ્વહ્યા માંથ્રાઇશ સેંગહ્યા,
એમવઇતીમ્ સિનાંમ્ દાવોઇ દ્રેગ્વસૂ,
આઇશ દ્રૂષ્પેંગ મજદા અનાશો આંસ્તાંસ્ચા?

[ઇજ૦ હા ૪૪, ફ૦ ૧૪.

અર્થ.

અએ હોરમજદ! જે હું તને પુછું તેનો તું મને ખરો જવાબ દેજે કે—તારા કલામનાં મંત્રોથી જુદાઇને તોડવા માટે, દુષ્ટ માણસોમાં મોટી પાયેમાલી કરવા માટે, તેઓમાં કાવત્રાં અને દગાબાજીને નહિ ફેલાવા દેવા માટે, સચાઇના હાથમાં જુદાઇને હું કેવી રીતે આપું?

[ગાથા બા માએની, સ૦ ૧૨૪—૨૫.

બહુમન મહિનો—અનેરાન રોજ.

અવસ્તા.

આર્મતોઇશ્ નઃ સ્પેન્તો હ્વૉ ચિસ્તી ઉખ્ધા-દંશ્ શ્યઓથના. [ઇજ૰ હા ૫૧, ફ૦ ૨૧.

ઉસ્ત, નરેમ્ અષવનેમ્ યજમઇદે !......
ઉસ્તતાતેમ્ચ નઇરે અષઓનૂ યજમઇદે !......
ઉસ્તતાઇત્યચ વીસ્પેમ્ અષવનેમ્ હુન્તેમ્ચ બવ-ન્તેમ્ચ બુષ્યન્તેમ્ચ. [વીસ્પરદ, ક૦ ૧૮, ફ૦ ૧૨.

અર્થ.

સંપૂર્ણ મનસ્નીનો માણસ પોતે પોતાનાં ડહાપણ, સારા સખુન તથા નેક કામથી દુનિયાની આબાદી કરે છે. [ગાથા બા માએની, સ૦ ૨૨૧.

ધન્ય ! અશો નરને અમો યાદ કરિયે છિયે... અશો નરને માટે અમો સુખાકારી ઇછિયે છિયે...... જે અશો માણુસ હમણા હયાત છે, જે આગળ હયાત હતો, તથા જે હવે પછી હયાતી ભોગવશે તે દરેકને બહેસ્તનું સુખ અમો ઇછિયે છિયે. [ઇજ૰ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૨૧૨.

અરદીબહેસ્ત મહિનો—હોરમજદ રોજ.

અવસ્તા.

વીસ્પાઓ-સ્તોઇ હુજીતયો યાઓ -જી
આઓંઘ્રહરે યાઓસ્ચા હેન્તી,
યાઓસ્ચા મજદા બવઇન્તી,
થ્વહ્મી હીશ્ જઓષે આબખ્ષોહ્વા;
વોહૂ ઉખ્ષ્યા મનંઘ્હા ખ્ષથ્રા
અષાચા ઉસ્તા તનૂમ્.

[ઈજ૦ હા ૩૩, ક૦ ૧૦.

અર્થ.

જીંદગીની તમામ સુખી હાલતો, જે આગળ ભોગવવામાં આવી હતી, તથા જે હાલ ભોગવવામાં આવે છે, અને જે હવે પછી ભોગવવામાં આવશે તે, અએ હોરમજદ! મારા તર્ફની તારી મોહબત દાખલ ખચીત તું મને બક્ષ; તથા નેક મનશ્ની, રાસ્તી, કુવત અને આબાદાનીથી મારાં તનને તું મજબુત કર.

[ગાથા બા માઅની, સ૦ ७७—७८.

અસ્પંદાદ મહિનો—બહુમન રોજ.

અવસ્તા.

તાઇશ વાઓ યસ્નાઇશ પઇતી સ્તવસ્ અયેની,
મઝ્દા અપા વંધૂહેકુશ્ બ્યઓથનાઇશ્ મનંધ્હો.

[ઈજી૦ હા ૫૦, ફ. ૯.

અર્થ.

અએ હોરમજદ! હું તારી સ્તુતિ ગાનાર,
આ આરાધનાની મારફતે, રાસ્તીના મારફતે,
વથા નેક મનશ્નીનાં કામોની મારફતે તને પહોચું!

[ગાથા બા માએની, સ૦ ૧૯૭.

અસ્પંદાદ મહિનો—અર્દીબેહેસ્ત રોજ.

અવસ્તા.

હદ્યા નરો અથા જેનયા,
હુજો હચા રાથેમો યે મે સ્પાનુથા ફ્રાઇદીમ્;
હુજો આયેસે હોઇથા તન્વો પરા.

[ઇજ૦ હા ૫૩, ફ૦ ૬.

કુત અપવ મઝ્દ! વનત દ્રવન્તેમ્?
અપવ વનત હુજિમ્, અપવ વનત દ્રવન્તેમ્.

[હોરમજ્દ યશ્ત, ફ૦ ૨૮.

અર્થ.

અએ નર તથા નારીઓ! જુઠાઇના માર્ગને તથા તેના વધારાને ખુલ્લી રીતે તમો બંધ કરજો; જુઠાઇની સંગતથી તમારાં તનનો સંબંધ છોડવજો.

[ગાથા બા માઅ્નેની, સ૦ ૨૩૩.

અય હોરમઝ્દ! શું રાસ્ત માણુસ પાપી માણુસને જેર કરશે?

હા; સાચો માણુસ જુઠાને મારશે; અશો માણુસ પાપીને જેર કરશે.

[ખોરદેહ અવસ્તા બા માઅ્નેની, સ૦ ૧૬૨.

અસ્પંદાદ મહિનો—શેહેરેવર રોજ.

અવસ્તા.

યૂઝેમ અએશ્ઇઅ્યો અહુરા અઓગો દાતા અપા
ખ્પયેઇન્ચા
અવત્ વોહૂ મનંઘ્રૂહા યા હુશેઇતીશ રામાંન્ચા દાત્.
અજેમ્ચીત્ અશ્આ મઝ્દા થ્વાંમ્ મેંઘ્રૂહી પઓઉ-
ર્વીમ્ વએદેમ્.

[ઈજ્ઞ૦, હા ૨૯, ક૦ ૧૦.

અર્થ.

અએ રાસ્ત સાહેબ! જેઓ મારા મદદગારો છે તેઓને તું કુવત તથા સત્તા આપ, કે જેથી તેઓ નેક વિચારની મારફતે દુનિયાનાં લોકોને ખુશહાલી તથા સુખ આપે.

અએ હોરમજદ! તે ખુશહાલી તથા સુખનો પહેલો રાખનાર હું તને ગણું છું.

[ગાથા બા માઅની, સ૦ ૨૧.

અસ્પંદાદ મહિનો—અસ્પંદાદ રોજ.

અવસ્તા—અષેમ ષ્યઓથનાઇશ દેંઆજઇતી આર્મઇતીશ. [ઈજ૦, હા ૪૪, ક૦ ૬.

અધચ ઉઈતિ નાઇરિવઇતે જી તે અહ્માત પોઉરૂમ ફ્ત્રઓમિ...યથ મગવો ફ્વાઘ્નોઇત, વીસાને અહ્માત યથ એવીસાઇ, પુથ્રાને અહ્માત યથ અપુથ્રાઇ, પએતવતો અહ્માત યથ અપએતાઇ. હાઉચ અયાઓ નરાઓ વોહુ મનો જાગેરેબુસ્તરો અંધ્રુહત યો ગેઉશ ઉરૂથ્વરે હાંમ-પાફ્રાઇતિ યથ હાઉ યો નોઇત. [વંદીદાદ, ફરગરદ ૪, ક૦ ૪૭, ૪૮.

અર્થ—સંપૂર્ણ મનસ્ની ભલાં કામોને લીધે અશોઇને વધારે છે. [ગાથા બા માઓની, સ૦ ૧૧૭.

મગવ (કુમારા)ની જીંદગી કરતાં પરણેલાની જીંદગી હું બચીત વધારે પસંદ કરૂંછું; કુટુંબ વગરના કરતાં કુટુંબવાળાને હું વધારે પસંદ કરૂંછું; ફર્જેન્દ વગરનાં કરતાં ફર્જેન્દવાળાને હું વધારે પસંદ કરૂંછું; ફ્રરાખી વગરના કરતાં ફ્રરાખીવાળાને હું વધારે પસંદ કરૂંછું; કારણ કે આ બેમાંનો બીજો માણુસ બનવરોની વૃદ્ધિ સારી રીતે ભરપુર કરેછે, તે ભલી મનસ્ની સંધી લેવાને વધારે શકિતવાન હોય છે. [વંદીદાદનો તરજુમો, સફે ૧૦૨-૩.

અંસ્પંદાદ મહિનો—ખોરદાદ રોજ.

અવસ્તા.

તેમ્ વાઓ અહ્‌મ દ્રેગ્વન્તો બ્યઓથનાઇશ આઇશ દએના નએપત્.

[ઈજ૦ હા ૩૧, ફ૦ ૨૦.

...હઉર્વત અમેરેતાત...રતો મિઝદેમ્ અપાઉનાંમ્ પરો અસ્તિ જસેન્તાંમ્.

[હોરમજદ યશ્ત, ફ૦ ૨૫.

અર્થ.

ઓ પાપી માણુસો ! તમારી બદ દિયાનત તમારાં પોતાનાં કામોને લીધે તમોને તે અંધારી દુનિયામાં લઇ જશે,

[ગાથા બા માઅની, સ૦ ૪૯.

ખોરદાદ તથા અમરદાદ (યાને સુખ તથા અમર્ગી) બીજી હયાતીમાં જનારા અશો લોકોનો બદલો છે.

[ખોર૦ અવ૦ બા માઅની, સ૦ ૧૬૧.

અસ્પંદાદ મહિનો—અમરદાદ રોજ.

અવસ્તા.

નોઇ'ત્ ના પોઉરૂશ્ દ્રેગ્વતો ખ્યાત્ ચિખ્નુશો
અત્ તોઈ વીસ્પેંગ્ અંગ્રેંગ્ અષાઉનો આદરે.

[ઉશ૦, હા ૪૩, ફ૦ ૧૫

અર્થ.

એક સાચો માણુસ પાપી માણસોને રાજી રાખનારો નહિજ થાય, કારણકે તે પાપીઓ સઘળા રાસ્ત માણુસોને નઠારા ગણુતા આવેલા છે.

[ગાથા બા માઈની, સ૦ ૧૧૧.

અરદીબેહેસ્ત મહિનો—દેપાદર રોજ.

અવસ્તા.

કુથ્રા તોઇ અરેદ્રા મજદા યોઇ વંઘ્હેઉશ
દએનો મનંઘ્હો
સેંઘ્હુશ દએનાઓ અસ્પેન્ચીત્ સાદ્રાચીત્
ચખ્રયો ઉશ્રુરૂ ?

[ઇજ० હા ૩૪, ફ. ૭.

અર્થ.

અય હોરમજદ! કયાં છે તારી પરસ્તેશ કરનારા, કે જેઓ નેક મનસ્નીને હૈડે ધરીને દીનનાં ફરમાનોને ખરી દોલત તરીકે ગણે અને તે ફરમાનોને સુખ દુખમાં પુરતી હુશિયારીથી બજા લાવે ?

[ગાથા બા માઅની, સ० ૮૭.

અરદીબેહેસ્ત મહિનો—આદર રોજ.

અવસ્તા.

સઓચે બુયે અહ્‍મ નમાને, મત સઓચે બુયે અહ્‍મ નમાને, રઓચહિ બુયે અહ્‍મ નમાને, વખ્‍શથે બુયે અહ્‍મયે નમાને, દરેઘેમ ચિત, અઇપિ ઝ્રૂવાનેમ, ઉપ સુરાંમ ફ્રશો-કેરેઇતીમ વંઘુહયાઓ સુરયાઓ વંઘુહયાઓ ફ્રશો-કેરેતોઇત.

[ઈજ૦ હા ૬૨, ૬૦ ૩.

અર્થ.

અએ આતશ! લાંબા વકત સુધી, શૂર આપનાર રસ્તાખેજના વકત સુધી, તથા હિમત આપનાર ભલા કેયામતના વકત સુધી, આ ઘરમાં તું બળતો રહેજે! આ ઘરમાં તું હમેશાં બળતો રહેજે! આ ઘરમાં તું વધારામાં રહેજે!

[ઇજ૦ વગા વીસ્પદનો તરજુમો, સ૦ ૧૪૯-૫૦.

અસ્પંદાદ મહિમો—આવાં રોજ.

અવસ્તા.

માઘ નો અહિ ફ્રાધાઇતિ આપો વંઘુહીશ. વહિસ્તાઓ મજદધાતાઓ અપઓનીશ, યેનો અઈરીરિચિનાંમ્ ઇરીરિખ્યાઇતિ ગએથનાંમ્,... ...યેનો અઇરીરિચિનાંમ્ ઇરીરિખ્યાઇતી તનૂનાંમ્.

[આ હાતાંમ્ચનો હા અરદીસુર નિયાએશ.

અર્થ.

હોરમજદનાં પેદા કીધેલાં અમારાં ખુબી-વાળાં સૌથી સરસ નિર્મળ પાણી તે માણસને ફાયદો કરનારાં મા હોતાં, કે જે અમારા ભર-પૂર માલ મિલ્કતને ખાલી કરવા ઇછે છે,...... કે જે અમારાં તનદુરસ્ત તનને ખાલી કરવા ઇછે છે.

[ખોર૦ અ૦ બા માઍની, સ૦ ૮૫

અસ્પંદાદ મહિનો—ખોરશેદ રોજ.

અવસ્તા.

હ્વૅરેચ ખ્શએતહે અઉર્વંત અસ્પહે દાઇથહે અહુરહે મજ્દાઓ.

[ઇન્ટ્રો, કા ૧, ફ૦ ૧૧.

હ્વૅરે રઓચો યજમઇદે; હ્વૅરે-બરેજિસ્તેમ બરેજિમનાંમ યજમઇદે.

[વીસ્પ૦, ક૦ ૧૯, ફ૦ ૨.

અર્થ.

તેજ ઘોડાવાળો ખોરશેદ હોરમજદની આંખ છે.

[ઈન્ટ્રો તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૧૪.

ખોરશેદની રોશનાને અમો વખાણિયે છિયે; ખોરશેદ જે બુલંદમાં સૌથી બુલંદ છે તેને અમો વખાણિયે છિયે.

[તેજ, સ૦ ૨૧૩.

અરદીબેહેશ્ત મહિનો—મોહોર રોજ.

અવસ્તા.

રઓચિનવન્તેમ્ બવાહિ યથ માઓંઘ્રેમ્.

[આફરીને પગામ્બર જરતોશ્ત.

અનાઇશ. આ દુઝ્દવરેષ્નઘ્રો દરેષ્ન્યા હેન્તૂ
જખ્યાચા વીરપાઓંઘ્રો પ્રઓસેન્તાંમ રૂપા
દુખ્ષથ્રાઇશ. જનેરાંમ્ પ્રુતલાંમ્યા રામાંમ્યા
આઇશ દદાતૂ બ્યેઇતિબ્યો વીજિબ્યો

ઇરતૂઇશ. દ્રૂપ્તો ઘ્રા. દરેઝા
મેરથ્યાઉશ મજિસ્તો મોઘુચા અસ્તૂ

અર્થ. [ઇજ્વ હા ૫૭, ફ૦ ૮.

માહતાબના જેવા રોશનીવાળા થજો !

[ખોર૦ અવ૦ બા માએની, સ૦ ૩૮૩.

બુરાં કામ કરનારા શિકસ્ત પામેલા થજો ! તેઓ સઘળા ખિકાર સાથે હસી કહાડેલા તથા વીળાપ કરતા થજો ! સારી હકુમત ધરાવનારાઓથી તેઓ દુખ અને જખમ પામજો ! માણસોનાં રેહાણોમાંથી તથા કુટુંબોમાંથી તેઓ ન્યાત બાહેર થયલા હોજો ! પોતે બે ફાંસાવાળા (હાથે પગે બેડી નખાયલા) થઇને તે બેડીઓને હલાવજો ! સૌથી મોટી મર્કી તેમની ઉપર જલદીથી આવી પડજો !

[માથા બા માએની, સં૦ ૧૩૫—૩૬.

અસ્પંદાદ મહિનો—તીર રોજ.

અવસ્તા.

તિશ્ત્રીએ ૧ રએવાઓ ખરેનંઘુહાઓ અવાંમ્ પઇરિકાંમ્ આદરેજયેઇતિ, બિબ્દાઇશ્ચ, થ્રિબ્દાઇશ્ચ ચતનેમ્નાઇશ્ચ વીસ્પબ્દાઇશ્ચ, માંનયેન્ અહે યથ હજંઘ્રેમ્ નરાંમ્ એઇમ્ નરેમ્ આદરેજયોઇત યોઇ બ્યાંન્ અસ્તિ અઓજંઘહ અઓજિસ્ત.

[તીર યશ્ત, ૬૦ પા.

અર્થ.

જે મિસાલે કુવતમાં ઘણાજ જોરેમંદ હોય એવા હજાર માણસો એક માણસને બાંધી શકે તે મિસાલે ચળકાટવાળો તથા નૂરમંદ તેશ્તર ઈજદ દુજયાઇર્ય[1] નામની પરીને બેવડી અને ત્રેવડી બેડીથી, તથા ફાવી નહિ શકે એવી તમામ બેડીઓથી બાંધે છે.

[ખોરદે અવે બા માઈની, સફે ૨૪૪.

---

૧ દુકાળ અથવા ટીપણીનું વરસ.

અસ્પંદાદ મહિનો—ગોશ રોજ.

અવસ્તા.

ફ્રસ્તુયે હુમતોઇબ્યસ્ચા હૂખ્તોઇબ્યસ્ચા હ્વર્સ્તોઇબ્યસ્ચા માંથ્વોઇબ્યસ્ચા વખેઢ્વોઇબ્યસ્ચા વર્સ્ત્વોઇબ્યસ્ચા; અઇબિ ગઇર્યા દઇથે વીસ્પા હુમ-તાચા હૂખ્તાચા હ્વર્સ્તાચા; પઇતિરિચ્યા દઇથે વીસ્પા દુશ્મતાચા દુઝૂખ્તાચા દુઝ્વર્સ્તાચા.

[ઇજ૦, હા ૧૧. ક૦ ૧૭.

અર્થ.

તમામ નેક વમાસણ, નેક વાણી અને નેક કરણીને મારી મનસ્ની, ગવસ્ની અને કુનસ્નીથી હું વખાણું છું; સઘળા નેક વિચારો, નેક સખુનો અને નેક કામોને હું એખ્તિયાર કરૂં છું; સઘળા બદ વિચારો, બદ સખુનો અને બદ કામોને હું છોડી દઉં છું.

[ઇજ૦ અને વીસ૦ નો તરજુમો, સ૦ ૯૪.

૩૪૫

અસ્પંદાદ મહિનો—દએપમેહેર રોજ.

અવસ્તા.

યજેમ્નાઓંધ્હો નેમંધ્હા મજદાઓ
રફેધ્રેમ્ વગેરે.

[ઈજ૦, હા ૫૧, ૨૦ ગા.

અર્થ.

દાદાર હોરમજદની ખુશહાલીને આતુરતાથી શોધનારા તથા નમ્રતાથી યાદ કરનારા અમો થઈયે !

[ગાથા ઓ માઅની, સ૦ ૨૨૦.

અસ્પંદાદ મહિનો—મેહેર રોજ.

અવસ્તા.

તૂમ્ મએથનહે પાત નિપાત અહિ અહુ-જાંમ્ ; તૂમ્ વરેજાનહે પઇતિ નિશ-હરેત અહિ અહુજાંમ્.....યહિ સોઇરે મિથ્રો-દ્રુજો અઇતિ વીથિશિ જત પઉર્વ મષ્યાકાઓંઘ્હો.

[મેહેર યશ્ત, ક૦ ૮૦.

અર્થ.

અય મેહર ઇઝદ! જુઠું નહિ બોલનારા-ઓનાં મુકામનો તું રક્ષણ કર્ત્તા તથા પાસ્બાની કરનાર છે; જુઠું નહિ બોલનારાઓનાં કારખાનાં-ઓનો તું સંભાળ રાખનાર છે.....તારી હજુરમાં છુપી રીતે કોલ તોડનારા ઘણા માણસો શેકસ્ત પામેલા પડેલા છે.

[યશ્ત બા માઅની. સ૦ ૧૦૪-૫.

અસ્પંદાદ મહિનો—સરોશ રોજ.

અવસ્તા.

વીસ્પ ન્માન સ્રઓષો પાત યજમઇદે,
ગેંગાથ સ્રઓષો અષ્યો ફ્રગો ક્રિતો પઇતિ જન્તો.

[ઈજ૦ હા ૫૭, ફ૦ ૩.

અર્થ.

સરોશ ઈજદથી પાસ્બાની થયલાં તમામ ઘરોને અમો વખાણિયે છિયે, કે જ્યાં અશો સરોશ મિત્રાચારી ભરેલો, ચહવાયલો. તથા માન પામેલો હોયછે.

[ઈજ૦ તથા વીસ૦ નો તરજુમો, સ૦ ૬૩૮.

અસ્પંદાદ મહિનો—૨૭ને રોજ.

અવસ્તા.

*ફ્રઓમિ નરેમ્ અષવનેમ્ અર્થ્ય-વસ્યએમ્.

[ઇજ્ના, હા ૬૦

હુમતનાંમ્ હૂખ્તનાંમ્ હ્વર્શ્તનાંમ્, યદ્યા અન્ય-દ્યા, વેરેજયમ્નાંમ્યા, વાવેરેજનનાંમ્યા, મહી અઇ-બી-જરેતારો નએનએસ્તારો, યથના વોહુનાંમ્ મહી.

[ઇજ્ના હા ૩૫, ફ૦ ૨.

અર્થ.

સાચું કામ કરનારને અશો નર તરીકે હું પસંદ કરૂં છું.

[ઇજ્ના તથા વીસ્પરદનો તરજુમો, સ૦

અહો સાહેબ ! જેમ અમો સારાં માણસોની વખાણ ગાનારા તથા તે વિશે વિચાર કરનારા છિયે, તેમ અમો આ દુનિયાને માટે તથા પેલી દુનિયાને માટે નેક વિચાર, નેક સખુન તથા નેક કામ કરનારાઓની અને કરી જનારાઓની વખાણ ગાનારા તથા તે વિશે વિચાર કરનારા છિયે.

[ઇજ્ના તથા વીસ્પરદનો તરજુમો, સ૦ ૧૬૦.

અસ્પંદાદ મહિનો—ફ્રવરદીન રોજ.

અવસ્તા.

ફ્રેંમ ફ્રવશીમ્ યજમઇદે. [ખોરશેદ નિયાએશ.

પઓઇર્યનાંમ તકએષનાંમ પઓઇર્યનાંમ્ સાસ્નો—ગૂષાંમ, ઋષ આષઓનાંમ્ અષઓનિનાંમ્ચ અહ્મ્ય દઍનામ્ચ બઓધસ્ચ ઉર્વાનેમ્ચ ફ્રવશીમ્ચ યજમઇદે, યોઇ આષાઇ વઓનરે. [ખોરદેહ અવસ્તા.

અર્થ.

પોતાનાં ફ્રરોહરને અમો વખાણિયે છિયે.

[ખોરદેહ અવસ્તા બા માઅેની, સ૦ ૫)

પહેલી દીનવાળા (પોર્યોદકેશી)ઓમાંના તથા પહેલા દીન કબૂલ કરનારાઓમાંના અશો મર્દો તથા ઓરતો, જેઓ રાસ્તીને માટે કુતેહથી લડયાં હતાં, તેઓના જાનને, અંતઃકરણને, બુદ્ધિને રવાનને તથા ફ્રરોહરને આ જગાએ માન સાથ યાદ કરિયે છિયે. [તેજ, સ૦ ૩૬૨-૬૩.

અસ્પંદાદ મહિનો—બેહરામ રોજ.

અવસ્તા.

અત્ વે સ્તઓતા, અઓજાઇ મઝ્દા આઓંઘ્હાચ,
યત્ અષા તવાચા ઇસાઇચા.

[ઇઝ૦, હા, ૫૦, ફ૦ ૧૧.

અર્થ

અય હોરમઝ્દ! જ્યાં સુધી રાસ્તીની મારફતે હું શક્તિ ધરાવું છું તથા તાકત રાખું છું ત્યાં સુધી જેમ પહેલાંથી હું થતો આવેલો છું તેમ તારી કીર્તિ ગાનાર તરીકે હું જાણીતો થઇશ.

[ગાથા બા માઅ્‌નૅ, સ૦ ૧૯૯.

અસ્પંદાર્મદ મહિનો—રામ રોજ.

અવસ્તા.

પેતિર્ આથ્રેમ બવાહિ યથ રામનો ખાસ્ત્રહે.

[આફ્રીનં પેગામ્બર જરથોસ્ત.

રામ ખાસ્તરેમ્ ચંથ્રુહાઓ દંથ્રુહુત્રિશ આફ્રીનામિ. દસ્તરે બઓપજેમ્ આફ્રીનામિ યુખ્માકેમ દક્ષનાંમ્ નરાંમ્ આપઓનાંમ. વીસ્પે આફ્રીનામિ કે અસ્તિ વોહુ આપવ અંતરે જાંમ્ અસ્મનેમ્ચ. હજ઼ંગ્રેમ્ બઓપજનાંમ્ બએવરે બઓપજનાંમ્.

[હંજ૦ હા ૬૮, ફ૦ ૧૫.

અર્થ.

માનો રામ હજદના જેવા પુર સુખવાળા થજો!

[ખોરદેહ અવ૦ બા માઅની, સ૦ ૩૩૧.

આ દેશના રામખાસ્તરને હું વખાણું છું. તમો ભલા તથા અશો નરોની સુખાકારી અને તનદુરસ્તી ઉપર આફ્રીન કરૂં છું. જમીન તથા આસ્માનમાં જે સઘળું ભલુ અને અશો છે તે ઉપર આફ્રીન કરૂંછું. તનદુરસ્તીઓમાંની દશ હજારગણી તનદુરસ્તીઓ તેઓને હોજો! [હંજ તથા વીરપ૦ નો તરજુમો, સ૦ ૧૬૬.

અસ્પંદાદ મહિનો—ગોવાદ રોજ.

અવસ્તા.

.........ગત્ તોઇ વસેમા
અએમ દેરેધાઇ તત્.

[ઈજ૦, હા ૪૩, ફ૦ ૧.

અર્થ.

અએ હોરમજદ ! રાસ્તી પકડી રાખવા માટે તનદુરસ્તી તથા સુખ તારી પાસેથી હું ખચીત માંગુંછું.

[ગાથા બા માએની, સ૦ ૩૮.

અસ્પંદાદ મહિનો—દેપદીન રોજ

અવસ્તા.

વીચિરો અહુરો; અથા ને અંગ્રુહત્ યથા
ફો વસત્.

[યસ્ન હા, ૨૯, ફ૦ ૪.

અર્થ.

હોરમજદ પોતે સારાં નરસાંનો ઇનસાફ કરનાર છે; જેમ તે પોતે ઇચ્છે તેમજ અમોને થજો !

[ગાથા આ માઇની, સ૦ ૧૬.

અસ્પંદાદ મહિનો—દીન રોજ.

અવસ્તા.

માનયેન્ આ સ્પિતમ જરથુસ્ત્ર! અએતેમ્ દાતેમ્ યિમ્ વીદોયૂમ્ જરથુસ્ત્રિ ઉપઇરિ અન્યાઇશ સ્ત્રાઇશ મસનચ વંધૂહનચ સ્રયનચ યથ જયો વોઉરૂકષેમ્ ઉપઇરિ અન્યાઓ આપો;......માનયેન આ સ્પિતમ જરથુસ્ત્ર! અએતેમ દાતેમ્ યિમ્ વીદોયૂમ્ જરથુસ્ત્રિ ઉપઇરિ અન્યાઇશ સ્ત્રાઇશ મસનચ વંધૂહનચ સ્રયનચ યથ ઇમાંમ્ જાંમ્ આચ પઇરિચ બવાવ. [વંદી૦. પરગ૦ ૫, ફ૦ ૨૩—૨૫.

અર્થ.

અએ જરતોસ્ત! જે પ્રમાણે વોરૂકષ દરિયો બીજા દરયાઓ કરતાં વધારે મોટો છે,......જે પ્રમાણે આસ્માન આ જમીનને આસપાસથી ઘેરી લેછે, તેજ પ્રમાણે બીજી દીનોના કરતાં આ દુરવંદીથી વેગળી જરતોસ્તી દીન મોટાઇમાં, ખુબીમાં તથા શોભામાં બચીત વધારે છે. [વંદીદાદનો તરજુમો, સ૦ ૧૧૨—૧૩.

અસ્પંદાદ મહિનો—અશીશવંઘ રોજ.

અવસ્તા.

સ્પેન્તાંમ્ વંઘુહીમ્ વરેને હા મોઇ અસ્તૂ.

[ઇજ૰ હા ૧૨, ફ૰ ૧.

દામીમ્ યજમઇદે યાંમ્ આર્મઇતીમ્ સ્પેન્તાંમ્ યેહે દાથ્રે અષહેચ અપઓનાંમ્ અષ-પઓઇર્યનાંમ્ચ કામનાંમ્.

[વીસ્પરદ, ક૰ ૧૯, ફ૰ ૨.

અર્થ.

ભલાં અને આબાદી વધારનારાં ડહાપણને હું પસંદ કરૂં છું, અને તે ડહાપણ મેળવવાની ઇચ્છા રાખું છું.

[ઇજ૰ તથા વીસ૰ નો તરજુમો, સ૰

ડહાપણને તથા ભલા આબાદી કરનાર વિચારને અમો વખાણિયે છિયે, જેની ઉત્પત્તિ રાસ્તીની, તથા અશો લોકો જેઓ રાસ્તીમાં સૌથી સરસ છે તેઓની પેદાયશની છે.

[ઇજ૰ તથા વીસ્પ૰ નો તરજુમો, સ૰ ૨૩૧.

અસ્પંદાદ મહિનો—આસ્તાદ રોજ.

અવરતા.

વોહૂ ઇધ જરથુસ્ત્ર! હૂંસ્તંમ વ્યઓથનેમ્ વેરેજિમ્નેમ્. [વંદી૦, પરગ૦ ૩, ફ૦ ૪૨.

યો નઇરે નેમંઘ્રુહુન્તે નોઇત્ નેમો પઇતિ બરઇતિ. તાયુશ નેમંઘ્રુહો બવઇતિ હજંઘ્રુષ્ નેમો--બરહે. યત્ વા કસ્ચિકાંમ્ચિન. અએષામ્ચિત્ ઇથ વા અસ્નિ ઇથ વા ખ્ષફ્ને મઐથેમ્નહુ ખાઇ પઇરિ ગેઉર્વયેઇતે. [વંદીદાદ, પરગ૦ ૪, ફ૦ ૧.

અર્થ.

અએ જરતોસ્ત![1] અહીં આ દુનિયામાં નેક કામ કીધેલુંજ ભલું. [વંદીદાદનો તરજુમો, સ૦ ૮૯.

જે કોઇ પોતાની ફર્જ જેના તર્ફે અદા કરવી જોઇએ, (પછી તે ગમે એવો કમીનો હોય,) તેના તર્ફે તે નહિ અદા કરે તો, તે ધણી તે ફર્જ ગોયા તેની કનેથી છીનવી લે છે, અને પોતે ફર્જનો ચોર થાય છે. માણસે રાત દહાડો પોતાની ફર્જ અદા કરવાના કામને વળગી રહેવું જોઇયે. [વંદીદાદનો તરજુમો, સ૦ ૮૯

---

૧ ભણનાર અહીં પોતાનું નામ દે તો લાયક છે.

અસ્પંદાદ મહિનો—આસ્માન રોજ.

અવસ્તા.

સ્રેરેસા ચવત્ યા મઝ્દનિશ્ યે દ્રેગ્વાઇતે ખ્શથ્રમ્
હુનાઇતી
દુશ્ ખ્યઓથનાઇ અહુરા યે નોઇત્ જ્યોતુમ્ હનરે
વીનસ્તી
વાસ્ત્રયેહ્યા અએનંઘહો પસેઉશ્ વીરાચ્યત્યા અદુ-
જ્યન્તો.

[ઇજા., હા ૩૧. ક. ૧૫.

અર્થ.

અગે હોરમજ્દ ! જે શખ્સ દુષ્ટ કામ કરનાર પાપીના હાથમાં સત્તા આપેછે, તથા જે શખ્સ ખેડુતને અને તેનાં ગાય ઢોરને તેમજ કદીએ જુઠું નહિ બોલનાર માણસને દુઃખી કરતો હોવાથી જીવવાને લાયક હોતો નથી, તેવા શખ્સની શિક્ષા બાબે હું તને પુછુંછું કે તેને તે કેવી થવી જોઇયે ?

[માયા બા માઇની, સ૦ ૪૪ ૪૫.

અસ્પંદાહ મહિનો—જમ્યાદ રોજ.

અવસ્તા—અંધહાઓ જેમો યત પથનયાઓ સ્કરે-
નયાઓ દૂરએ પારયાઓ.

[વંદી૦. પરગ૦ ૧૯. ફ૦ ૪.

સ્પેન્તેમ્ અત્ થ્વા મઝ્દા મેંગ્હી અહુરા
હ્યત્ મા વોહૂ પઇરી-જસત્ મનંઘ્હા
પેરેસત્ચા મા; ચિશ્ અહી? કહ્યા અહી?
કુથા અયારે દખ્શારા ફેરસયાઇ દીશા
આઇબી થ્વાહૂ ગએથાહૂ તનુષિચા.

[ઇજ્ઞ૦, હા ૪૩, ફ૦ ૭.

અર્થ—આ જમીન કેજે પહોળી, ગોળ અને પાર કરવાને દૂર પડે તેવી છે. [વંદીદનો તર૦, સ૦ ૩૦૩.

અએ હોરમજદ! જ્યારે તારો પેગામ લાવનાર સરોશ ઇજદ બલી મનસ્નીની મારફતે મારી પાસે આવ્યો અને મને પુછયું કે 'તું કોણ છે? તથા કોણનો સહ્નો તું છે?' ત્યારે અય સાહેબ! મેં તને ખચીત આબાદી કરનાર ગણ્યો. દીનનો એલમ શિખવાને માટે, અય દાદાર! તારા મુલકનાં માણસોનાં દિલમાં જોઇતું અજવાળું તથા તેને લગતી નિશાનીઓ હું કેમ દેખાડીશ?

[ગાથા બા માએની, સ૦ ૧૦૩-૪.

અરસ્પંદાદ મહિનો—મારેસ્પંદ રોજ.

અવસ્તા.

યેંધ્રહે ઉર્વ માંથ્રો સ્પેન્તો. [વંદી૦ ૫૨મ૦ ૧૯, ક૦ ૧૪.
અત્ જી તોઇ વખ્ખ્યા મઝ્દા વીદુષે જીના મ્રુયાત
ખ્યત્ અકોયા દ્રેગ્વાઇતે ઉસ્તા યે અષેમ દાદ્રે.
મ્રા જી માંથ્રા બ્યાતો યે વીદુષે મ્રવઇતી

[હજ૦, હા ૫૧, ક૦ ૮.

અર્થ.

વૃદ્ધિ કરનાર માંથ્ર હોરમજદનું સ્થાન છે.

[વંદી૦ નો તરજુમો. સ૦

અએ હોરમજદ! તારા માંથ્ર લોકોમાં હું ખચીત જાહેર કરીશ, કારણકે દીનદાર માણસે સમજુ શખ્સને જણાવવું જોઇયે કે શેવટે બુરાને માટે શિક્ષા છે, તથા જે કોઇ રાસ્તીને ટેકો આપે છે તેને સુખાકારી છે. વળી જે કોઈ ડાહ્યા માણસને માંથ્રવાણીની ખુબીઓ સમજાવે છે તે પોતે ખચીત ખુશહાલ હોય છે.

[ગાથા બા માએની સ૦ ૨૦૮—૯.

અસ્પંદાદ મહિનો—અનેરાન રોજ.

અવસ્તા.

અત્ તૂ મોઇ દાઇશ અષેમ્ હ્યત્ મા જઓઇ ઓમા આર્મઇતી હચિમ્નો ઇત્ આરેમ્.

[ઈજ૦, હા ૪૩ ફ૦ ૧૦.

ખ્યાત્ યાઇશ હિસ્ચમઇદે અથા વે ઉતા ખ્યામા મજદા અહુરા! અપવનો ઍરેખ્યા ઇ-ષ્તેમ્ રાઇતી. [ઈજ૦, હા, ૪૦ ફ૦ ૪.

અર્થ.

અએ હોરમજદ! તું મને રાસ્તી બખ્શ, કારણ કે તે હું મારે માટે ખચીત માંગુછું, કે જેથી સંપૂર્ણ મનસ્ની મુજબ બરાબર ચાલ-નારો હું થાઉં. [ગાથા બા માઅનિ, સ૦ ૧૦૬.

અએ મહાજ્ઞાની! તારેથી અમો આ માંગિયે છિયે કે અમો રાસ્ત અને ખાલેસ થઇયે, તથા અમારી સખાવતની મારફતે તને પસંદ પડતા થઇયે.

[ઈજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૧૧૯--૨૦.

ગાથા—અહુનવદ.

અવસ્તા.

અએતત્ચ અએષાંમ્ ઉપ્ઘનાંમ્ ઉપ્થોતેમેમ્ યાટ્‌શ યત્ ફ્ચ વઓચે ફ્ચ શ્રુગે ફ્ચ વાખ્થ્યેઇતે. અસ્તિ જી અન આસ્ત્વત્ ઉપ્થ્‌ત યથ યત્ દિત વીસ્પો અંઘ્રુહુશ અસ્ત્વાઓ આસપ્નાત્ સસ્કાંસ દદરાનો ની પઇરિ દરિથ્યાંસ્તાનત્ હસ્થતે.

[ઇજ૦, હા ૧૯, ક૦ ૧૦.

અહુનેમ્ વઇરીમ તનૂમ પાઇતિ. [સરોશ બાજ.

અર્થ.

જે બંદગીઓ મેં કદી પણ કીધી હોય, જે હું હમણાં કરૂં છું, અને જે હવે પછી કરીશ, તે તમામ બંદગીઓમાં હોનવરની (યાને યથા અહુવઇર્યોની) બંદગી ઘણીજ સરસ છે; કારણ કે જેટલી તમામ હાડમદ દુનિયા છે તેટલી એ હોનવરના કલામની તારીફની લિયાકત છે. શિખનાર જો ખંતી રહીને એ બંદગીનો કલામ શિખે તો મોતથી બચે છે.

[ઇજ૦, તથા ઘીરૂપ૦ નો તરજુમો, સ૦ ૯૧.

હોનવર તનને બંચાવે છે.

[ખોરશે૦ અવ૦ બા માઇની, સ૦ ૧૭

ગાથા—ઉશ્તવદ.

અવસ્તા.

અએતત્ચ નો વચો ફ્રાવઓચે સષ્પેન્ચ હિસ્માઇરીમ્ચ યથન કહમાઇચિત હાતાંમ અપાત્ હચ યત્ વહિસ્તાત્..

[ઈન૦, હા ૧૯, ફ૦ ૧૧.

અહુનોવઇર્યો વચાંમ્ વેરેથ્રજાંસ્તેમો. અર્શુ-ખ્દો. વાખ્શ્ યાહિ વેરેથ્રજાંસ્તેમો.

[સરોશ હાદોખ્ત, ફ૦ ૩.

અર્થ.

હોનવરનો કલામ તેની ઉત્તમ અશોઇને લીધે હયાતી ભોગવનારાઓમાંના કોઇનેબી શિખવા તથા યાદ કરવા માટે અમોને જાહેર કરવામાં આવ્યો છે.

[ઈન૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૯૨.

બધી બંદગીઓમાં હોનવરની બંદગી સૌથી ફતેહ આપનારી છે. એ સાચો અને અસરકારક વચન સૌથી સરસ ફતેહ બખ્શનાર છે.

[ખોર૦ અવ૦ બા માઇની, સ૦ ૨૬૫.

ગાથા—સ્પેન્તોમદ.

અવસ્તા.

યસ્ય જરથુસ્ત્ર ! ઇમત્ ઉખ્ધેમ્ વચો ફ્રવઓચાત્, ના વા નાઇરી વા, અષ-સર મનંઘ્ન, અષ-સર વચઘ્ન, અષ-સર શ્યઓથ્ન ....નોઇત્ હિમ્ યત્ અંગ્રહે અયાંન, નોઇત્ અંગ્રહાઓ ખ્ષપો, દ્રવાઓ જરેતો જરનું મનો જજરાનો, અપિષ્ય અવ-સ્પસ્તિચિન અપિ અવ -સ્પષ્નઓત્ ; નોઇત્ ગએહે વઝો-વાંથ્વએહે ત્બઐષો ફ્રાસ્તિચિન ફ્રાષ્નુયાત્.

[સરોશ હાદોખ્ત, ૬૦ ૪.

અર્થ—અએ જરતોસ્ત ! જે કોઇ મર્દ યા ઓરત હોનવરની બંદગીનો કલામ, અતિશય અશોઇવાળાં મને કરીને ભણે......તો તેને તે દહાડે યા તે રાતે કોઇબી દુરવન્દ, જુલમગાર, દુઃખ દેનાર કે ઇજા કરનાર પોતાની બંને આંખોથી નજરે જોઇ શકે નહિ; તેમજ જોરાવર ટોળકીવાળા લુટારાની ખ-રાબી આગળ વધીને તે ભણનારને પહોંચી શકે નહિ.

[ખોરદે અવ૦ બા મ.એની, ૬૦ ૨૬૫—૬૬.

ગાથા—વોહુખશ્થ્ર.

અવસ્તા.

ઇમત્ય, જરથુસ્ત્ર! ઈમત્ ઉખ્ધેમ્ વચો ફ્રસ્રુયાઓ, યત્ આજસાત કેરેસસ્ય ગયોતુસ્ય, ...ન્યાઓન્ચો દએવ, ન્યાઓન્ચો દએવ-યાઝે, જફ્રે અવ-ગેઉર્વયાંન્ અથ રારેષ્યંન્તો.

[સરોશ હાદોખ્ત, ક૦ ૬.

અર્થ.

અએ જરતોશ્ત! આ હોનવર, બંદગીનો એક કલામ, તું એ ભણતો જોઇયે, કે જેથી કરીને જ્યારે દીન દુશ્મનો તથા ચોરોનું ટોળું આવી પહોંચે ....ત્યારે બુરા માણસો (દેવો) નાશ પામનારા થાયછે, દેવપરસ્તો નાશ પામનારા થાયછે, અને એ પ્રમાણે જખમ કરનારાઓના મહોડાં બંધ થઇ જાયછે.

[મિર૦ અબ૦ બા માણેની ર૦ ર૬૭.

આથા—વહિશ્તોઇશ્ત.

અવસ્તા.

યેજિ થ્વા દિદ્વઓષ યેજિ મનંઘહ યેજિ વચંઘહ યેજિ શ્યઓથ્ન યેજિ જઓષ યેજિ અજઓષ આ તે અઘ્રહે ફ્રચ સ્તુયે ની તે વએ-ઘ્વયેમિ યેજિ તે અંઘ્રહે અવા-ઉરૂરઓધ યત્ યસ્ન-હેચ વહ્મહેચ. [ઇજ૦, હા ૧, ક૦ ૨૧.

અર્થ.

અગે દાદાર! અગરજો મેં મારા વિચાર, વચન અને કામ મારફતે મારી રાજીખુશીથી અથવા મારી નામરજીથી મેં તારો ગુનાહ કીધો હોય, અથવા જો તારી બંદગી કરવામાં અને સ્તુતિ ગાવામાં મેં કસુર રાખી હોય, તો તે ગુનાહ અને કસુર કબુલ કરીને અને તે માટે પસ્તાવો કરીને હું તારી ભક્તિ કરૂં છું.

[ઇજ૦ તથા વીસ્પ૦ નો તરજુમો, સ૦ ૨૭[1].

---

૧ ઇબારતમાં કેટલાક ફેરફાર કરવાની અહીં મેં છુટ લીધી છે.

જશન—અવરદાદસાલ ગાહ.

અવસ્તા.

અષઙ્મા યાસા અષીમ્ યાંમ્ ઈશ્યાંમ્ અહુરો મસતા મજદાઓ.

[વંદીદ, ફરગ૦ ૨૦, ક૦ ૧૧.

ક્રતુમ વીસ્પો-વીધ્વાઓંઘ્રહેમ યઝમઇદે, યિમ્ અહુરેમ્ મજદાંમ્.

[વીસ્પરદ, કે૦ ૧૯, ક૦ ૧

અર્થ.

સચાઈની સચાઈ યાને સંપૂર્ણ રાસ્તીને હું શોધું છું, કે જે પસંદ પડતી નેકીને દાદાર હોરમજદે મોટી ગણેલી છે.

[વંદીદાદનો તરજુમો, સ૦ ૩૨૭.

તમામ જાણનારી અકલ જે હોરમજદ પોતે છે તેને અમો યાદ કરિયે છિયે.

[ઇજ૦ તથા વીસ્પરદનો તરજુમો, સ૦ ૨૬૩.

